RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 15 Issue : 383 Dt. 28-07-2026 Page : 08 Price : Rs 3

Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA
Place of Publication and Printing : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT

આમારી Whatsapp Channel માં
જોડાવા માટે નીચે આપેલ QR Code Scan કરો

### કરોડો યુવાનોના ભવિષ્ય સાથે જોડાયેલા

# પરીક્ષા સુધારા બીલ સંસદમાં રજુ

## તમામ પક્ષો બીલ પર ચર્ચા કરવા તૈયાર : બિલ પસાર થઈને કાયદો બનશે તો પેપર લીક અને પરીક્ષામાં ગેરરીતિ આચરતા માફિયાઓ સામે કડક કાર્યવાહી

નવી દિલ્હી, તા.૨૭

દેશના કરોડો વિદ્યાર્થીઓ અને સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરતા યુવાનો માટે એક અત્યંત મહત્વના સમાચાર સામે આવ્યા છે. સંસદમાં છેલ્લા કેટલાક સમયથી ચાલી રહેલો ગતિરોધ આખરે ઉકેલાઈ ગયો છે. લોકસભા અધ્યક્ષ ઓમ બિરલાના સાર્થક પ્રયાસો અને સતત સંવાદને કારણે તમામ રાજકીય પક્ષો મંગળવારથી 'જાહેર પરીક્ષા (અનુચિત સાધનો નિવારણ) સુધારા વિધેયક ૨૦૨૬' પર ગૃહમાં ચર્ચા કરવા માટે સહમત થયા છે.

આ વિધેયક લાવવા પાછળનો મુખ્ય આશય દેશમાં યોજાતી વિવિધ ભરતી અને સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં થતા પેપર લીક, સંગઠિત ચોરી (નકલ), પરીક્ષા માફિયાઓ અને અન્ય ગેરરીતિઓ પર કડકમાં કડક લગામ લગાવવાનો છે.

લોકસભા સ્પીકર ઓમ બિરલાએ તમામ પક્ષોના ફ્લોર લીડર્સ (ગૃહના નેતાઓ) સાથે વિશેષ બેઠક યોજી હતી. આ બેઠકમાં તેમણે આગ્રહપૂર્વક જણાવ્યું હતું કે, આ વિષય માત્ર રાજકારણનો નથી પરંતુ દેશના કરોડો યુવાનોના ભવિષ્ય, તેમની સખત મહેનત અને પરીક્ષા પ્રણાલીની વિશ્વસનીયતા સાથે જોડાયેલો છે. આથી, તમામ પક્ષોએ મતભેદો ભૂલીને આ સંવેદનશીલ મુદ્દા પર સાર્થક ચર્ચા કરવી જરૂરી છે. સ્પીકરની આ પહેલને કારણે વિપક્ષ અને સત્તાપક્ષ વચ્ચે સંમતિ સધાઈ હતી. આ પહેલાં, સોમવારે વિપક્ષી સાંસદોના ભારે હંગામા અને નારેબાજીને કારણે સંસદના બંને ગૃહ (લોકસભા અને રાજ્યસભા)ની કામગીરી મંગળવારે સવારે ૧૧.૦૦ વાગ્યા સુધી સ્થગિત કરવી પડી હતી. વિપક્ષના આ વલણ સામે કેન્દ્રીય મંત્રી કિરેન રિજિજુ અને ભાજપના સાંસદ નિશિકાંત દુબેએ તીખા પ્રહારો કર્યા હતા. તેમણે જણાવ્યું



હતું કે, ''સરકાર વિદ્યાર્થીઓ અને યુવાનોના હિતમાં પેપર લીક કરનારા માફિયાઓ સામે સખતમાં સખત સજાની જોગવાઈ ધરાવતું ઐતિહાસિક બિલ લાવવા માંગે છે, પરંતુ વિપક્ષ આ મહત્વપૂર્ણ મુદ્દે ચર્ચા કરવાથી ભાગી રહ્યો હતો.'' મંગળવારથી શરૂ થનારી ચર્ચા દરમિયાન વિવિધ રાજકીય પક્ષોના સાંસદો આ વિધેયક અંગે પોતાના સૂચનો અને વિચારો રજૂ કરશે. વિપક્ષી નેતાઓની રજૂઆતો અને પ્રશ્નોના આધારે સરકાર તરફથી જવાબ આપવામાં આવશે. ચર્ચા પૂર્ણ થયા બાદ આ મહત્વપૂર્ણ બિલને ગૃહની મંજૂરી માટે મૂકવામાં આવશે. જો આ બિલ પસાર થઈને કાયદાનું રૂપ લેશે, તો પેપર લીક અને પરીક્ષામાં ગેરરીતિ આચરતા માફિયાઓ સામે કડક કાર્યવાહી શક્ય બનશે, જેનાથી દેશના પરિશ્રમી વિદ્યાર્થીઓ માટે ન્યાયી અને પારદર્શક વાતાવરણનું નિર્માણ થશે.

### કેન્દ્ર સરકારે RBIના પ્રસ્તાવને આપી મંજૂરી

# બજારમાં આવશે ૧૦ ૨૦ની પ્લાસ્ટીકની નોટ

નવી દિલ્હી, રાજકોટ

ભારતમાં ટૂંક સમયમાં જ ૧૦ અને ૨૦ રૂપિયાની પ્લાસ્ટિક એટલે કે પોલિમર નોટ જોવા મળી શકે છે.

કેન્દ્ર સરકારે ભારતીય રિઝર્વ બેંક ના એ પ્રસ્તાવને મંજૂરી આપી દીધી છે, જે હેઠળ આ નોટોનું ફિલ્ડ ટ્રાયલ હાથ ધરવામાં આવશે, અને સફળતા મળ્યા બાદ તેને નિયમિત રીતે ચલણમાં મૂકવામાં આવશે. રાજ્ય નાણા મંત્રી પંકજ ચૌધરીએ સોમવારે લોકસભામાં એક પ્રશ્નના લેખિત જવાબમાં આ માહિતી આપી હતી.

તેમણે જણાવ્યું કે, RBI એક્ટ ૧૯૩૪ની કલમ ૨૫ હેઠળ સરકારને ૧૦ અને ૨૦ રૂપિયાના ૧૦૦-૧૦૦ કરોડ પોલિમર નોટોના ફિલ્ડ ટ્રાયલ માટે મંજૂરી માંગતો પ્રસ્તાવ મોકલવામાં આવ્યો હતો, જેને સરકારે સ્વીકારી લીધો છે.

ફિલ્ડ ટ્રાયલ દરમિયાન ૧૦ રૂપિયાના ૧૦૦ કરોડ અને ૨૦ રૂપિયાના ૧૦૦ કરોડ પ્લાસ્ટિક નોટ બહાર પાડવામાં આવશે. આ





પરીક્ષણમાં નોટ કેટલી ટકાવ છે, ભારતના વિવિધ હવામાનમાં તેનો કેવો દેખાવ રહે છે, અને લોકો તેને કેવી રીતે સ્વીકારે છે, તેનું મૂલ્યાંકન કરાશે. નાણા મંત્રાલયે સ્પષ્ટ કર્યું છે કે, હાલમાં કાગળની નોટો અને પોલિમર નોટો બંને સાથે જ ચાલશે, કાગળની નોટો બંધ કરવાનો હાલ કોઈ પ્રસ્તાવ નથી.

પોલિમર નોટોના મુખ્ય ફાયદા જોઈએ તો કાગળની નોટોની સરખામણીએ પ્લાસ્ટિકની નોટો લાંબો સમય ચાલે છે. નોટની આયુષ્ય વધુ હોવાથી તેને વારંવાર છાપવાનો અને જૂની નોટો નષ્ટ કરવાનો ખર્ચ ઘટશે. તેમજ પોલિમર નોટમાં ટ્રાન્સપરન્ટ વિન્ડો અને વિશેષ સિક્યોરિટી ફિચર્સ ઉમેરી શકાય છે, જેનાથી નકલી નોટો બનાવવી અશક્ય બનશે.

### CJPના અલ્ટીમેટમ બાદ કેન્દ્ર સરકાર એક્શનમાં

# શાંતિપૂર્ણ પ્રદર્શનકારીઓ પર કાર્યવાહી ન કરવા રાજ્યોને નિર્દેશ

નવી દિલ્હી, તા.૨૭

NEET પરીક્ષા વિરોધ આંદોલન બાદ વિદ્યાર્થીઓ સામે થઈ રહેલી પોલીસ કાર્યવાહી મામલે દેશનું રાજકારણ ગરમાયું છે. કોકરોચ જનતા પાર્ટી (CJP) દ્વારા આપવામાં આવેલા કડક અલ્ટીમેટમ બાદ કેન્દ્ર સરકારે આ મામલે તાત્કાલિક સંજ્ઞાન લીધું છે. સરકારે સ્પષ્ટ કર્યું છે કે દેશમાં શાંતિપૂર્ણ રીતે વિરોધ પ્રદર્શન કરનારા નાગરિકો કે વિદ્યાર્થીઓ સામે કોઈ પણ પ્રકારની કડક કાર્યવાહી કરવામાં આવશે નહીં.

સૂત્રોના જણાવ્યા અનુસાર, કેન્દ્ર સરકારે તે તમામ રાજ્યો પાસેથી માહિતી અને રિપોર્ટ મંગાવ્યા છે જ્યાં હાલ પ્રદર્શનકારીઓ સામે પોલીસી કાર્યવાહી કરવામાં આવી રહી છે. કેન્દ્રીય ગૃહ મંત્રાલય અને સંબંધિત વિભાગો આ મામલે સ્થિતિ પર નજર રાખી રહ્યા છે. સરકારે તમામ રાજ્ય સરકારો અને પોલીસ પ્રશાસનને સંવેદનશીલતાથી કામ લેવા અને નિયમ મુજબ આગળ વધવા સૂચના આપી છે.

આ સમગ્ર વિવાદની શરૂઆત ત્યારે થઈ જ્યારે ઈઉંડના પ્રવક્તા આશુતોષ રાંકાએ સોશિયલ મીડિયા દ્વારા કેન્દ્રીય મંત્રી જેપી નડ્ડા અને જિતેન્દ્ર સિંહને ટેગ કરીને ગંભીર આરોપો લગાવ્યા. રાંકાએ દાવો કર્યો હતો કે, NEET આંદોલનને સમાપ્ત કરતી વખતે સરકાર અને આંદોલનકારીઓ વચ્ચે જે કરાર અને



પોલીસ પ્રશાસનને સંવેદનશીલતાથી કામ લેવા અને નિયમ મુજબ આગળ વધવા સૂચના

સમજૂતી થઈ હતી, સરકાર હવે તેનો ખુલ્લેઆમ ભંગ કરી રહી છે. CJPનો મુખ્ય આરોપ છે કે, બિહાર અને પશ્ચિમ બંગાળ: અહીં સેંકડો નિર્દોષ વિદ્યાર્થીઓની પોલીસે અટકાયત કરી છે. દિલ્હી અને ઉત્તર પ્રદેશ પોલીસ દ્વારા વિદ્યાર્થીઓ તેમજ તેમને મદદ કરનારા વોલન્ટિયર્સના ઘરે અને સ્થળો પર દરોડા પાડીને તેમને માનસિક રીતે હેરાન કરવામાં આવી રહ્યા છે. કોકરોચ જનતા પાર્ટીએ સરકાર સામે પોતાની આકરા પાણીએ રજૂઆત કરતા માંગણીઓ મૂકી છે જેમાં પ્રદર્શનકારીઓ અને વિદ્યાર્થીઓ સામે નોંધાયેલી તમામ FIR તાત્કાલિક અસરથી પાછી ખેંચવામાં આવે. કસ્ટડીમાં લેવાયેલા તમામ યુવાનો અને વોલન્ટિયર્સને વગર શરતે મુક્ત કરવામાં આવે. આજે મંગળવાર સુધીમાં સરકાર આ અંગે લેખિત કરાર અથવા સત્તાવાર પત્ર સોંપે.CJPએ સરકારને સ્પષ્ટ ચેતવણી આપી છે કે જો મંગળવાર સુધીમાં તેમની આ તમામ માંગણીઓ સંતોષવામાં નહીં આવે, તો તેઓ સમગ્ર દેશમાં ફરી એકવાર ઉગ્ર દેશવ્યાપી આંદોલન શરૂ કરશે. CJPના આ અલ્ટીમેટમ બાદ જ કેન્દ્ર સરકાર હરકતમાં આવી છે અને સ્થિતિને થાળે પાડવાના પ્રયાસો શરૂ કર્યા છે.


# નેપાળે ૨૦૦-૫૦૦ ની ભારતીય નોટો પરનો હટાવ્યો પ્રતિબંધ

**૨૫,૦૦૦ સુધીની નોટો રાખી શકાશે**

નવી દિલ્હી, તા.૨૭

નેપાળ રાષ્ટ્ર બેન્કે ભારતીય ૨૦૦ અને ૫૦૦ની નોટોને માન્યતા આપતો ગેઝેટ બહાર પાડ્યો છે. હવે ભારતીય નાગરિકો નેપાળમાં ૨૫૦૦૦ સુધીની આ નોટો રાખી શકશે. આ નિર્ણયથી પ્રવાસીઓ અને વેપારીઓને લાભ થશે, તેમજ ભારત-નેપાળ અવરજવર સરળ બનશે. નેપાળ ઉપરાંત ભૂતાન, શ્રીલંકા, સિંગાપુર, UAE અને ઈન્ડોનેશિયામાં પણ ભારતીય ચલણ સ્વીકાર્ય છે. નેપાળ ઉપરાંત ભૂતાન, શ્રીલંકા, સિંગાપુર, સંયુક્ત આરબ અમીરાત, અને ઈન્ડોનેશિયામાં પણ ભારતીય ચલણ સ્વીકાર્ય છે. ભારતીય કરન્સીની રૂ. ૨૦૦ અને ૫૦૦ની નોટ હવે નેપાળમાં સ્વીકાર્ય બનશે. નેપાળની બાબેન શાહ સરકારના આદેશથી નેપાળ રાના બેન્કે (એન.આર.બી.એ.) ૧૧મી ફેબ્રુઆરીએ નેપાળમાં રાજપત્ર (ગેઝેટ)માં એક નોટિસ પ્રસિદ્ધ કરી હતી. તે પ્રમાણે ભારતીય નાગરિક હવે પોતાના દેશની રૂ. ૨૦૦ અને ૫૦૦ની નોટ નેપાળમાં ચલાવી શકશે. નેપાળ રાષ્ટ્ર બેન્કના પ્રવક્તા ગુરૂપ્રસાદ પૌડેલના જણાવ્યા પ્રમાણે નેપાળી નાગરિક પણ ભારતીય કરન્સી લઈને નેપાળ આવી શકશે. પરંતુ અન્ય કોઈ ત્રીજા દેશની કરન્સી ચલાવી નહીં લેવાય. નેપાળ સરકારના આદેશ પ્રમાણે ભારતીય તેમજ નેપાળી નાગરિક રૂ. ૨૫,૦૦૦ સુધીની ભારતીય કરન્સી રાખી શકશે. ભારત- નેપાળમાં આવવું જવું સરળ બનશે.

૯ નવે. ૨૦૧૬માં ભારતમાં નોટબંધી કરાઈ હતી તે પછીથી પ્રસિદ્ધ થયેલી નોટો (રૂ. ૨૦૦ અને ૫૦૦ની) નેપાળમાં ચલણમાં રહેશે. ૨૦૧૬ પહેલાની ૫૦૦ અને ૧,૦૦૦ની નોટો પ્રતિબંધિત રહેશે. કારણ કે તે સમયે ભારતે જ તે નોટો પાછી ખેંચી હતી. તેવી જ રીતે તે સમયની રૂ. ૨૦૦ની નોટો પણ પ્રતિબંધિત રહેશે. આ નિયમથી ટુરીસ્ટોને ફાયદો થશે તેમજ વ્યાપાર ક્ષેત્રને પણ ફાયદો થશે. નેપાળમાં ભારતના એક રૂપિયાની વેલ્યુ ૧.૬૦ નેપાળી રૂપિયા બરાબર છે. ૨૦૧૬માં જ્યારે નોટબંધી જાહેર કરાઈ ત્યારે



નેપાળમાં ૯.૪૮ કરોડ રૂપિયાની ભારતીય નોટો ચલણમાં હતી. પરંતુ તે નોટો માત્ર વ્યાપારીઓ વચ્ચે જ ચલણમાં હતી. નાની મોટી લેતી- દેતી માટે તેથી ફાયદો થતો નહીં પરંતુ વ્યાપાર (મોટા વ્યાપાર) ક્ષેત્રે તેથી લાભ થતો હતો. તે સર્વવિદિત છે કે, દર વર્ષે નેપાળમાંથી લાખ્ખો લોકો અભ્યાસ, નોકરી અને વ્યવસાય અર્થે ભારત આવે છે. તેઓને કોઈ સમસ્યા ન થાય તે માટે, નેપાળ સરકારે આ નિર્ણય કર્યો છે. જેથી નેપાળીઓને સરળતા રહે. ઉલ્લેખનીય છે કે, નેપાળ ઉપરાંત ભારતના અન્ય પડોશી દેશો ભૂતાનમાં પણ ભારતીય ચલણ ચાલે છે. તે કાયદેસરનું છે. ભૂતાનની સ્થાનિક કરન્સી 'નુલટ્રમ' અને ભારતીય રૂપિયાની વેલ્યુ થોડીક સરખી છે. ભૂતાનમાં તો મોટા ભાગની લેતી- દેતી તેની કરનસીમાં થાય તે સહજ છે પરંતુ ભારતીય રૂપિયામાં પણ સ્થાનિક લોકો લેતીદેતી કરે છે અને વ્યાપારીઓ ભારતીય રૂપિયો સ્વીકાર્ય પણ ગણે છે. ભારતીય રૂપિયા લઈ ભૂતાનમાં ફરવું આસાન છે. મહત્ત્વની વાત તે છે કે ભારતીય ચલણ નેપાળ અને ભૂતાન ઉપરાંત શ્રીલંકા, સિંગાપુર, સંયુક્ત આરબ અમીરાત અને ઈન્ડોનેશિયામાં પણ સહજ રીતે પ્રચલિત છે. મલેશિયામાં તેના ચલણનું નામ જ 'રૂફીયા' છે તે પણ ઉલ્લેખનીય છે.

# ઈરાન બેઠક માટે કરગરતું હોવાનો ટ્રમ્પનો દાવો



**'અમે તેમની સેના તબાહ કરી દીધી' : અમેરિકી પ્રમુખનું વિવાદાસ્પદ નિવેદન**

નવી દિલ્હી, તા.૨૭

અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાન સામે ચાલતા તણાવ વચ્ચે એક અત્યંત વિવાદાસ્પદ અને મોટું નિવેદન આપ્યું છે. ટ્રમ્પે દાવો કર્યો છે કે અમેરિકાએ ઈરાનની સૈન્ય તાકાતને લગભગ પૂરી રીતે નષ્ટ કરી દીધી છે. તેમણે એવો પણ દાવો કર્યો હતો કે હાલતમાં ઘેરાયેલું ઈરાન હવે અમેરિકા સાથે બેઠક યોજવા અને વાટાઘાટો કરવા માટે આજીજી કરી રહ્યું છે.

સોમવારે મીડિયા સાથેની વાતચીતમાં ટ્રમ્પે ઈરાન પર પ્રહારો કરતા જણાવ્યું હતું કે, ''અમે તેમની મિલિટ્રીને લગભગ ખતમ જ કરી દીધી છે. ઈરાન મધ્યસ્થીઓ દ્વારા તેમજ સીધી રીતે અમારી સાથે બેઠક કરવાની ગુહારો લગાવી રહ્યું છે. અમે પણ તેમને મળી રહ્યા છીએ અને જોઈએ છીએ કે આગળ શું થાય છે, કદાચ કોઈ ડીલ થઈ પણ જાય.''

પોતાના આક્રમક વલણને વાજબી ઠેરવતા ટ્રમ્પે વધુમાં ઉમેર્યું હતું કે, ''જો અમેરિકાની સ્થિતિ નબળી હોત તો ઈરાન ક્યારેય બેઠક માટે વિનંતી ન કરત. ઈરાન આજે આપણી સાથે ચર્ચા કરવા ઈચ્છે છે તેનું એકમાત્ર કારણ એ છે કે અમે તેમના પર ભીષણ પ્રહારો કર્યા છે.''

ઉલ્લેખનીય છે કે, સતત ૧૩ દિવસ સુધી ચાલેલા હુમલાઓ બાદ છેલ્લા બે દિવસથી અમેરિકા તરફથી હુમલા અટક્યા છે. જેના જવાબમાં ઈરાને પણ અખાતી દેશો પર પોતાના પલટાવાર રોકી દીધા છે.

બીજી તરફ, ટ્રમ્પના આ દાવાઓ સામે ઈરાન તરફથી પણ પ્રતિક્રિયા સામે આવી છે. ઈરાનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા ઈસ્માઈલ બઘાઈએ સ્વીકાર્યું હતું કે પાકિસ્તાન અને કતર જેવા મધ્યસ્થ દેશો દ્વારા અમેરિકા સાથે સંદેશાની આપ-લે થઈ રહી છે.

ઓસ્ટ્રિયન બ્રોડકાસ્ટર ORF ને આપેલી મુલાકાતમાં ઈસ્માઈલ બઘાઈએ સ્પષ્ટ કર્યું હતું કે કોઈપણ સાર્થક વાતચીત શરૂ કરવા માટે પહેલા ''યોગ્ય અને સાનુકૂળ માહોલ'' બનવો જરૂરી છે, જેને અમેરિકાએ પોતે જ નષ્ટ કરી દીધો છે. અમેરિકા ઈરાન સાથે થયેલા સમજૂતી કરાર (MoU)ની તમામ શરતોનું ઉલ્લંઘન કરી રહ્યું છે. આ સમયે ઈરાનની પહેલી પ્રાથમિકતા દેશની સાર્વભૌમત્વ અને પ્રાદેશિક અખંડિતતાનું રક્ષણ કરવાની તેમજ પોતાના નાગરિકોને યુદ્ધના જોખમથી બચાવવાની છે.

### સમજૂતી સમયમર્યાદા પર સંકટના વાદળો

અગાઉ ૧૮ જૂને થયેલી સમજૂતી મુજબ અમેરિકા અને ઈરાન વચ્ચે ૬૦ દિવસની અંદર આખરી કરાર પર પહોંચવા માટે વાટાઘાટો થવાની હતી. પરંતુ બંને દેશો દ્વારા એકબીજા પર મૂકવામાં આવી રહેલા આકરા આરોપો અને તણાવપૂર્ણ સ્થિતિને કારણે આ મંત્રણા કોઈ તારણ પર પહોંચશે કે કેમ તે અંગે આશંકા સેવાઈ રહી છે.

# શહેરોમાં ભળવા ગ્રામ પંચાયતોની અરજી ફગાવતી HC



## રાજ્ય સરકારના નિર્ણયને પડકારતી અરજીઓનો સમૂહ ફગાવતી હાઈકોર્ટ

ગાંધીનગર, તા.૨૭

ગોધરા-શહેરા-ડભોઇ-કલોલ-મોડાસા નગરપાલિકા અને ગાંધીધામ-મહેસાણા મહાનગરપાલિકામાં ભળેલી વિવિધ ગ્રામ પંચાયતોને કલમ ૨૪૩ ૧(૨) મુજબ કરેલ કાર્યવાહી યોગ્ય હોવાનું અગત્યનું તારણ

ગુજરાત હાઈકોર્ટે રાજ્યભરમાં અનેક ગ્રામ પંચાયતોને મ્યુનિસિપલ સંસ્થાઓમાં ભેળવવાના રાજ્ય સરકારના નિર્ણયને પડકારતી અરજીઓનો સમૂહ ફગાવી દીધો. તેણે ચુકાદો આપ્યો કે બંધારણની કલમ ૨૪૩ચ(૨) હેઠળ સરકારની કાર્યવાહી મોટાભાગે કાયદાકીય અને નીતિગત કવાયત હતી, અને તેમાં ન્યાયિક હસ્તક્ષેપ માટે મર્યાદિત અવકાશ હતો.

વિવિધ ગ્રામ પંચાયતો દ્વારા દાખલ કરાયેલી અરજીઓમાં ૨૦૨૩ અને ૨૦૨૫ વચ્ચે શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ દ્વારા જારી કરાયેલી સૂચનાઓ પર સવાલ ઉઠાવવામાં આવ્યા હતા, જેમાં વિવિધ ગ્રામ પંચાયતોને ગોધરા, શેહરા, ડભોઇ, કલોલ, મોડાસા જેવી નગરપાલિકાઓ અને ગાંધીધામ અને મહેસાણા મ્યુનિસિપલ કોર્પોરેશનોમાં ભેળવી દેવામાં આવી હતી.

અરજદારોએ દલીલ કરી હતી કે રાજ્ય સરકાર બંધારણની કલમ ૨૪૩ચ(૨) માં સૂચિબદ્ધ બંધારણીય પરિબળો - વસ્તી, ઘનતા, સ્થાનિક વહીવટ માટે આવક, બિન-કૃષિ રોજગાર અને આર્થિક મહત્વ - ને અર્થપૂર્ણ રીતે લાગુ કરવામાં નિષ્ફળ ગઈ છે - દાવો કરે છે કે પ્રક્રિયા યાંત્રિક, મનસ્વી અને સમાન માપદંડો દ્વારા સમર્થિત નથી.

ઘણા અરજદારોએ અર્થપૂર્ણ પરામર્શનો અભાવ, સંમતિ દર્શાવતા વિવાદિત પંચાયત ઠરાવો અને આદિવાસી સુરક્ષા અને જમીન સુરક્ષાને લગતા મુદ્દાઓ ઉઠાવવાનો પણ આરોપ લગાવ્યો હતો.

રાજ્ય સરકારે જણાવ્યું હતું કે કલમ ૨૪૩ચ(૨) સૂચનાઓ કાયદાકીય પાત્ર ધરાવે છે અને તેને સંમતિ, સુનાવણી અથવા ફરજિયાત પરામર્શની જરૂર નથી. તેણે એવી પણ દલીલ કરી હતી કે બંધારણ અથવા તે યોગ્ય લાગે તેવા અન્ય પરિબળો વાક્ય દ્વારા પરિબળોના લવચીક વિચારણાને મંજૂરી આપે છે અને સત્તાવાર ફાઇલોમાં રહેલી સામગ્રીમાં મ્યુનિસિપલ અધિકારીઓ, કલેક્ટરો અને પ્રાદેશિક કમિશનરો તરફથી સંબંધિત ઇનપુટ્સ દર્શાવવામાં આવ્યા છે.

કોર્ટે રેકોર્ડની તપાસ કરી અને કહ્યું કે અંતિમ નિર્ણય લેતા પહેલા મ્યુનિસિપલ મર્યાદાના વિસ્તરણના પ્રસ્તાવ પર વિવિધ વહીવટી સ્તરે વિચારણા કરવામાં આવી હતી. કોર્ટના આદેશમાં જણાવાયુ છે કે, સંબંધિત કલેક્ટરો, મામલતદારો, મુખ્ય અધિકારીઓ, પ્રાદેશિક કમિશનરો, મ્યુનિસિપાલિટીઝના નિયામક અને અન્ય સક્ષમ અધિકારીઓ પાસેથી અહેવાલો અને મંતવ્યો મંગાવવામાં આવ્યા હતા. અધિકારીઓએ તેમની સંબંધિત ભલામણો કરતા પહેલા વસ્તી, વસ્તીની ઘનતા, શહેરીકરણનો વિસ્તાર, અંદાજિત શહેરી વિકાસ, મહેસૂલ ઉત્પાદન, આર્થિક મહત્વ, ભૌગોલિક નિકટતા, નાગરિક માળખાગત સુવિધાઓની ઉપલબ્ધતા અને અન્ય સંબંધિત બંધારણીય પરિબળો સંબંધિત ગામવાર ડેટાની તપાસ કરી છે.

# સાયબર ફ્રોડની ઘરેબેઠા નોંધાવી શકાશે FIR

## નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના હસ્તે 'સાયબર ફાઈનાન્સિયલ ફ્રોડ e-Zero FIR' સેવાનો પ્રારંભ

ગાંધીનગર, તા.૨૭

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના હસ્તે 'સાયબર ફાઈનાન્સિયલ ફ્રોડ e-Zero FIR' સેવાનો પ્રારંભ

સાયબર ફાઈનાન્સિયલ ઠગાઈનો ભોગ બનતા નાગરિકોને ઝડપી, સરળ અને અસરકારક ન્યાય ઉપલબ્ધ કરાવવાના હેતુથી ગુજરાત સરકારે વધુ એક મહત્વપૂર્ણ ડિજિટલ પહેલ શરૂ કરી છે. ગાંધીનગર ખાતેથી નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીના હસ્તે 'સાયબર ફાઈનાન્સિયલ ફ્રોડ e-Zero FIR' સેવાનું વિધિવત લોન્ચિંગ કરવામાં આવ્યું છે.



આ નવી વ્યવસ્થાથી હવે સાયબર છેતરપિંડીનો ભોગ બનેલા નાગરિકોને પ્રાથમિક ફરિયાદ નોંધાવવા માટે પોલીસ સ્ટેશન સુધી જવાની જરૂર રહેશે નહીં. ૧૯૩૦ હેલ્પલાઇન પર ફરિયાદ નોંધાવતાની સાથે જ સંબંધિત કેસની e-Zero FIR આપોઆપ તૈયાર થઈ સંબંધિત પોલીસ સ્ટેશનને મોકલી આપવામાં આવશે, જેથી કાર્યવાહી વધુ ઝડપથી શરૂ થઈ શકશે.

આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર ટેકનોલોજીના ઉપયોગ દ્વારા નાગરિકોને ઝડપી અને પારદર્શક પોલીસ સેવા ઉપલબ્ધ કરાવવા માટે સતત પ્રયાસશીલ છે. 'ય-ણયજ્ઞિ FIR' વ્યવસ્થાથી સાયબર ફ્રોડના પીડિતોને ઘરબેઠાં જ ફરિયાદ નોંધાવવાની સુવિધા મળશે અને સમયસર કાર્યવાહી થવાથી છેતરાયેલી રકમ બચાવવાની શક્યતા પણ વધશે.

આ નવી વ્યવસ્થાના અસરકારક અમલીકરણ માટે રાજ્યના પોલીસ વડા જ્ઞાનેન્દ્રસિંહ મલિકે તમામ ફિલ્ડ યુનિટોને ગંભીરતા અને સંવેદનશીલતા સાથે કામગીરી કરવાની તથા અરજદારોને ઝડપી ન્યાય સુનિશ્ચિત કરવાની સૂચનાઓ આપી છે.

સાયબર સેન્ટર ઓફ એક્સિલેન્સના આઈજીપી બિપિન આહીરેએ જણાવ્યું હતું કે, કેન્દ્રીય ગૃહ મંત્રાલયના ઇન્ડિયન સાયબર ક્રાઈમ કોઓર્ડિનેશન સેન્ટર (I4C) સાથે સંકલન સાધીને ય-ણયજ્ઞિ FIR પ્રક્રિયા અમલમાં મૂકવામાં આવી છે. તેમણે જણાવ્યું કે, ૧૯૩૦ હેલ્પલાઇન પર મળતી સાયબર ફાઈનાન્સિયલ ફ્રોડની ફરિયાદોના આધારે સિસ્ટમ દ્વારા આપોઆપ Zero FIR જનરેટ થશે અને સંબંધિત પોલીસ સ્ટેશનને મોકલાશે. ત્યારબાદ પોલીસ અધિકારીઓ ફરિયાદીનો સંપર્ક કરીને જરૂરી વિગતો મેળવી નિયમ મુજબ FIR નોંધશે અને તાત્કાલિક તપાસ શરૂ કરશે.

# ઘરથાળની જમીન સમથળ કરવાની રકમમાં ચાર ગણો વધારો

ગાંધીનગર, તા. ૨૭

રાજ્ય સરકારે ઘરવિહોણા પરિવારો માટે મોટો નિર્ણય લીધો છે. સરકારે ગ્રામીણ ઘરવિહોણા કુટુંબોને ઘર બાંધવા માટે ફાળવાયેલ મફત પ્લોટ સમતળ કરવાની સહાયમાં ધરખમ વધારો કર્યો છે. જેનો લાભ અનેક લોકોને મળશે.

ગ્રામ્ય ઘરવિહોણા પરિવારોને સન્માનજનક આવાસ ઉપલબ્ધ કરાવવાના રાજ્ય સરકારના સંકલ્પને વધુ મજબૂત બનાવતા ગુજરાત સરકારે એક મહત્વપૂર્ણ પ્રજાહિતલક્ષી નિર્ણય લીધો છે. હવે જ્યાં મફત રહેણાંક પ્લોટ ફાળવવામાં આવશે ત્યાં જમીન સમતળ કરવા માટે મળતી સહાયમાં નોંધપાત્ર વધારો કરવામાં આવ્યો છે. આ નિર્ણયથી ગામડાઓમાં રહેણાંક માટે યોગ્ય જમીન તૈયાર કરવાનું કામ વધુ સરળ બનશે અને પરિવારોને ઘર બાંધવામાં આર્થિક રાહત મળશે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 'સૌના માટે ઘર'ના વિજનને આગળ ધપાવતાં મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ રાજ્ય સરકારે અગાઉના ઠરાવમાં સુધારો કરીને ઘરવિહોણા ગ્રામીણ કુટુંબોને મકાન બાંધવા માટે ફાળવાયેલ મફત પ્લોટ દીઠ જમીન વિકાસ / સમતળ ખર્ચ તરીકે મળતી સહાય રૂ. ૧,૦૦૦ પરથી વધારીને રૂ. ૫,૦૦૦ કરી છે. એટલું જ નહીં, ગામતળમાં મફત પ્લોટ ફાળવવા માટેની ખાડા-ટેકરાવાળી જમીન સમતળ કરવા માટે પ્રતિ હેક્ટર મળતી સહાય રૂ. ૫૦,૦૦૦ થી સીધી રૂ. ૨ લાખ સુધી વધારવાનો નિર્ણય કર્યો છે. એટલે કે પ્લોટ સમતળ સહાયમાં પાંચ ગણો અને જમીન સમતળ સહાયમાં ચાર ગણો વધારો કરીને રાજ્ય સરકારે ગ્રામ્ય આવાસ વિકાસને નવી દિશા આપી છે.



રાજ્ય સરકારે ઘરવિહોણા પરિવારો માટે લીધો નિર્ણય

મંત્રી ઋષિકેશ પટેલ અને રાજ્ય મંત્રી સંજયસિંહ મહિડાના સીધા નેતૃત્વમાં કાર્યરત પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગે તા.૧૭/૦૭/૨૦૨૬ના રોજ ઠરાવ કરીને ગ્રામીણ ઘરવિહોણા લોકોને પોતાનું ઘર બાંધવની સહાયમાં આ વધારો કરી તેમના માટે મકાન બાંધકામ વધુ સરળ બનાવ્યું છે. રાજ્ય સરકારે વર્ષોથી ગ્રામ્ય વિસ્તારોના ઘરવિહોણા પરિવારોને ૧૦૦ ચોરસ વારના મફત રહેણાંક પ્લોટ ફાળવવાની યોજના અમલમાં મૂકી રહી છે. નવા સુધારા દ્વારા આ યોજનાને વધુ અસરકારક અને વ્યવહારુ બનાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે, જેથી લાભાર્થીઓને માત્ર પ્લોટ જ નહીં પરંતુ મકાન બાંધવા માટે યોગ્ય અને સમતળ જમીન પણ ઉપલબ્ધ થઈ શકે.

# રાજ્યની તમામ કોર્ટમાં પેપર ફોર્મેટિંગની સંભાવના

A4 સાઈઝ પેપર, ફોર્મેટિંગ નિયમો ૧લી ઓગષ્ટથી ફરજિયાત લાગુ પડવાના એંધાણ

## એ-ફોર પેપર, બંને બાજુ પ્રિન્ટિંગ, ૭૫ જીએસએમ પેપર અને નિર્ધારિત ફોન્ટ-માર્જિન વિના દસ્તાવેજો સ્વીકારાશે નહીં

રાજકોટ. તા.૨૭

ગુજરાત હાઈકોર્ટ દ્વારા રાજ્યની તમામ કોર્ટોમાં રજૂ થતા અરજીઓ, પિટિશન, સોગંદનામા અને અન્ય ન્યાયિક દસ્તાવેજોના ફોર્મેટિંગ અને પેપર અંગેનો સુધારેલ પરિપત્ર જાહેર કરવામાં આવ્યો છે.

આ પરિપત્ર મુજબ નવા નિયમોનો ૧ ઓગસ્ટ, ૨૦૨૬થી ફરજિયાત અમલ શરૂ થઈ શકે છે. હાઈકોર્ટે સ્પષ્ટ કર્યું છે કે, આ તારીખ બાદ કોઈપણ પ્રકારની છૂટછાટ આપવામાં આવશે નહીં. પરિણામે રાજ્યભરના વકીલો, કાનૂની વ્યવસાય સાથે સંકળાયેલા વ્યક્તિઓ તેમજ કારકુનોએ પોતાની ઓફિસોમાં પ્રિન્ટિંગ અને ડ્રાફ્ટિંગની પદ્ધતિમાં જરૂરી ફેરફાર કરવા પડશે.

પરિપત્ર મુજબ કોર્ટમાં રજૂ થતા તમામ અરજીઓ, પિટિશન, સોગંદનામા તથા અન્ય દસ્તાવેજો હવે માત્ર એ-ફોર સાઈઝના પેપર પર જ રજૂ કરી શકાશે. સાથે જ પર્યાવરણને ધ્યાનમાં રાખીને તમામ દસ્તાવેજો કાગળની બંને બાજુ પ્રિન્ટ કરવાના રહેશે. કાગળની ગુણવત્તા પણ નક્કી કરવામાં આવી છે અને ઓછામાં ઓછા ૭૫ જીએસએમ પેપરનો ઉપયોગ ફરજિયાત રહેશે.

દસ્તાવેજોના ફોન્ટ અને ફોર્મેટિંગ માટે પણ ચોક્કસ માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી છે. ગુજરાતી ભાષાના દસ્તાવેજો માટે લોહીત ગુજરાતી, નોટો સન્સ ગુજરાતી અથવા નોટો શેરીફ ગુજરાતી ફોન્ટનો ઉપયોગ કરવાનો રહેશે અને ફોન્ટ સાઇઝ ૧૩ રાખવાની રહેશે. જ્યારે અંગ્રેજી દસ્તાવેજો માટે ટાઈમ્સ ન્યૂ રોમન ફોન્ટ તથા ૧૪ સાઇઝ ફરજિયાત રહેશે. તમામ દસ્તાવેજોમાં ૧.૫ લાઇન સ્પેસિંગ રાખવું પડશે, જ્યારે ક્વોટેશન અથવા ઇન્ડેન્ટેડ લખાણ માટે ૧૨ સાઇઝનો ફોન્ટ અને સિંગલ લાઇન સ્પેસિંગ રાખવાની જોગવાઈ કરવામાં આવી છે.

માર્જિન અંગે પણ એકરૂપતા લાવવા માટે નવા નિયમો અમલમાં મૂકવામાં આવ્યા છે. દસ્તાવેજની ડાબી અને જમણી બાજુ ૪ સેન્ટીમીટર, જ્યારે ઉપર અને નીચે ૨ સેન્ટીમીટર માર્જિન રાખવું ફરજિયાત રહેશે. આ નિયમોના અમલથી કોર્ટમાં રજૂ થતા દસ્તાવેજોમાં એકરૂપતા આવશે તેમજ ડિજિટલ સ્કેનિંગ, રેકોર્ડ જાળવણી અને ન્યાયિક પ્રક્રિયામાં વધુ સુવિધા મળશે તેવી અપેક્ષા વ્યક્ત કરવામાં આવી રહી છે.

જો કે, હાઈકોર્ટના પરિપત્રમાં કેટલાક દસ્તાવેજોને આ નિયમોમાંથી મુક્તિ આપવામાં આવી છે. તેમાં પોલીસ પેપર્સ, ચાર્જશીટ, એફએસએલ રિપોર્ટ, સરકારી અથવા અન્ય સંસ્થાઓના રિપોર્ટ, વકાલતનામું, મૂળ પુરાવાના દસ્તાવેજો, નકશા (મેપ્સ /પ્લાન્સ) તેમજ પરિપત્રમાં દર્શાવાયેલા અન્ય અપવાદરૂપ દસ્તાવેજોનો




સમાવેશ થાય છે. આવા દસ્તાવેજો માટે અગાઉની જ પદ્ધતિ યથાવત રહેશે.

હાઈકોર્ટના આ નિર્ણયને પગલે રાજ્યભરના વકીલોમાં નવી કામગીરીને લઈને તૈયારી શરૂ થઈ છે. કોર્ટમાં દસ્તાવેજો અસ્વીકાર ન થાય તે માટે વકીલો, ટાઈપિસ્ટ, ડ્રાફ્ટિંગ ક્લાર્ક અને ઝેરોક્સ-પ્રિન્ટિંગ સેન્ટરોને પણ નવી માર્ગદર્શિકા મુજબ કામગીરી કરવાની રહેશે. કાનૂની ક્ષેત્ર સાથે સંકળાયેલા તમામ લોકોને ૧ ઓગસ્ટ પહેલાં પોતાની ઓફિસોમાં જરૂરી સોફ્ટવેર, ફોન્ટ, પ્રિન્ટિંગ સેટિંગ્સ અને પેપરની વ્યવસ્થા સુસંગત બનાવી લેવા અનુરોધ કરવામાં આવ્યો છે.

હાઈકોર્ટના આ સુધારેલ પરિપત્રનો મુખ્ય હેતુ કોર્ટમાં રજૂ થતા દસ્તાવેજોમાં એકરૂપતા લાવવાનો, કાગળનો કરકસરપૂર્વક ઉપયોગ કરવાનો અને ન્યાયિક પ્રક્રિયાને વધુ વ્યવસ્થિત તથા આધુનિક બનાવવાનો હોવાનું માનવામાં આવે છે.

## રોજીરોટી પર અસર પડતાં વેપારીઓમાં ઉગ્ર કચવાટ

## કમિશનની રકમ ત્વરિત જમા કરાવવા રજૂઆત

# રાજ્યના રેશનીંગ વેપારીઓનું કમિશન અટવાતા કચવાટ

રાજકોટ, તા.૨૭

રાજયના રેશનિંગના વેપારીઓને જે તે માસનું કમિશનના ચૂકવણામાં હજુ પણ ધાંધીયા હોવાનું બહાર આવેલ છે અને ગત જૂન માસનું ચૂકવણું પણ આજ સુધી પૂરતુ થયુ ન હોય વેપારીઓમાં કચવાટ ફેલાયો છે.

ઉલ્લેખનીય છે કે,સપ્ટેમ્બર માસમાં શરૂ થતા જન્માષ્ટમીના તહેવારો માટે રાજ્ય સરકાર દ્વારા એનએફએસએ રેશનકાર્ડ ધારકોને એક લીટર તેલ અને એક કિલો ખાંડ રેશનકાર્ડ દીઠ વધારાની રાહત દરે ઓગસ્ટ માસમાં આપવામાંઆવશે.



સપ્ટેમ્બર માસની શરૂઆતમાં તહેવારો શરૂ થતા હોય તહેવારમાં રાહત દરે આ જન્સીઓ તહેવાર પહેલા જ ઓગસ્ટ મહિનામાં જ વિતરણ કરવાનું સરકારશ્રી દ્વારા ખુબજ હકારાત્મક અભિગમ દાખવવામાં આવ્યો છે જે સરાહનીય છે. પરંતુ વાજબી ભાવ ના દુકાનદાર ભાઈઓ કે જે ખુબ ઓછા કમિશન ની કામ કરી રહ્યા છે અને હજુ જુન માસનુ કમીશન પણ પુરેપુરુ ચુકવવામાં આવ્યુ નથી ત્યારે રાજ્ય સરકાર ની કલ્યાણકારી યોજના અંતર્ગત રેગ્યુલર ખાંડ નમક તુવેરદાળ ચણા વગેરેના નાણા ભરવાના થતા હોય સાથે સાથે તહેવાર ની જન્સીઓના નાણા પણ ચૌક્કસ સમય મર્યાદામાં ભરવાના થતા હોય ત્યારે વ્યાજબી ભાવના દુકાનદારો ભયંકર આર્થિક તંગી અનુભવી રહ્યા છે. ઘણા બધા દુકાનદાર ભાઈઓ ઉછીના અને વ્યાજે પણ પૈસા લઈ અને આ બધી જનસિઓના નાણાં ભરતા હોય છે ઘણા કિસ્સાઓમાં બહારથી નાણા લેવામાં વેપારી ભાઈ છેતરતા પણ હોય છે સરકાર શ્રી દ્વારા જેમ રેશનકાર્ડ ધારકોના હિતમાં જન્માષ્ટમી ના તહેવાર દરમિયાન આપવામાં આવતી જનસીઓ અગાઉથી મળી રહે એવો નિર્ણય લેવામાં આવ્યો છે એમ વ્યાજબી ભાવના દુકાનદારો ભાઈઓને પણ તેઓને અગાઉના મહિનાનું બાકી કમિશન મળી જાય અને ઓગસ્ટ માસના ચલણના ભરવાના થતા નાણામાં મુદતમાં વધારો કરવામાં આવે તો વેપારી ભાઈઓને થોડા ઘણા અંશે આર્થિક સંકળામણ અડવી થઈ શકે એમ છે

માનવીય અને સંવેદનશીલ મુદ્દાને ધ્યાનમાં લઇ પુરવઠા નિગમ દ્વારા વેપારી ભાઈઓને નાણા ચુકવણી અને કમિશન બાબતે સરળતા કરી દેવામાં આવે એવી વેપારી તરફથી હિતુભા જાડેજા (મહામંત્રી ઓલ ગુજરાત ફેર પ્રાઈઝ શોપ એસોસિએશન)એ તંત્રને અનુરોધ કર્યો છે.

# ચોમાસામાં દૂષિત પાણીની સમસ્યા મુદ્દે મનપા એક્શનમાં

## કમિશનર તુષાર સુમેરાએ રૈયાધાર ઠડકની સરપ્રાઈઝ મુલાકાત લઈ જાતે ક્લોરીન ચકાસ્યું

રાજકોટ, તા. ૨૭

ચોમાસાની સીઝન દરમિયાન રાજકોટ શહેરના વિવિધ વિસ્તારોમાંથી વારંવાર દૂષિત પાણી વિતરણ થવાની ફરિયાદો સામે આવતી હોય છે. તાજેતરમાં યોજાયેલી જનરલ બોર્ડની બેઠકમાં પણ કોર્પોરેટરોએ પ્રજાની આ પ્રાથમિક અને ગંભીર સમસ્યા મુદ્દે ભારે રોષ ઠાલવ્યો હતો. જનપ્રતિનિધિઓના આક્રોશ અને નાગરિકોના આરોગ્યની સુરક્ષાને ધ્યાને રાખીને રાજકોટ મહાનગરપાલિકાનું તંત્ર તાકીદે હરકતમાં આવ્યું છે. શહેરના દરેક ખૂણે શુદ્ધ અને સલામત પીવાનું પાણી પહોંચે તે સુનિશ્ચિત કરવા માટે આજથી મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા સહિતના ઉચ્ચ અધિકારીઓએ ઝોનવાઇઝ આવેલા વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટની રૂબરૂ મુલાકાત લેવાનું ઝુંબેશરૂપે શરૂ કર્યું છે.મહાપાલિકાના કમિશનર તુષાર સુમેરાએ ગઈકાલે વેસ્ટ ઝોનમાં આવેલા રૈયાધાર વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ ખાતે રૂબરૂ પહોંચીને પરિસ્થિતિની સમીક્ષા કરી હતી. તેમની સાથે વોટર વર્કસ વિભાગના મુખ્ય ઇજનેર કે.પી.દેથરીયા સહિતના



સિનિયર અધિકારીઓની ટીમ પણ જોડાઈ હતી. મુલાકાત દરમિયાન પ્લાન્ટના સ્ટાફ દ્વારા પ્રોસેસમાં રહેલા પાણીના સેમ્પલ કમિશનર સમક્ષ રજૂ કરવામાં આવ્યા હતા. કમિશનરે જાતે ઊભા રહીને પાણીની ગુણવત્તા, પારદર્શકતા અને ક્લોરીનેશનની પ્રક્રિયા ચકાસી હતી. તેમણે સ્થળ પર જ ક્લોરીનના સેમ્પલનું નિરીક્ષણ કરી જરૂરી તાંત્રિક બાબતોની વિગતો મેળવી હતી. ચોમાસાની ઋતુમાં દૂષિત પાણીના કારણે ઝાડા-ઉલટી, ટાઈફોઈડ કે કમળા જેવા જનજન્ય રોગચાળાનો ઉપદ્રવ વધવાની પૂરી શક્યતા રહે છે. નાગરિકોના આરોગ્ય સાથે કોઈ સમાધાન ન થઈ શકે તે માટે કમિશનરે અધિકારીઓને દર અઠવાડિયે સુપર ક્લોરીનેશન કરવાની ખાસ સૂચના આપી છે. જરૂર પડે ત્યાં વધારાનું ક્લોરીનેશન કરીને પણ દૂષિત પાણીનો પ્રશ્ન જડમૂળથી ઉકેલવા જણાવાયું છે. જોકે પ્લાન્ટ પર પાણી શુદ્ધ જણાયું હોવા છતાં, મનપા તંત્ર દ્વારા વધુ ચોક્કસાઈ માટે પાણીના સેમ્પલ લઈને લેબોરેટરી પૃથ્થકરણ માટે મોકલવામાં આવ્યા છે.

### પ્લાન્ટ પર શુદ્ધ પાણી તો ઘર સુધી પહોંચતા કેમ પ્રદૂષિત? – કમિશનરનો વેધક સવાલ

ચકાસણી દરમિયાન કમિશનરે એક મહત્વનો અને વેધક પ્રશ્ન ઉપસ્થિત કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, ઠડક ખાતે પાણીની શુદ્ધતા યોગ્ય જળવાઈ રહી છે અને ક્લોરીનેશન પણ નિર્ધારિત ધોરણો મુજબ જ થાય છે. આજે પ્લાન્ટ પર પાણી પૂર્ણપણે શુદ્ધ જોવા મળ્યું છે. જો પ્લાન્ટમાંથી શુદ્ધ પાણી છૂટતું હોય, તો પછી અમુક ચોક્કસ વિસ્તારોમાં લોકોના ઘર સુધી પહોંચતું પાણી પ્રદૂષિત કેમ થઈ જાય છે? તે બાબત અત્યંત ગંભીર છે અને તેની ઊંડાણપૂર્વક ચકાસણી થવી જરૂરી છે.

### લાઈનલોસ – પાઈપલાઈન લીકેજ શોધવા ઈજનેરોને કડક આદેશ

મનપાના ટાંકામાંથી નીકળતું પાણી લોકોના નળ સુધી પાઈપલાઈનના માધ્યમથી પહોંચે છે. કમિશનરે સ્પષ્ટ આશંકા વ્યક્ત કરી હતી કે જો નળ સુધી પહોંચતા પાણીમાં દૂષિતતા આવતી હોય તો વચ્ચે પાઈપલાઈનમાં કોઈ ભંગાણ, લીકેજ કે ડ્રેનેજ લાઈનનું મિશ્રણ થવાની શક્યતા રહેલી છે. પ્લાન્ટથી નીકળતી મુખ્ય લાઈનથી લઈને રહેણાંક વિસ્તારો સુધી જતી તમામ વિતરણ લાઈનોની તાકીદે ચકાસણી કરવી. જ્યાં પણ લીકેજ કે ભંગાણ જણાય ત્યાં યુદ્ધના ધોરણે રિપેરિંગ કામગીરી હાથ ધરવી.

# જામનગર આયુર્વેદ યુનિ.માં BAMS પેપર લીક અંગે ચિંતા

## BAMS ના ત્રીજા વર્ષના શલ્ય તંત્ર વિષયનું પ્રશ્નપત્ર લીક થયાનો પ્રાથમિક અહેવાલ આવ્યો સામે

રાજકોટ, તા. ૨૭

જામનગર સ્થિત ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી સંલગ્ન ઇઅખજ (બેચલર ઓફ આયુર્વેદિક મેડિસિન એન્ડ સર્જરી) ના ત્રીજા વર્ષના શલ્ય તંત્ર વિષયનું પ્રશ્નપત્ર લીક થયાના પ્રાથમિક અહેવાલો સામે આવ્યા છે. આ ઘટનાને કારણે સમગ્ર પરીક્ષા વ્યવસ્થાની પવિત્રતા અને વિશ્વસનીયતા સામે ગંભીર સવાલો ઊભા થયા છે, જેનાથી કલાકો સુધી મહેનત કરનારા પરીક્ષાર્થીઓ અને તેમના વાલીઓમાં ભારે ચિંતા તથા રોષનો માહોલ વ્યાપી ગયો છે.

ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને સંબંધિત કોલેજના ડાયરેક્ટર અને યુનિવર્સિટી તંત્રે સમગ્ર મામલે તટસ્થ અને નિષ્પક્ષ તપાસ હાથ ધરી છે. તંત્ર દ્વારા સ્પષ્ટતા કરવામાં આવી છે કે જો તપાસ દરમિયાન પ્રશ્નપત્ર લીક થયું હોવાની બાબત સત્ય સાબિત થશે, તો આ ગેરરીતિમાં સંડોવાયેલા તમામ નાના-મોટા જવાબદારો સામે નિયમ મુજબ કડકમાં કડક કાર્યવાહી કરવામાં આવશે. વિદ્યાર્થીઓના ભવિષ્ય અને તેમની કારકિર્દી સાથે કોઈપણ સંજોગોમાં સમાધાન કરવામાં નહીં આવે તેવી ખાતરી પણ આપવામાં આવી છે.

આ સમગ્ર મુદ્દે રાજકીય અને સામાજિક સ્તરે પણ ઘેરા પ્રત્યાઘાતો પડ્યા છે. ભાજપના મુખ્ય પ્રવક્તા ડો. અનિલભાઈ પટેલે ઘટનાને સખત શબ્દોમાં વગોવતાં જણાવ્યું હતું કે, પેપર લીક જેવી ઘટનાઓ નિર્દોષ વિદ્યાર્થીઓની મહેનત પર પાણી ફેરવે છે અને તે તેમના ભવિષ્ય સાથેનો ગંભીર અન્યાય છે. તેમણે આ કૃત્ય પાછળ રહેલા



તત્વોને શોધી કાઢીને તેમની સામે દંડનીય પગલાં લેવાની માંગ કરી છે, સાથે જ શૈક્ષણિક વ્યવસ્થાને પ્રદૂષિત કરતી આવી પ્રવૃત્તિઓ સામે સમાજના તમામ વર્ગોને એકજૂથ થઈને અવાજ ઉઠાવવા હાકલ કરી છે.

શૈક્ષણિક ક્ષેત્રમાં પારદર્શિતા જાળવી રાખવા અને મહેનતુ વિદ્યાર્થીઓના હિતનું રક્ષણ કરવા માટે આ પ્રકારની બેદરકારી કે ગુનાહિત પ્રવૃત્તિઓ સામે ઝીરો ટોલરન્સની નીતિ અપનાવવી અનિવાર્ય બની ગઈ છે. હાલમાં સમગ્ર મામલે ઊંડાણપૂર્વકની તપાસ ચાલુ છે અને તેનો આખરી અહેવાલ આવ્યા બાદ જ વાસ્તવિક હકીકત સ્પષ્ટ થશે. જોકે, વિદ્યાર્થી આલમ અને વાલીઓ દ્વારા દોષિતો સામે દાખલારૂપ કાયદાકીય કાર્યવાહી કરવાની માંગ વધુ તીવ્ર બની રહી છે.

# સિવિલમાં સોમવારે જ ઈન્ટરનેટ ઠપ્પ

## દર્દીઓની લાંબી લાઈનો, કામગીરી ખોરવાઈઃ મેન્યુઅલ કામગીરીને કારણે બપોર સુધી અંધાધૂંધી

રાજકોટ, તા.૨૭

સૌરાષ્ટ્રની સૌથી મોટી ગણાતી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં આજે નવા અઠવાડિયાના પ્રથમ દિવસે જ સોમવારે મોટી ગડબડ સામે આવી હતી. હોસ્પિટલમાં સવારથી જ ઈન્ટરનેટ સેવાઓ ઠપ્પ થઈ જતાં આખી હોસ્પિટલની કામગીરી એક તબક્કે ખોરવાઈ ગઈ હતી. હાલ ચોમાસાની ઋતુને કારણે રોગચાળો વકર્યો હોવાથી સવારથી જ મોટી સંખ્યામાં દર્દીઓ સિવિલ હોસ્પિટલે પહોંચ્યા હતા, પરંતુ ઈન્ટરનેટ બંધ હોવાના કારણે કેસબારીઓથી લઈને લેબોરેટરી સુધી ભારે અરાજકતા સર્જાઈ હતી. ઈન્ટરનેટ અને કમ્પ્યુટર સિસ્ટમ બંધ થઈ જતાં દર્દીઓનો ધસારો જોઈને અંતે હોસ્પિટલ તંત્ર દ્વારા મેન્યુઅલી (હાથેથી લખીને) કામગીરી શરૂ કરવામાં આવી હતી. જોકે, લાંબા સમયથી કમ્પ્યુટર યુઝ કરવાના કારણે સ્ટાફને હાથેથી લખવાની ટેવ છૂટી ગઈ હોવાથી આ પ્રક્રિયા અત્યંત ધીમી ઝડપે ચાલી રહી હતી. પરિણામે કેસબારીઓ અને ઓપીડી બહાર દર્દીઓની લાંબી-લાંબી કતારો લાગી ગઈ હતી અને ગરમી-ઉકળાટ વચ્ચે દર્દીઓ તથા તેમના સગાંઓ અકળાઈ ઉઠ્યા હતા.

ઈન્ટરનેટ કનેક્ટિવિટીના અભાવે હોસ્પિટલના એક્સ-રે સર્વર અને અન્ય તબીબી રિપોર્ટિંગ સિસ્ટમ અટકી પડી હતી. આ પરિસ્થિતિને પહોંચી વળવા માટે હોસ્પિટલ સ્ટાફે નાના અને પરચુરણ રિપોર્ટ હાથેથી લખીને આપવાનું શરૂ કર્યું હતું.

જ્યારે કે એક્સ-રે અને અન્ય મોટા કે જટિલ રિપોર્ટ માટે ઈન્ટરનેટ પુનઃ શરૂ થાય ત્યાં સુધી દર્દીઓને રાહ જોવાનું કહેવામાં આવ્યું હતું. બપોર સુધી હોસ્પિટલમાં અવ્યવસ્થા અને ભારે ધસારો જોવા મળ્યો હતો. સૌરાષ્ટ્રભરમાંથી સારવાર માટે આવતા ગરીબ અને સામાન્ય વર્ગના દર્દીઓ માટે ટેકનિકલ ખામીના કારણે અડધો દિવસ ભારે હાલાકીમાં વિત્યો હતો.

# સ્ટોલ - પ્લોટના ફોર્મ સબમિટ કરવાની મુદત વધવાની શક્યતા

## અત્યાર સુધીમાં અપેક્ષા કરતા ખુબ જ ઓછા ફોર્મ સબમિટ થયા હોવાથી વેપારીઓ અને અરજદારોના હિતમાં મુદતમાં વધારો કરવામાં આવે તેવી પ્રબળ સંભાવના

રાજકોટ, તા. ૨૭

રાજકોટના ઐતિહાસિક રેસકોર્સ ગ્રાઉન્ડ ખાતે કલેક્ટર તંત્ર અને લોકમેળા અમલીકરણ સમિતિ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ પાંચ દિવસીય ભવ્ય જન્માષ્ટમી લોકમેળાનું આયોજન કરવામાં આવ્યું છે. મેળામાં સ્ટોલ અને પ્લોટ મેળવવા માટે ફોર્મ ભરવાની આવતીકાલે અંતિમ તારીખ નિયત કરવામાં આવી છે. જોકે, અત્યાર સુધીમાં અપેક્ષા કરતા ખુબ જ ઓછા ફોર્મ સબમિટ થયા હોવાથી વેપારીઓ અને અરજદારોના હિતમાં આ મુદતમાં વધારો કરવામાં આવે તેવી પ્રબળ સંભાવના સેવાઈ રહી છે. કલેક્ટર કચેરીના સૂત્રો પાસેથી મળતી સત્તાવાર વિગતો મુજબ, લોકમેળાના કુલ ૨૨૮ સ્ટોલ અને પ્લોટ માટે અત્યાર સુધીમાં ૩૦૬થી વધુ ફોર્મનો ઉપાડ થઈ ચૂક્યો છે. પરંતુ તેની સામે ફોર્મ ભરીને સબમિટ કરાવવાનો આંકડો ખુબ જ નિરાશાજનક રહ્યો છે. અત્યાર સુધીમાં માત્ર ૨૩ જેટલાં જ ફોર્મ ભરાઈને પરત જમા થયા છે. ફોર્મનો ઉપાડ સારો એવો થયો હોવા છતાં, તે જમા કરાવવામાં મંદ પ્રતિસાદ સાંપડ્યો છે. જેને ધ્યાને રાખીને લોકમેળા અમલીકરણ સમિતિ દ્વારા આવતીકાલે સાંજ સુધીમાં ફોર્મ વિતરણ અને ફોર્મ સબમિટ કરવાની અંતિમ તારીખ/મુદતમાં વધારો કરવા અંગેનો સત્તાવાર નિર્ણય લેવામાં આવે તેવી શક્યતા છે. મુદત લંબાવવાથી વધુમાં વધુ વેપારીઓ મેળામાં ભાગ લઈ શકશે. ફોર્મ સ્વીકારવાની તમામ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ તુરંત જ આગામી તારીખ ૧ ઓગસ્ટથી વિવિધ કેટેગરીના સ્ટોલ અને પ્લોટ માટે ડ્રો તેમજ હરરાજીની પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવશે. આ તમામ પ્રક્રિયા જૂની કલેક્ટર કચેરી ખાતે આવેલી પ્રાંત-૧ની કચેરીથી સંચાલિત થશે. ફોર્મ સ્વીકારવાની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ જૂની કલેક્ટર કચેરી સ્થિત પ્રાંત-૧ની કચેરી ખાતે ૧ ઓગસ્ટથી સ્ટોલ અને પ્લોટ માટે ડ્રો તેમજ હરરાજીની પ્રક્રિયા શરૂ થશે. ૧ ઓગસ્ટે શનિવારે સવારે ૧૧ કલાકે કેટેગરી-બી રમકડાના ૧૦૦ સ્ટોલ, કેટેગરી-સી ખાણીપીણીના ૮ સ્ટોલ, કેટેગરી-જે મધ્યમ ચકરડીના ૩ અને કેટેગરી-કે નાની ચકરડીના ૨૪ પ્લોટ માટે ડ્રો તથા હરરાજી કરાશે. ત્યારબાદ ૪ ઓગસ્ટ મંગળવારે સવારે ૧૧:૩૦ કલાકે કેટેગરી-એ ખાણીપીણી, એક્ઝીબીશન અને પ્રદર્શનના ૨ પ્લોટ તેમજ બી-વન કોર્નર અને ખાણીપીણીના ૪૦ પ્લોટની હરરાજી યોજાશે. ૫ ઓગસ્ટ બુધવારે સવારે ૧૧:૩૦ કલાકે યાંત્રિક કેટેગરી-ઈના ૫, એફ-૩ના ૩, જી-૨૦ અને એચ કેટેગરીના ૬ પ્લોટની હરરાજી થશે, જ્યારે ૬ ઓગસ્ટ ગુરુવારે કેટેગરી એક્સ એટલે કે આઈસ્ક્રીમના ૧૭ પ્લોટ માટે હરરાજીનું આયોજન કરવામાં આવ્યું છે.

# દુબઈથી મુંબઈ જતી ફ્લાઈટના કાર્ગોમાં ધુમાડો નીકળતા હિરાસર એરપોર્ટ પર ઈમરજન્સી લેન્ડિંગ

## ઈન્ડિગોની ફ્લાઈટ ૬E-૧૪૫૨માં અચાનક ધુમાડાના ગોટા દેખાતા પાયલોટે ATCનો સંપર્ક કર્યો; રાજકોટ ફાયર બ્રિગેડ અને ૧૦૮ની ટીમો તત્કાલ ઘટનાસ્થળે દોડી

રાજકોટ, તા. ૨૭

દુબઈથી મુંબઈ તરફ જઈ રહેલી આંતરરાષ્ટ્રીય ફ્લાઈટમાં અચાનક સર્જાયેલી ટેકનિકલ કટોકટીના કારણે રાજકોટના હિરાસર સ્થિત ઈન્ટરનેશનલ એરપોર્ટ પર વિમાનનું સુરક્ષિત ઈમરજન્સી લેન્ડિંગ કરાવવામાં આવ્યું છે. ફ્લાઈટના કાર્ગો વિભાગમાંથી ધુમાડો નીકળતો હોવાનું ધ્યાન પર આવતા પાયલોટે ત્વરિત નિર્ણય લઈને રાજકોટ એર ટ્રાફિક કંટ્રોલનો સંપર્ક સાધ્યો હતો. મળતી વિગતો અનુસાર, દુબઈથી મુંબઈ જઈ રહેલી ઈન્ડિગો એરલાઈન્સની ફ્લાઈટ નંબર ૬ઊ-૧૪૫૨ આકાશમાં હતી ત્યારે તેના કાર્ગો હોલ્ડ વિભાગમાં ધુમાડાના ગોટા નીકળતા એલાર્મ વાગ્યું હતું. પરિસ્થિતિની ગંભીરતા જોઈને પાયલોટે સમયસૂચકતા વાપરી નજીકમાં જ આવેલા રાજકોટના હિરાસર આંતરરાષ્ટ્રીય એરપોર્ટના એર ટ્રાફિક કંટ્રોલ (અઝઈ) નો તાત્કાલિક સંપર્ક કર્યો હતો અને ઈમરજન્સી લેન્ડિંગ માટે પરમિશન માગી હતી. અઝઈ દ્વારા ગંભીરતા સમજીને તાત્કાલિક લેન્ડિંગની મંજૂરી આપવામાં આવી હતી.

ઈમરજન્સી લેન્ડિંગની કોલ મળતા જ એરપોર્ટ સત્તાવાળાઓ દ્વારા રાજકોટ મહાનગરપાલિકાના ફાયર બ્રિગેડ વિભાગને તાકીદે જાણ કરવામાં આવી હતી. ઘટના અંગે માહિતી આપતા ઈંચાર્જ ચીફ ફાયર ઓફિસર અમિત દવેએ જણાવ્યું હતું કે, એરપોર્ટ પરથી ઈમરજન્સી કોલ મળતા જ અમારી ટીમો તુરંત હરકતમાં આવી ગઈ હતી. બે ફાયર ફાઈટર વાહનો, બે એમ્બ્યુલન્સ અને બે '૧૦૮' ની ટીમો સાથે સ્થળ પર પહોંચવા રવાના થઈ ગયા છીએ. પાયલોટની સમયસૂચકતા અને રાજકોટ એટીસીના ત્વરિત સહયોગના કારણે વિમાનનું હિરાસર એરપોર્ટ ખાતે સલામત લેન્ડિંગ કરાવી લેવામાં આવ્યું છે. એરપોર્ટ પર તમામ ઈમરજન્સી સેવાઓ સજ્જ કરી દેવામાં આવી છે અને ટેકનિકલ ટીમ દ્વારા કાર્ગો વિભાગમાં ધુમાડો નીકળવાના સાચા કારણો અંગે વધુ તપાસ હાથ ધરવામાં આવી રહી છે.






રાજકોટ મિરર
તંત્રીની કલમે

# ન્યાયમાં અન્યાય

## રાજકોટને હાઈકોર્ટ બેચ આપવામાં કોને વાંધો છે ?



રાજકોટ તથા સૌરાષ્ટ્રના વકીલો દ્વારા રાજકોટને હાઈકોર્ટ બેચ આપવા ફરીથી લડત શરુ થઇ છે. ન્યાય મેળવવો એ દરેક નાગરિકનો મૂળભૂત અધિકાર છે. પરંતુ સૌરાષ્ટ્રના લોકો માટે આ અધિકાર મેળવવો કઠિન બની રહ્યો છે. રાજકોટ અને સમગ્ર સૌરાષ્ટ્ર ક્ષેત્ર દાયકાઓથી અન્યાયનો ભોગ બની રહ્યું છે.

અમદાવાદ સ્થિત ગુજરાત હાઈકોર્ટ સુધી પહોંચવા માટે સૌરાષ્ટ્રના લોકોને લાંબી મુસાફરી કરવી પડે છે. આ પરિસ્થિતિ માત્ર સમય અને નાણાંનો વ્યય નથી કરતી, પણ ન્યાય મેળવવાની પ્રક્રિયાને પણ વિલંબિત કરે છે.

રાજકોટમાં હાઈકોર્ટની સર્કિટ બેચ સ્થાપવાની માંગણી કોઈ નવી નથી. આ મુદ્દા પર વર્ષોથી લડત ચાલી રહી છે. અનેકવાર આંદોલનો થયાં, રજૂઆતો થઈ અને આશ્વાસનો પણ મળ્યાં. પરંતુ પરિણામ હજુ સુધી શૂન્ય રહ્યું છે. આ માંગણી સંપૂર્ણપણે વ્યાજબી અને ન્યાયસંગત છે. સૌરાષ્ટ્રના અરજદારો અને વકીલો માટે અમદાવાદનો ધક્કો ખૂબ જ હેરાનગતિભર્યો સાબિત થાય છે. ગરીબ અને મધ્યમ વર્ગના લોકો માટે ન્યાયિક પ્રક્રિયા વધુ ખર્ચાળ બની જાય છે.

સૌથી મોટો સવાલ એ ઊભો થાય છે કે આ માંગણી પૂરી કરવામાં કોને વાંધો છે? રાજકોટમાં હાઈકોર્ટ બેચ આપવી એ કોઈ અશક્ય કામ નથી. દેશના અન્ય રાજ્યોમાં એક કરતાં વધુ બેચ સફળતાપૂર્વક કામ કરી રહી છે. તો પછી ગુજરાતમાં રાજકોટને આ અધિકાર કેમ નથી મળતો? એવું પ્રતીત થાય છે કે કોઈ અદ્રશ્ય તાકાત કે કાયદાકીય લોબી આ નિર્ણયને અટકાવી રહી છે. રાજકીય ઈચ્છાશક્તિનો અભાવ અને વહીવટી અણાવડત પણ આ વિલંબ માટે જવાબદાર હોઈ શકે છે.

હાલમાં રાજકોટ અને સૌરાષ્ટ્રના વકીલોએ આ મુદ્દે ફરી એકવાર લડત આદરી છે. વકીલોનો આક્રોશ વ્યાજબી છે. તેઓ માત્ર પોતાના વ્યવસાય માટે નહીં, પરંતુ સમગ્ર સૌરાષ્ટ્રની જનતાના હિત માટે લડી રહ્યા છે. ન્યાયતંત્રને લોકોના ઘર સુધી પહોંચાડવું એ લોકશાહીની પ્રાથમિક ફરજ છે.

હવે સમય આવી ગયો છે કે સરકાર અને ન્યાયતંત્ર આ ગંભીર મુદ્દાને સમજે. રાજકોટમાં હાઈકોર્ટ બેચ આપવા અંગે તત્કાળ સકારાત્મક નિર્ણય લેવાવો જોઈએ. સૌરાષ્ટ્રની પ્રજાને અન્યાયમાંથી મુક્તિ અપાવવી એ શાસકોની નૈતિક અને બંધારણીય જવાબદારી છે. જો આ નિર્ણય ઝડપથી નહીં લેવાય, તો લોકરોષ વધુ ઉગ્ર બનવાની પૂરી શક્યતા છે.

# સુપ્રીમ કોર્ટે વિદ્યાર્થીઓ પર થયેલા લાઠીચાર્જને ખોટો ગણાવ્યો

## કોર્ટે કહ્યું શાંતિપૂર્ણ વિરોધએ બંધારણીય અધિકાર છે



નવીદિલ્હી, તા. ૨૭

સુપ્રીમ કોર્ટે પેપર લીક સામે દેશવ્યાપી વિદ્યાર્થીઓના વિરોધ પ્રદર્શન પર પોતાની ટિપ્પણીઓ જાહેર કરી છે. સુપ્રીમ કોર્ટે આજે જણાવ્યું હતુ કે શાંતિપૂર્ણ અને કાયદેસર વિરોધનો અધિકાર બંધારણ દ્વારા સુરક્ષિત છે, અને ફક્ત વિરોધના આધારે લાઠીચાર્જને વાજબી ઠેરવી શકાય નહીં. ઈઉંઈ સૂર્યકાંત, જસ્ટિસ જોયમલ્યા બાગચી અને જસ્ટિસ વી. મોહનાની બનેલી બેન્ચે સુપ્રીમ કોર્ટ સમક્ષ અનેક અરજીઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો ત્યારે આ ટિપ્પણીઓ કરી હતી. આ અરજીઓમાં આરોપ મૂકવામાં આવ્યો હતો કે પોલીસે દેશભરમાં પરીક્ષા પેપર લીક સામે વિરોધ કરી રહેલા વિદ્યાર્થીઓ પર અતિશય બળનો ઉપયોગ કર્યો હતો. સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે પોલીસ અતિરેકના આરોપોની સ્વતંત્ર રીતે તપાસ થવી જોઈએ અને દેશભરમાં વિરોધ પ્રદર્શન કરી રહેલા વિદ્યાર્થીઓ પર સમાન પોલીસ પ્રોટોકોલની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.

આ અરજીઓમાં આરોપ મૂકવામાં આવ્યો હતો કે પોલીસે દેશભરમાં પરીક્ષા પેપર લીક સામે વિરોધ કરી રહેલા વિદ્યાર્થીઓ પર અતિશય બળનો ઉપયોગ કર્યો હતો. સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે પોલીસ અતિરેકના આરોપોની સ્વતંત્ર રીતે તપાસ થવી જોઈએ અને દેશભરમાં વિરોધ પ્રદર્શનોને સંબોધવા માટે સમાન પોલીસ પ્રોટોકોલની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. ઈઉંઈએ જણાવ્યું હતું કે શાંતિપૂર્ણ, કાયદેસર વિરોધનો અધિકાર બંધારણ હેઠળ સંપૂર્ણપણે સુરક્ષિત છે. જ્યાં સુધી તે શાંતિપૂર્ણ વિરોધ છે, ત્યાં સુધી ફક્ત તેના કારણે અતિરેક કરી શકાતો નથી. જો અતિરેક થયો હોય, તો તેની સ્વતંત્ર રીતે તપાસ થવી જોઈએ. આ દિલ્હીનો મુદ્દો નથી. પ્રોટોકોલમાં એકરૂપતા આવશ્યક છે. ફક્ત વિરોધ થઈ રહ્યો હોવાથી લાઠીચાર્જની જરૂર નથી. શિસ્ત લોકશાહી પ્રક્રિયાનો એક આવશ્યક ભાગ છે. કોર્ટે ઘટના દરમિયાન ઘાયલ થયેલા પોલીસકર્મીઓના પરિવારોનું પ્રતિનિધિત્ કરતા વકીલોની કાર્યવાહીમાં ભાગ લેવાની વિનંતી પણ મંજૂર કરી.

ન્યાયાધીશ બાગચીએ જણાવ્યું હતું કે કોઈ પણ વ્યક્તિને, પછી ભલે તે પોલીસકર્મી હોય કે વિદ્યાર્થી, કોઈપણ પ્રકારની ઈજા સમાન રીતે ચિંતાજનક છે. આપણે સરકારને પૂછી શકીએ છીએ કે આવી પરિસ્થિતિઓનો સામનો કરવા માટે પોલીસને પૂરતા સાધનો કેમ પૂરા પાડવામાં આવ્યા નથી. તેમની પાસે હેલ્મેટ હોવા જોઈએ. આવતીકાલે બધી અરજીઓની એકસાથે સુનાવણી થશે. ૨૦ જુલાઈના રોજ, દિલ્હીમાં કોકરોચ જનતા પાર્ટીના નેતૃત્વમાં નસ્રસાંસદ ચલોસ્રસ્ર વિરોધ કૂચ દરમિયાન, વિરોધીઓ અને સુરક્ષા કર્મચારીઓ વચ્ચે અથડામણ થઈ હતી. સોશિયલ મીડિયા પરના વીડિયો અને ફોટામાં પોલીસ સંસદ તરફ આગળ વધવાનો પ્રયાસ કરી રહેલી ભીડને વિખેરવા માટે લાઠીચાર્જ અને ટીયર ગેસનો ઉપયોગ કરતી જોવા મળી હતી. પેપર લીક સામે વિદ્યાર્થીઓના વિરોધ પર સુપ્રીમ કોર્ટે ટિપ્પણી કરી છે. કોર્ટે જણાવ્યું હતુ કે શાંતિપૂર્ણ વિરોધનો અધિકાર બંધારણીય રીતે સુરક્ષિત છે અને પોલીસ લાઠીચાર્જને ફક્ત વિરોધના આધારે વાજબી ઠેરવી શકાય નહીં. પોલીસ અતિરેકના આરોપોની સ્વતંત્ર રીતે તપાસ થવી જોઈએ.

# જંતર-મંતર આંદોલને GEN Zનો પ્રભાવ વધાર્યો

## ચૂંટણીની આસપાસ ચર્ચા શરૂ થઈ : ચૂંટણી લડવાની ઉંમર ઘટાડવાની પણ માંગણી



નવીદિલ્હી, તા. ૨૭

પેપર લીક મુદ્દે દિલ્હીના જંતર-મંતર ખાતે વિદ્યાર્થીઓના સફળ વિરોધ પ્રદર્શન અને શિક્ષણ મંત્રીના રાજીનામાની માંગણી બાદ, દેશનો રાજકીય માહોલ બદલાઈ ગયો છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ પણ યુવાનો સાથે વાતચીત પર ભાર મૂકવાનું શરૂ કર્યું છે. તેઓ પોતે યુવાનો માટે લોકપ્રિય પ્લેટફોર્મ ઈન્સ્ટાગ્રામમાં જોડાયા છે અને સતત વાતચીત કરી રહ્યા છે. તેમણે પોતાના મંત્રીઓને પણ આવું કરવા વિનંતી કરી છે. વધુમાં, વિપક્ષ હવે ચૂંટણી લડવા માટેની ઉંમર ઘટાડીને ૨૧ વર્ષ કરવાની માંગ કરી રહ્યું છે. ગુરુવારે, ગયા અઠવાડિયે વિદ્યાર્થીઓના વિરોધ વચ્ચે, પીએમ મોદીએ ઈન્સ્ટાગ્રામ પર વિદ્યાર્થીઓને સંબોધિત કરતો એક વીડિયો પોસ્ટ કર્યો, જેણે અગાઉના તમામ રેકોર્ડ તોડી નાખ્યા અને ૨૪ કલાકમાં ૩૦૩ મિલિયનથી વધુ વ્યૂઝ સાથે વિશ્વ રેકોર્ડ બનાવ્યો. જનરલ ઝેડ સાથે પોતાનું જોડાણ જાળવી રાખવા માટે, પીએમ મોદીએ ઈન્સ્ટાગ્રામ પર વધુ વીડિયો પણ પોસ્ટ કર્યા છે. વધુમાં, તેમણે તેમના કેબિનેટ મંત્રીઓ અને અન્ય નેતાઓને ઈન્સ્ટાગ્રામ પર સક્રિય રહેવાની સલાહ આપી છે. વિદ્યાર્થી વિરોધ વચ્ચે, વડા પ્રધાન પોતે જનરલ ઝેડ યુવાનો સાથે સતત સંપર્કમાં છે. ગઈકાલે, રવિવારે, વાઈબ્રન્ટ વિલેજ પ્રોગ્રામના ભાગ રૂપે વડા પ્રધાને વીડિયો કોન્ફરન્સ દ્વારા યુવાનો સાથે વાતચીત કરી. તેમણે કહ્યું, નસ્રમારા દેશના યુવાનો માટે, દેશ પહેલા આવે છે. એક ભારત અને શ્રેષ્ઠ ભારત અન્ય લોકોને પણ પ્રેરણા આપશે. આંધ્રપ્રદેશના તમારા મિત્રો તમારી રીલ્સ જોઈને કોમામાં સરી ગયા હશે.સ્રસ્ર પીએમ મોદીએ યુવાનોને તેમની યાત્રાઓ શેર કરવા અને તેમના વિશે જાગૃતિ લાવવા વિનંતી કરી.પીએમ મોદીના નેતૃત્વને અનુસરીને, ભારતીય જનતા પાર્ટીએ યુવાનો સાથે જોડાવા માટે એક અભિયાન શરૂ કર્યું છે. રવિવારે, ભાજપ દિલ્હીના પ્રમુખ હર્ષ મલ્હોત્રાએ નસ્રયુવા સંવાદ (જનરલ-ઝેડ વિથ મોદી)સ્રસ્ર કાર્યક્રમનું આયોજન કર્યું. દિલ્હીની વિવિધ યુનિવર્સિટીઓ અને કોલેજોમાં ઉચ્ચ શિક્ષણ મેળવતા આશરે ૫૦ યુવા વિદ્યાર્થીઓ, કેટલાક સાથેના માતાપિતા સાથે, કાર્યક્રમમાં ભાગ લીધો હતો.આ મંચ પર, યુવાનોએ સેન્ટ્રલ પીપલ્સ ડેમોક્રેટિક પાર્ટી (ઈઉંડ) દ્વારા જંતર-મંતર પર આયોજિત વિરોધ પ્રદર્શન પર પોતાના વિચારો વ્યક્ત કર્યા. જો કે, તેઓએ વિરોધ પ્રદર્શનની અયોગ્ય ગણાવી અને કહ્યું કે કોઈપણ આંદોલન દેશ અને સમાજને એક કરતી સકારાત્મક વિચારસરણીથી પ્રેરિત હોવું જોઈએ. તેમનું કહેવું છે કે વિરોધ પ્રદર્શન દરમિયાન હિન્દુ વિરોધી અને રાષ્ટ્ર વિરોધી નિવેદનો આપવામાં આવ્યા હતા, જે રાષ્ટ્રની એકતા અને સામાજિક સંવાદિતા માટે હાનિકારક છે. બાંકીપુરથી પહેલી વાર ચૂંટણી લડી રહેલા પ્રશાંત કિશોરે જંતર મંતર પર વિદ્યાર્થીઓના વિરોધ પ્રદર્શન અને લાઠીચાર્જ વિશે કહ્યું, નસ્રઆ વિરોધ ફક્ત જંતર મંતર પર જ નહીં, પરંતુ દેશના દરેક ખૂણામાં થયો હતો. જે રીતે વિદ્યાર્થીઓને માર મારવામાં આવ્યો તેની અસર બાંકીપુર પર પડશે. તે બેંગલુરુમાં અનુભવાશે. તે કેરળમાં અનુભવાશે અને તે ગુજરાતમાં પણ અનુભવાશે.સ્રસ્ર પ્રશાંત કિશોર પોતાના ચૂંટણી પ્રચારમાં યુવાનોને મંચ પર લાવી રહ્યા છે અને તેમનો ઉપયોગ મોદી સરકાર અને રાજ્યની સમ્રાટ ચૌધરી સરકાર સામે કરી રહ્યા છે. હવે, ભાજપે પણ બાંકીપુરમાં યુવાનો સાથે, ખાસ કરીને જનરલ-ઝેડ સમુદાય સાથે સારા સંબંધો બનાવવાનો પ્રયાસ શરૂ કર્યો છે. દિલ્હીના સાંસદ અને ભોજપુરી ગાયક મનોજ તિવારીએ આ અભિયાન દ્વારા યુવાનો સુધી પહોંચ્યો અને તેમની સાથે વાતચીત કરી. કાર્યક્રમ પછી, મનોજ તિવારીએ વિદ્યાર્થીઓ સાથે સેલ્ફી પણ લીધી.

# ભાષણોની નહીં, વિશ્વાસની જરૂર

## પેપર લીકને લઈને હરિયાણામાં રાજકીય યુદ્ધ શરુ થયું



નવીદિલ્હી, તા. ૨૭

હરિયાણામાં પેપર લીકનો મુદ્દો ફરી એકવાર રાજકીય યુદ્ધનું મેદાન બની ગયો છે. આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય મીડિયા ઇન્ચાર્જ અનુરાગ ઢાંડાએ હરિયાણા ભાજપને ખુલ્લો પડકાર ફેંક્યો છે. તેમણે પૂછ્યું કે ભાજપ સરકારના કાર્યકાળ દરમિયાન કઈ ભરતી પરીક્ષા પેપર લીક કે ભરતી વિવાદોથી અસ્પૃશ્ય રહી છે. તેના જવાબમાં, હરિયાણા ભાજપે અઅડ પર જૂઠ્ઠાણા ફેલાવવાનો આરોપ લગાવ્યો અને તેની સરકારની ભરતી પ્રક્રિયાને શ્રેષ્ઠ મોડેલ ગણાવી. બંને પક્ષો વચ્ચે દોષારોપણનો દોર વધી રહ્યો છે, પરંતુ આ રાજકીય યુદ્ધ વચ્ચે સૌથી મોટો પ્રશ્ન હરિયાણાના લાખો બેરોજગાર યુવાનોનો છે, જેમની મહેનત અને ભવિષ્ય ભરતી વિવાદોમાં વારંવાર બલિદાન આપતું દેખાય છે.

આમ આદમી પાર્ટીનો આરોપ છે કે ભાજપ સરકારના કાર્યકાળ દરમિયાન ૩૦ થી વધુ ભરતી પરીક્ષાઓ પેપર લીક અથવા ગંભીર ગેરરીતિઓના આરોપોથી ખરડાઈ ગઈ હતી. આમાં ગ્રામ સચિવ, કારકુન, વીજળી વિભાગના કારકુન, આબકારી નિરીક્ષક, કૃષિ નિરીક્ષક, કંડક્ટર, ઈઝઈ ઇન્સ્ટ્રક્ટર, નાયબ તહસીલદાર, ઇંઝઊઝ, પોલીસ કોન્સ્ટેબલ, પટવારી, ઝઞઝ, ડેન્ટલ સર્જન, સ્ટેનો ટાઇપિસ્ટ, ઞઉઈ, જુનિયર ડ્રાફ્ટ્સમેન અને અન્ય ઘણા લોકોની ભરતીઓનો સમાવેશ થાય છે. વિપક્ષનો દાવો છે કે જ્યારે પણ પેપર લીકની જાણ થાય છે, ત્યારે પરીક્ષા રદ કરવામાં આવે છે અને તપાસ શરૂ કરવામાં આવે છે, પરંતુ સૌથી મોટું નુકસાન વર્ષોથી તૈયારી કરનારા યુવાનોને થયું છે.

વિપક્ષ એ હકીકત પર પણ પ્રશ્ન ઉઠાવી રહ્યો છે કે ભરતી પરીક્ષાઓની ગુપ્તતા અને સુરક્ષા પર વાર્ષિક ૨૦ કરોડ રૂપિયાથી વધુ ખર્ચ કરવામાં આવે છે. આમ છતાં, વારંવાર પેપર લીક અને ભરતી વિવાદોનું કારણ શું છે? જો સિસ્ટમ સંપૂર્ણપણે પારદર્શક છે, તો પરીક્ષાઓ પર વારંવાર પ્રશ્ન કેમ ઉઠાવવામાં આવે છે? યુવાનોના સમય, પૈસા અને માનસિક તાણની ભરપાઈ કોણ કરશે? દરમિયાન, હરિયાણા ભાજપ આ બધા આરોપોને રાજકીય પ્રચાર ગણાવી રહી છે. પક્ષનો દાવો છે કે ભાજપ સરકારે લાખો યુવાનોને યોગ્યતાના આધારે, કોઈપણ ભલામણ કે લાંચ વિના નોકરીઓ આપી છે. ભાજપનો આરોપ છે કે આમ આદમી પાર્ટી હરિયાણાની સિદ્ધિઓ પરથી ધ્યાન હટાવવા માટે ભ્રમ ફેલાવવાનો પ્રયાસ કરી રહી છે અને પહેલા ભરતી, કાયદો અને વ્યવસ્થા અને પંજાબમાં ડ્રગ્સના દુરુપયોગ જેવા મુદ્દાઓ પર ધ્યાન આપવું જોઈએ.

પરંતુ સોશિયલ મીડિયા પર ચર્ચા હવે અઅડ અને ઈઉંડ સુધી મર્યાદિત નથી રહી. મોટી સંખ્યામાં યુવાનો પ્રશ્ન કરી રહ્યા છે કે દરેક ભરતી અભિયાન વિવાદોથી ઘેરાયેલું કેમ છે. કેટલાક પોતાની ઉંમર ગુમાવે છે, કેટલાક વર્ષોથી તૈયારી કરે છે, અને કેટલાક પરિવારની અપેક્ષાઓને ધ્યાનમાં રાખીને પરીક્ષા આપે છે. છતાં, જ્યારે ભરતી રદ થાય છે અથવા તપાસ હેઠળ આવે છે, ત્યારે મહેનતુ ઉમેદવાર સૌથી મોટી કિંમત ચૂકવે છે. આજે, હરિયાણાના યુવાનો ભાષણો નહીં, રાજકારણીઓ પાસેથી ખાતરી માંગે છે. તેઓ એવી ભરતી પ્રણાલી ઇચ્છે છે જેમાં પરીક્ષાઓ સમયસર લેવામાં આવે, પેપર્સ સુરક્ષિત હોય, દોષિતોને તાત્કાલિક સજા મળે અને પેપર લીક માફિયાઓ દ્વારા પ્રામાણિક ઉમેદવારોની મહેનતને નુકસાન ન થાય. રાજકીય વાણી-વર્તન તેના શ્રેષ્ઠ સ્તરે છે, પરંતુ યુવાનોનો પ્રશ્ન રહે છેઃ શું મહેનત હરિયાણામાં નોકરીની પરીક્ષાઓ જીતશે, કે પેપર લીક હંમેશા હેડલાઇન્સ બનાવશે?

# શબ્દ બ્રહ્મ

### સદગુરૂ કૃપા હી કેવલમ્...

# પ્રાસંગિક

## ન ગુરોરધિકં તત્ત્વં, ન ગુરોરધિકં તપઃ., સદગુરૂથી અધિક જગતમાં ન કોઈ તત્વ છે, ન કોઈ તપ છે!



આવતી કાલે અષાઢ સુદ પૂનમ એટલે કે ગુરુ પૂર્ણિમા છે, અને આ લેખિકા માટે સદગુરુથી ઉપર કોઈ નથી, એ અનૂભૂતિ શબ્દોથી પરે છે, અને છતાં ફલ નહીં તો ફૂલની પાંખડી એમ રોજ લેખ રુપે પીરસાય પણ છે! સદગુરુ શિષ્યનાં અનૂભૂતિનાં આકાશમાં મૂલાધાર થી સહસ્ત્રાર સુધીનાં રંગોની રંગોળી રચી ક્ષણોને આલ્હાદક બનાવે છે, અને પછી કહે છે હવે આ જ રંગોનું કે ભાવનું સર્જન તું સંસારમાં કરી દેખાડ! અલૌકિક ને લૌકિક કરવું, બહુ કઠિન છે! સંબંધો કે જ્યાં રાગ જ કેન્દ્રમાં હોય, ત્યાં રંગ કે ભાવનું રોપણ? પહેલાં એક એક રાગનાં તંતુઓ છોડાવી વૈરાગી બનાવી દે, અને પછી એ જ તંતુઓ સાથે અનુરાગ જોડી પરમ પ્રેમનાં પંથે દોરી જગતમાં જગદીશનું દર્શન કરાવે. અષાઢ સુદ પૂનમ એટલે વેદ વ્યાસની જન્મ જયંતી! ભગવાન વેદ વ્યાસે સાંપ્રત મન્વતંરમાં વેદને વિભાજીત કર્યાં અને અઢાર પુરાણ લખ્યાં. વેદ વ્યાસ સનાતન ધર્મનાં પ્રથમ આચાર્ય છે, માટે આજનાં દિવસને વ્યાસ પૂર્ણિમા અથવા ગુરુ પૂર્ણિમા કહેવામાં આવે છે.

ગુરુ માટે આપણે ત્યાં અનેક વ્યાખ્યાઓ થઈ છે. આપણાં સનાતન ધર્મમાં અધ્યાત્મ પંથે દોરનારને ગુરુ કહેવામાં આવે છે! વિશ્વમાં એક સનાતન ધર્મમાં જ આત્મા પરમાત્માનાં સાક્ષાત્કારની વાત છે, અને સંસારમાં રહીને પણ પરમ તત્વની પ્રાપ્તિ થઈ શકે, એવું જ્ઞાન ગુરુ આપે છે. ગુરુ એટલે શિષ્યને અજ્ઞાન રુપી અંધકારથી જ્ઞાન રુપી પ્રકાશ તરફ દોરતી અલૌકિક શક્તિ. ગુરુ એટલે શિષ્યની જીવાદોરી, ગુરુ એટલે હરક્ષણ જાગૃત રાખતું પ્રેરક બળ, ગુરુ એટલે દિવ્ય રોશની, ગુરુ એટલે અનુભવની એરણે ચડાવીને નિત્ય નૂતન જ્ઞાન આપતું અસ્તિત્વ, સિદ્ધિ નહીં પણ શુદ્ધિ જરૂરી છે, એ સમજાવી સ્પર્ધા મુક્ત કરી સંસાર સુખદ બનાવે. આમ તો ગુરુપૂર્ણિમા નામમાં જ ગુરુનો વિશિષ્ઠ અર્થ સમાયો છે! ગુરુ + પૂર્ણિમા એટલે કે જે ગુરુ, શિષ્યને પૂનમના ચાંદ જેમ સોળ સિદ્ધિની કે સોળ શુદ્ધી અપાવે છે, અથવા તો પૂર્ણ આનંદ સુધીની સફર કરાવી એને જન્મ મૃત્યુનાં શાશ્વત બંધનમાંથી મુક્ત કરી, આનંદ સ્વરૂપ બનાવે છે, અને એટલે એનાં પૂજનનો મહિમાં ગવાયો છે.બાળકનાં જન્મથી જ એને સાચાં સંસ્કાર આપનાર માતા પિતાને પ્રથમ ગુરુ તરીકે મનાવવામાં આવે છે. પણ ગુરુ એટલે ગુરુ એનું સ્થાન સૌથી ઉપર છે, અને આપણાં વૈદિક શાસ્ત્રમાં ગુરુની મહત્તા બતાવતાં ઘણાં મંત્રો છે.

૧)ગુરુબ્રહ્મા ગુરુર્વિષ્ણુ ગરુર્દેવો મહેશ્વરઃ,
ગુરુઃ સાક્ષાત પરબ્રહ્મ તસ્મૈ શ્રીગુરવે નમઃ.

ગુરુ જ બ્રહ્મા છે, ગુરુ જ વિષ્ણુ છે, ગુરુ જ મહાદેવ છે. ગુરુ સાક્ષાત્ પરબ્રહ્મ સ્વરૂપ છે; એવા શ્રી ગુરુને નમસ્કાર.

૨) અજ્ઞાનતિમિરાન્ધસ્ય જ્ઞાનાઞ્જનશલાકયા,
ચક્ષુરુન્મીલિતં યેન તસ્મૈ શ્રી ગરુવે નમઃ.

જે ગુરુએ અજ્ઞાનરૂપ અંધકારમાં રહેલા મારા જ્ઞાનચક્ષુ ખોલ્યા, એવા શ્રી ગુરુને નમસ્કાર.

૩) ધ્યાનં મૂલમ ગુરુ મૂર્તિ,પૂજા મૂલમ ગુરુ પદમ,
મંત્રં મૂલમ ગુરુ વાક્યમ,મોક્ષ મૂલમ ગુરુ કૃપા.

સાચાં શિષ્યને ધ્યાન કરવા માટે, સદગુરુનું મંગલ સ્વરૂપ પર્યાપ્ત છે, પૂજા કરવા માટે તેનાં ચરણ, અને ગુરુનાં વચનો જીવન મંત્ર બની તેને કાયમ દોરે છે, અને ગુરુકૃપા તેને મોક્ષ તરફ લઈ જાય છે.

૪)યસ્ય દેવે પરા ભકતિઃ યથા દેવે તથા ગુરૌ,
તસ્યૈતે કથિતા હ્યર્થાઃ પ્રકાશન્તે મહાત્મનઃ.

જે શિષ્યને ભગવાન પ્રત્યે પરમ ભક્તિ હોય અને તેવી જ ભક્તિ ગુરુ પ્રત્યે હોય, તેના માટે શાસ્ત્રોના તમામ રહસ્યો પ્રગટ થાય છે.

૫)ગુરૌ મનુષ્યબુદ્ધિં ચ મન્ત્રે ચાક્ષરભાવનામ્,
પ્રતિમાસુ શિલાબુદ્ધિં કુર્વાણો નરકં વર્જેત.

જે ગુરુને માત્ર સામાન્ય મનુષ્ય સમજે, મંત્રને માત્ર અક્ષરો સમજે અને મૂર્તિને માત્ર પથ્થર સમજે, તે આધ્યાત્મિક કલ્યાણથી વંચિત રહે છે.

૬)ન ગુરોરધિકં તત્ત્વં, ન ગુરોરધિકં તપઃ,
તત્તવજ્ઞાનત્પરં નાસ્તિ તસ્મૈ શ્રીગુરવે નમઃ .

ગુરુથી મહાન કોઈ તત્ત્વ નથી, ગુરુથી મહાન કોઈ તપ નથી. તત્ત્વજ્ઞાનથી શ્રેષ્ઠ કંઈ નથી; એવા શ્રી ગુરુને નમસ્કાર.

અને એટલે જ ગુરુને સાક્ષાત પરબ્રહ્મનું સ્થાન આપ્યું છે. બંદઉ ગુરુ પદ પદમુ પરાગા..જેવાં શ્લોકથી શિષ્ય ગુરુ પૂજન કરે છે, અને ગુરુ શિષ્યને પરમ પથ પર દોરે છે. ગુરુ બિન જ્ઞાન કહાં સે પાઉં.ગુરુ ગોવિંદ દોનું ખડે કાકે લાગૂ પાય! જેવી ગુરુ તત્વ ને બિરદાવતી કબીરની અનેક સાખી છે.

આજે આપણી પાસે વૈજ્ઞાનિક વિકાસને કારણે આનંદ સિવાય લગભગ બધું જ છે, એમ કહી શકાય! માનવી અવકાશ યાત્રા પણ કરી શકે છે! અન્ય ગ્રહ પરનું અવલોકન પણ કરી શકે છે. પણ ગુરુ એક એવો ગ્રહ છે, જો એને ચરણે બેસી જઈએ તો બાકી બધાં આગ્રહો છોડાવીને અનુરાગમાં ફેરવી નાખે. હકીકતમાં સુખને આનંદ સમજવાની ભૂલને કારણે જ આપણે આનંદ સુધી પહોંચી શકતા નથી. માનવી છીએ એટલે સુખની ચાહ એમ સમાપ્ત થતી નથી! કે શ્રેષ્ઠ સુખ માટેની જીદ્દ પણ જતી નથી! કારણકે સમજ એટલે કે તત્વતઃ જ્ઞાનનો અભાવ છે. માનવીની બીજી ભૂલ એ છે કે શિક્ષણથી સમજ કે જ્ઞાન આવે! પણ શિક્ષણથી માત્ર માહિતી કે જાણકારી વધી છે, ઉલટું અહીંથી એક દિવસ બધું મૂકીને જવાનું છે, તો શું કામ મારું! મારું! ? આવી સાવ સામાન્ય સમજથી પણ આપણે દૂર થતાં જઈએ છીએ! સદગુરુ પોતાનો શિષ્ય પૂર્ણતાનાં આરે પહોંચી શકે એ માટે, પ્રથમ જીવન માંથી ત્રણેય કાળના કાટને કાઢી, સત્યનિષ્ઠ કરે છે, ત્યારબાદ સમય, સંજોગ, અને સંબંધની સમજને સમ બનાવી સહજ બનાવે છે.

સમય ** એટલે કે સાલ, તારીખ, તિથિ, વાર મુજબ જે વર્તમાન કાળ હોય, એની સામે આપણો લાખ વિરોધ હોય, પણ એમાં આપણે કંઈ જ કરી શકીએ નહીં! નથી ભૂતકાળમાં જવાતું કે નથી ભવિષ્યમાં! દાખલા તરીકે આજે ગુરુવાર છે તો છે! આપણાં ઈચ્છવાથી એ રવિવાર થઈ જતો નથી! ઉપરાંત હમારે જમાને મેં તો..અને એ આપણે સૌ જાણીએ જ છીએ! છતાં સમ રહી શકતાં નથી. વ્યક્તિગત રીતે સમયનું પરિબળ હંમેશા પરિપેક્ષ હોય છે, એટલે કે કોઈનો ભૂતકાળ પીડિત હોય, કોઈનો પ્રસન્ન હોય, પણ જે થયું તે થયું અને જે ગયું તે ગયું! એવી જાણકારીને સહજ સમજમાં પરિવર્તિત કરવાનો અનુભવ કરાવીને શિષ્યને સમ બનાવે છે.

સંજોગ** એટલે કે સમય સાથે જોડાયેલી એવી પરિસ્થિતિ કે જેમાં આપણે નિઃસહાય થઈ જઈએ છીએ. કુદરતી આપત્તિ સમયે લાખ ધમપછાડા કરીએ, છતાં કંઈ હાથ આવતું નથી, દાખલા અતિવૃષ્ટિનો પ્રકોપ! ત્યારે સાવચેતી રાખવી, મૌન રહેવું, ધીરજ રાખવી, કે સમય છે, આ પણ પસાર થઈ જશે! પરિસ્થિતિ સામાજિક પારંપરિક કે વ્યક્તિગત પણ હોય શકે છે, પણ ધીરજનાં ફળ મીઠા એવી સમજ કેળવવી પડે અને એ સદગુરુ કૃપાથી કેળવાય છે.

સંબંધ** સમય સંજોગને આપણે હજી સ્વીકારી લઈએ છીએ! પણ સંબંધમાં બાંધછોડ થતી નથી, અને એ જ આનંદ સુધી પહોંચી ન શકવાનું કારણ છે. કોઈ પણ આપસી સંબંધ હોય, એમાં અપેક્ષા ઉપેક્ષા, હા અને ના, આગ્રહ નિગ્રહ કે પછી નિંદા સ્તુતિના દ્વન્દ્વ યુદ્ધ ચાલે જ રાખે છે, અને એમાંથી લોભ, લાલચ, ઈર્ષા, અહમ, દીનતા, ક્રૌધ, કામ, અને હિંસા જેવા ભાવ પ્રગટે છે! અન્યનું છોડ, પોતાની તરફથી અપેક્ષા મુક્ત થવું, એ જ તમામ ભાવોમાં સમ રહેવાની ચાવી છે, એ સત્ય સદગુરુ સમજાવે છે.

ઘણાંને એમ થતું હશે કે શિષ્ય માટે સદગુરુનું આટલું મહાત્મ્ય શું કામ છે? પણ એ તો કોઈ શુભ મંગલમાં નિરંતર ગતિ કરતાં ચરણોમાં આધિ, વ્યાધિ, ઉપાધિ, બધું જ છોડી બેસી જઈએ તો જ સમજાય! ગઈકાલ સુધી જગત દુઃખનું મૂળ કહેનાર સાધક જગત એટલે જ જગદીશ! એ સત્યને સ્વીકારી ઉદાર, કૃપાળુ, માયાળું, અને મિતભાષી બનીને લોકમંગલ માટે સદગુરુનાં આચરણને અનુસરે છે.આમ સાધક શિષ્ય માટે સદગુરુ તેનું સકળ અસ્તિત્વ છે, તેનાં વ્યક્તિત્વને ઘડનાર પરમ શિલ્પકાર છે. તેનામાં તમામ પ્રકારની વિદ્યાનું રોપણ કરનાર એક સમર્થ ગુરુ એટલે કે આચાર્ય પણ છે. જીવન રંગોને બેલેન્સ કરનાર એક ગજબનો ચિત્રકાર પણ છે. સદગુરુ પરનાં પૂર્ણ ભરોસાથી શિષ્યમાં શરણાગત ભાવ સ્થાયી બને છે, જેથી શિષ્યનો દીવો આંધી તોફાનમાં પણ પ્રકાશ ફેલાવી શકે છે! અને આવાં અપરંપાર અજવાળાં પ્રદેશનાં સમર્થ સમ્રાટ એવાં મારા શ્રી સદગુરુ ભગવાનને ચરણે આજનાં દિવસે સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. જય સીયારામ.

લી ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

### ગુનેગારોમાં ખાખીનો ખોફ કાયમ રાખવા, શહેરમાં શાંતિ સ્થાપી રાખવા પોલીસનો પ્રયાસ

# પીધેલા, છરીઓ લઈ નીકળેલાને પકડવામાં પોલીસની ‘સદી’

## ઠેકઠેકાણે ખાસ કોમ્બીંગ નાઈટમાં કાર્યવાહીઃ છરીઓ સાથે સાંઇઠ અને દારૂ પીધેલા છેતાલીસ પકડાઇ જતાં પોલીસે કરી કાર્યવાહી

રાજકોટ,તા.૨૭

રંગીલા શહેર રાજકોટમાં છેલ્લા કેટલાક સમયથી ગુનેગારો ગમે ત્યારે ગમે ત્યાં છરીઓ ઉલાળી લેતાં હોય અને નશાખોરો પણ હાલી નીકળતાં હોય આવા તત્વોને ડામી દેવા અને ગુનેગારો ઉપર ખાખીની ધાક બેસાડવા છેલ્લા કેટલાક સમયથી દર રવિવારે ખાસ કોમ્બીંગ નાઈટ યોજવામાં આવે છે. આ દરમિયાન આ વખતે પોલીસે અધધધ કેસ નોંધી છરી સાથે અને નશો કરેલી હાલતમાં નીકળેલા શખ્સોને પકડવામાં સદી ફટકારી દીધી હતી. જેમાં દારૂ પીધેલા પીસ્તાલીસ જેટલા અને છરી સાથે નીકળેલા સાંઇઠથી વધુ શખ્સો પોલીસની ઝપટમાં આવી જતાં ગુના દાખલ કરી કાર્યવાહી કરવામાં આવી હતી.

વિગતો જોઇએ તો શહેરમાં સુલેહ શાંતિનો ભંગ ન થાય અને કાયદો વ્યવસ્થા જળવાઇ રહે તેમજ ગુનેગારો પર પોલીસની ધાક રહે તે માટે રવિવારે રાતે શહેરભરના પોલીસ સ્ટેશનોના ઇન્ચાર્જ અને તેમની ટીમો દ્વારા ખાસ કોમ્બીંગ નાઇટનું આયોજન કરાયું હતું. જેમાં અલગ અલગ વિસ્તારોમાંથી દારૂ પીધેલા, દારૂ પી વાહન હંકારી નીકળનારા ૪૬ને પકડી લઇ કાયદાનું ભાન કરાવાયું હતું. જ્યારે છરી સાથે રાખી નીકળેલા ૬૦ને પકડી લેવાયા હતાં. તમામ પોલીસ સ્ટેશનની ટીમો દ્વારા આ કોમ્બીંગ નાઈટ પોતપોતાના વિસ્તારોમાં યોજાઇ હતી.

અલગ અલગ વિસ્તાોરમાંથી દારૂ પીધેલા પકડાયા તેમાં એ-ડિવીઝન પોલીસે જૂની જેલ સામે ભવાનીનગર મેઇન રોડ પર રહેતો ઇમરાન અશરફભાઇ મોદી દારૂ પી સીએનજી રિક્ષા હંકારી જીલ્લા ગાર્ડન પાસે નીકળતાં, કેવડાવાડી શેરી નં. ૧માં રહેતો કાર્તીક મૃત્યુંજય મંડલ એક્ટિવા ગરૂડ ગબરી ચોકમાંથી, અમીનમાર્ગ પર કોટેચા ચોક પાસે રહેતો અજય ધીરૂભાઇ બોહકીયા હોસ્પિટલ ચોકમાં રામકૃષ્ણ નગર શેરી નં. ૦૨, મંજુ તિર્થ લેટ નં. ૨૦૧માં રહેતો હાર્દિક ભરતભાઇ પાટડીયા એક્ટિવા સાથે હેમુ ગઢવી હોલ નજીકથી દારૂ પીધેલો પકડ્યો હતો. તેમજ ભરત દુલાભાઇ ઓડેદરા પણ હેમુ ગઢવી હોલ પાસે દારૂ પીધેલો પકડાયો હતો. ભક્તિતનગર પોલીસે બાબરીયા કોલોનીના વિજય કાનજીભાઇ ખેર, થોરાળાના ધવલ વસંતભાઇ સોલંકી, નવલનગરના ધરમ પરેશભાઇ કતીયરા, મહિકાના સુરેશ બાવનજીભાઇ સરવૈયા, કોઠારીયા સોલવન્ટના મોહીન મહદમભાઇ મીર, વિજયનગરના કિશોર હંસરાજભાઇ મહેમદાબાદીને દારૂ પીધેલી હાલતમાં વાહન લઇ નીકળતાં ગાયત્રીનગર રોડ, સોરઠીયા વાડી સર્કલ, નાગરિક બેંક ચોકમાંથી પકડ્યા હતા.

તેમજ થોરાળા પોલીસે ચુનારાવાડ ચોકમાંથી રણછોડનગરના દીપક હરિલાલ માલવીયાને, મનહરપરાના મહેબુબ કાસમભાઇ કાકવાને, આજીડેમ ચોકડીએ રહેતાં કરણબહાદુર પ્રેમબહાદુર મહતારાને, કબીરવન સોસાયટીના વૈભવ રસીકભાઇ મકવાણાને, કનકનગરના ભરત સવજીભાઇ સોરાણીને દારૂ પી વાહન હંકરી નીકળતાં પકડી લીધા હતાં. આજીડેમ પોલીસે સાઇબાબા સર્કલ પાસેથી ધીરૂ આંબાભાઇ સાવલીયા, કોઠારીયા સોલવન્ટના રાકેશ શેષનાગ જાદવ, પવન સુભાષભાઇ ખંડેરાવ, જીતેન તેજારામ ગરોળા અને કોઠારીયા સોલવન્ટના દુર્ગેશ ભગવતીપ્રસાદ પાસવાન, ખોડીયારનગરના દર્શન દુધાભાઇ મેથાણીયાને દારૂ પી વાહન હંકારતા અને માજોઠીનગરના રહીમ બાબુભાઇ શેખને રિક્ષામાં દેશી દારૂ સાથે પકડી લેવાયો હતો. તેમજ હરસિધ્ધી પાર્કના રમેશ ચનાભાઇ ભરાડીયાને પણ દારૂ પીધેલો પકડાયો હતો.

પ્ર.નગર પોલીસે જંકશન રેલ્વે સ્ટેશન પાસે, પારસી અગીયારી ચોક, જામટાવર ચોક, બહુમાળી ભવન સર્કલ પાસેથી પોપટપરાના બળદેવ ઉર્ફે બળીયો રાજેશભાઇ ફેતપરા, લાલજી શામજીભાઇ વાવેચા, કાશી વિશ્વનાથ પલોટના દર્શીત હરેશભાઇ પરમારને અને બજરંગવાડીના રવિ બીજલભાઇ લાલવાણીને દારૂ પી રિક્ષા, ટુવ્હીલર હંકારી મોડી રાતે નીકળતાં પકડી લીધા હતાં.ગાંધીગ્રામ પોલીસે વર્ધમાનનગરના રાજાભૈયા ઇશ્વરદીન શાહુને માધાપર ચોકડીએ દારૂ પી હોન્ડા હંકારતા, પોપટપરાના નદીમ હનીફભાઇ સેતાને રૈયા ટેલિફોન એક્ષચેન્જ પાસે દારૂ પી વાહન હંકારતા પકડ્યા હતાં. યુનિવર્સિટી પોલીસે રૈયાધાર મફતીયાપરા વંડા પાસેથી રૈયા રોડ પર રહેતા રમેશ દેવરાજભાઈ નાયુડુ, શાંતિનગર ગેટ પાસે રોડ પરથી ઉપલેટાના કૈલાશનગર સોસાયટીના રવી ભાવેશભાઈ ભેડા, રૈયાધાર મફતીયપરા દશામાના મંદિર પાસે કાચા રસ્તા પરથી આનંદ રેસિડેન્સી પાસે રહેતા પદમબહાદુર રામબહાદુર નેપાળીને, ૧૫૦ ફુટ રીંગ રોડ પર સેકન્ડ વાઇફ હોટલ પાસેથી જીવરાજપાર્ક



૨૦૪ બી વિંગના હાર્દિક જયેશભાઈ ધાણકને, ગંગોત્રી પાર્ક મેઇન રોડ પરથી કાલાવડ રોડ પર રહેતા જીતુ મનસુખભાઈ સોલંકી અને શિવ શક્તિ એન્ટરપ્રાઇઝ પાસે જાહેર રોડ પરથી કાલાવડ રોડ ચિત્રકુટ એપાર્ટમેન્ટમાં રહેતા જય કીરીટભાઈ રાવલને નશામાં વાહન હંકારતા પકડ્યા હતાં.

ઉપરાંત માલવીયાનગર પોલીસેં નાના મૌવા મેઇન રોડ દેવનગર પાસે રહેતાં આનંદ રતિલાલ વાઘેલાને અમરનગર શેરી નં.૭ ના ખૂણેથી, અમરનગર ૨માં રહેતા હરપાલસિંહ દિલીપસિંહ ઝાલાને, અમીનમાર્ગ રવિવારી શાક માર્કેટ ગ્રાઉન્ડ પાસેથી શ્રીનાથજી સોસાયટીના રાજુ ફુલાભાઈ બારૈયાને, ગોંડલ રોડ દક્ષિણ મામલતદારની કચેરી સામેથી મવડી પ્લોટના રામચંદ્ર માંગીલાલ મકવાણાને અને લોધેશ્વર સોસાયટી સામેથી ગૌડલ રોડના કિરીટ પ્રતાપભાઈ ઝરીયાને તથા કોટેચા ચોક પાસે ક્વોર્ટર પાસેથી બેડીનાકા પાસે રહેતા દેવાંગ દિપકભાઈ પ્રધાનને દારૂ પીધેલી હાલતમાં પકડ્યા હતાં.

તાલુકા પોલીસે મવડી કણકોટ રોડેથી જીવરાજ પાર્કના હર્ષ હિતેભાઇ ભુત, ગોંડલ રોડ ખોડિયાર હોટેલ પાછળ રહેતાં મીત મનસુખભાઇ ભાલોડીયાને વાવડી રોડ પરથી દારૂ બી વાહન હંકારતા પકડી લીધા હતાં. કુવાડવા રોડ પોલીસે નવાગામ દેવનગર પાસેથી રાજા લલનભાઇ ચૌધરીને દેશી દારૂ સાથે, નવાગામ દેવનગર ઢોળા પાસેથી વલ્લભ વાલા મકવાણાને દારૂ પી બાઇક હંકારતા, આજીડેમ ચોકડીના મનિષ ઉર્ફે મનીયો મનસુખભાઇ રાઠોડને કુવાડવા જીઆઇડીસી પાસેથી દારૂ પીધેલા પકડી લેવાયા હતાં.જ્યારે હડમતીયા બેડીના અર્જુનસિંહ ભગીરથસિંહ જાડેજાને ગવરીદળ પાસેથી દારૂના ૩ ચપલા સાથે પકડ્યા હતાં. જ્યારે બેડીના સ્મશાન નજીકથી બેડલાના અનિલ હંસરાજભાઇ મકવાણા, ભુપત બાબુભાઇ સાકરીયાને દારૂના બે ચપલા સાથે એરપોર્ટ પોલીસે પકડ્યા હતાં. આમ તમામ પોલીસ સ્ટેશનો દ્વા જ્યારે છરીઓ સાથે જે શખ્સો પકડાયા તેની વિગતો જોઇએ તાં એ-ડિવિઝન પોલીસે રામનાથપરા ભવાનીનગર શેરી નં-૦૩માં રહેતો કાર્તિક દીલીપભાઇ ગોહેલને જીલ્લા ગાર્ડન પાસેથી પકડ્યો હતો. થોરાળા પોલીસે ભાવનગર રોડ ગંજીવાડાના નાકે, રાજમોતી મીલ પાસે, ચુનારાવાડ ચોક, અમુલ સર્કલ, દુધસાગર રોડ પરથી શિવાજીનગર શેરી નં. ૨૬ના રોહીત ઉર્ફે માથારો રાજુભાઇ મકવાણા, રેલનગર મેઇન રોડના રવી ઉર્ફે દકળ મનસુખભાઇ સોલંકી, મયુરનગર શેરી નં. ૦૪ના જયદીપ મનસુખભાઇ ફતેપરા, મનહર સોસાયટી શેરી નં. ૦૩ના મયુર ઉર્ફે ભુરો ભુપતભાઇ ઓળકીયા, રાવણ ચોક રાજમોતી મીલ સામે રહેતો નીતીન વિનોદભાઇ દેગામા, શ્રી રામ સોસાયટી શેરી નં. ૧૦ના સચીન મહેશભાઇ ચાવડા, કુબલીયાપરા શેરી નં. ૦૫નો આઝાદ દીપકભાઇ સોલંકી, દૂધસાગર રોડ ગુજરાત હાઉસીંગ બોર્ડ ક્વાર્ટરના ભાવેશ મગનભાઇ અને ભગવતી સોસાયટી શેરી નં. ૨ના અખ્તરહુશેન અબ્દુલભાઇ સુમરાને પકડ્યા હતાં. તેમજ પ્ર.નગર પોલીસે બહુમાળી સર્કલ, હોસ્પિટલ ચોક, રેલનગર પાસેથી સત્ય સાંઇ રોડ પર ચૈતન્ય બંગ્લોઝમાં રહેતાં નેવીલ સંજયભાઇ હદવાણી, દૂધસાગર રોડ શિવાજી નગર શેરી નં. ૧૨/૨ના વીજય દેવજીભાઈ દેવીપૂજક, નવરંગ પરા શેરી નં.૧ના ઘનશ્યામ હસમુખભાઈ સોલંકી, શીયાણી નગર ભવાની ચોક પાસે રહેતાં અજીત હમીરભાઈ મકવાણા અને બજરંગવાડી શેરી નં. ૧૪ના અજય ધનજીભાઈ પાટડીયાને છરી સાથે પકડ્યા હતાં. તેમજ ગાંધીગ્રામ પોલીસે શીતલ પાર્ક મેઇન રોડ ઝૂંપડપટ્ટીમાં રહેતોં લાલા વિરમભાઈ સાડમીયા, યુનિવર્સિટી રોડ ભગવતસિંહ ગાર્ડન પાસે રહેતો ગૌતમ ભીખુભાઈ રામાણી, વૈશાલી નગર શેરી નં. ૧૦નો સાગરભાઈ બીપીનભાઈ હેરમા અને ઘંટેશ્વર ૨૫ વારીયા ક્વાર્ટર નં. ૨૦૫નો ફારૂક બસીરભાઈ મલેકને ૧૫૦ રીંગ રોડ, ઘંટેશ્વર ૨૫ વારીયા, રૈયા ચોકડી, ચીથરીયા પીરની દરગાહ પાસેથી છરી સાથે પકડ્યા હતાં.

યુનિવર્સિટી પોલીસે કાલાવડ રોડ પર્લ પ્લાઝા એપાર્ટમેન્ટના રોહન રમેશભાઇ નેપાળી, રેલનગર છત્રપતિ શિવાજી ટાઉનશીપના ભાવિન મનોજભાઇ ભોલા, યાજ્ઞિક રોડ ઠક્કરબાપા હરીજનવાસના અમીત મંગલભાઇ પરમાર, નાગેશ્વર જીનેશ્વર એપાર્ટમેન્ટના પ્રશાંત વિનોદરાય સિમેજીયા, ભારતીનગર શેરી નં. ૦૪ના પાર્થ અતુલભાઇ નિમાવત, રૈયાધાર મફતિયાપરાના ગિરીશ માલજીભાઇ વાઘેલા, અયોધ્યા ચોક સેફ્રોન એપાર્ટમેન્ટના વક્રમ રમેશભાઇ નેપાળી અને ગુરૂજીનગર આવાસ યોજનાના મિતેશ રમેશભાઇ પરમારને કેવલમ આવાસ પાસે, રૈયા ગામ, રૈયાધાર, ગુરૂજીનગર, ટોપલેન્ડ સોસાયટી પાસેથી છરી સાથે પકડી લીધા હતાં.

ઉપરાંત માલવીયાનગર પોલીસે નાના મવા રોડ નેહરૂનગર શેરી નં. ૫ના નીરજ બહાદુરસિંહ દેવડા, મવડી જુના વણકરવાસ શેરી નં. ૨નો સુંદરબહાદુર ધંતબહાદુર સરકી, લક્ષ્મીનગર શેરી નં. ૦૨ના શરીફ રહીમભાઇ ભાસ, મવડી વૈદવાડી શેરી નં. ૦૨ના અભેસીંહ મોનાભાઇ પગી, મવડી પ્લોટ નવલનગર શેરી ૧૮ના હેમંત રમેશભાઇ સોઢા, અમરનગર શેરી નં. ૮ના દિનેશ શ્રીરામજસ યાદવ, નવલનગર શેરી નં. ૩ના ખૂણે રહેતાં મયુર જગદીશભાઇ મોરબીયા, સ્વામી નારાયણનગર મેઇન રોડના દિવ્યરાજસિહ સુખદેવસિહ રાણા, શ્રીધર એપાર્ટમેન્ટમાં રહેતાં જય મનીષભાઇ કથરેચા તેમજ ખોડીયારનગર શેરી નં. ૧માં રહેતા હિતેષ વિનોદભાઇ સોલંકી અને સલિમ પરવેઝભાઇ શેખને નવલનગર, મવડી રોડ અશોક ગાર્ડન, લક્ષ્મીનગર નાલા પાસે, વૈદવાડી, અતિથી ચોક, ગુરૂપ્રસાદ ચોક, સ્વામિનારાયણ ચોક, ખોડીયારનગર રોડ પરથી છરી સાથે પકડ્યા હતાં.તાલુકા પોલીસે સ્પીડવેલ ચોક ગોવાણી છાત્રાલય પાછળ રહેતાં અર્જુન ઉર્ફે અજુ વેરશીભાઇ માથાસુરીયા, મોટા મવા ચંદુભાઇ પરસાણાની વાડી પાસે રહેતાં ગોપાલ બેનાભાઇ મદુરીયા, મોટા મવા સ્મશાન પાસે રહેતોં ગોરધન જકશીભાઇ સાડમીયા અને વકીલની વાડી સામે રસુલપરામાં રહતાં અદનાન અબ્દુલવહાબભાઇ સૈયદને ઠાકર ચોક, સ્પીડવેલ પાર્ટી પ્લોટ પાસે, ગ્વાલીયા રેસ્ટોરન્ટ પાસે, અર્બન ડેક નજીકથી છરી સાથે પકડી લીધા હતાં. આ ઉપરાંત કુવાડવા રોડ પોલીસ, એરપોર્ટ પોલીસ અને ભક્તિનગર પોલીસે નવાગામ આણંદપર મફતિયાપરાના અજય વાયાભાઇ મકવાણા, વાંકાનેરના પીપરડી ગામના રમેશ થોભણભાઇ સિંધવ, બામણબોર જીઆઇડીસીના જયેશ વીરજીભાઇ ધરજીયા, ચોટીલા અપના નગર શેરી નં. ૧ના હરેશ ચાપરાજભાઇ ખાચર, નવાગામ બામણબોરના રમેશ વેરશીભાઇ પરમાર, કાળા પથ્થર ક્વાર્ટર આનંદનગર કોલોનીના કમલેશ પુનમચંદ ડોરીયા અને લલુડી વોંકળી સોરઠીયાવાડી સર્કલ પાસે રહેતાં તુલસી રાજુભાઇ સોલંકીને છરી સાથે નવાગામ, વાંકાનેર રોડ ખેરવા પાટીયા પાસે, બામણબોર,રાજકોટ અમદાવાદ હાઇવે ગોપાલ હોટેલ પાસે અને બામણબબોરના પાટીયા પાસેથી છરી સાથે પકડ્યા હતાં. આમ ખાસ કોમ્બીંગ નાઇટમાં પોલીસે કેસ નોંધવાની સદી ફટકારી દીધી હતી. તમામ પોલીસ સ્ટેશનોના થાણા ઇન્ચાર્જ અને ટીમોએ મોડી રાતથી સવાર સુધી આ કામગીરી કરી હતી.

---

### અમુક એવા હોય ગમે એટલી વાર પોલીસ પકડે તો પણ સુધરે જ નહિ

# સત્યાવીસ ગુનામાં સામેલ ચોરે છુટીને ફરી કરી ચોરી

## પોલીસે સીસીટીવી ફુટેજ ચેક કરી એમઓને આધારે શોધી કાઢ્યોઃ બીજી તરફ કારના કાચ તોડી બિલ્ડરના નવ લાખ અઢાર હજાર ભરેલી બેગ રેઈનકોટ પહેરીને આવેલા બે ચોર ચોરી ગયા



રાજકોટ,તા.૨૭

ગુનાઓ આચરીને ભાગી જતાં આરોપીઓને શોધી કાઢવાની ચાલી રહેલી ઝુંબેશ અંતર્ગત વધુ એક રીઢા ગુનેગારને પકડી લેવાયો હતો. સત્યાવીસ ગુનાઓમાં સામેલ રીઢા ગુનેગારે જેલમાંથી છુટ્યાની સાથે જ બંગલામાંથી ચોરી કરતાં તેને ઝડપી લેવાયો હતો. જો કે અન્ય એક ઘટનામાં તસ્કરો ફરી પોલીસને પડકાર ફેંકી બિલ્ડરની કારનો કાચ તોડી નવ લાખ અઢાર હજારની મત્તા ભરેલી બેગ ચોરી ગયા હતા.

વિગતો જોઈએ તો સુરતના પાલ, અડાજણ, રાંદેર, ઉમરા અને ખટોદરા જેવા વિવિધ પોલીસ સ્ટેશનોમાં ેચિંગ, ઘરફોડ ચોરી, સાદી ચોરી તથા પાસા સહિત કુલ ૨૭ જેટલા ગંભીર ગુનાઓમાં પકડાઈ ચૂકેલા રીઢા અને શાતિર આરોપી અસ્લમ ઉર્ફે પંચર સલીમ શેખને ઝડપી પાડવામાં આવ્યો છે. ગત ફેબ્રુઆરીમાં જ જેલમાંથી મુક્ત થયેલા આ રીઢા ગુનેગારે બહાર આવતા જ ફરી ગુનાખોરીનો માર્ગ અપનાવ્યો હતો.તેણે તાજેતરમાં તારીખ મોડી રાત્રે બેથી ત્રણ વાગ્યાના સુમારે વેશુ વિસ્તારમાં સોમેશ્વર ચાર રસ્તા પાસે આવેલ નિર્માણાધીન વાત્સલ્ય બંગ્લોઝના સ્ટોર રૂમમાંથી કેબલ વાયર, નળ ફિટિંગના કિંમતી બ્રાસના કન્સિલ તથા દરવાજાના મિજાગરાની ચોરી કરી હતી.

આ ચોરી આચર્યા બાદ તે પોતાના સાથીદાર સુફિયાન પઠાણ સાથે ઓટો રિક્ષામાં ફરાર થઈ ગયો હતો. સુરત શહેર ક્રાઇમ બ્રાન્ચની ટીમો જ્યારે શહેરમાં નાસતા-ફરતા આરોપીઓનું વર્કઆઉટ કરી રહી હતી, ત્યારે ઝોન સાત એન્ટી એક્સ્ટોર્શન સ્કોડના પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓને ચોક્કસ બાતમી મળી હતી. આ બાતમીના આધારે પોલીસે તાત્કાલિક જાળ બિછાવીને રાંદેરના બોરડી વિસ્તારમાં રહેતા આરોપી અસ્લમ ઉર્ફે પંચર સલીમ શેખને સુરત નવી સિવિલ હોસ્પિટલ પરિસરમાંથી કોર્ડન કરીને ઝડપી લીધો હતો. પૂછપરછ દરમિયાન આરોપીની ગુના આચરવાની ખાસ પદ્ધતિ સામે આવી હતી.. આરોપી પોતાના મિત્રો સાથે મળીને ઓટો રિક્ષામાં નીકળતો હતો અને રાત્રિના સમયે ખુલ્લા દરવાજા કે નિર્માણાધીન મકાનોની રેકી કરતો હતો. તક મળતાં જ મકાનમાં પ્રવેશી ઘરફોડ ચોરી આચરીને માલસામાન રિક્ષામા ભરીને પલાયન થઈ જવાની ટેવ ધરાવતો હતો. આરોપી અસ્લમ ઉર્ફે પંચર સલીમ શેખ સામાન્ય ચોર નથી, પરંતુ સુરત પોલીસ માટે લાંબા સમયથી માથાનો દુખાવો બનેલો રીઢો ગુનેગાર છે. અગાઉ તેની વિરુદ્ધ શહેરના અડાજણ, રાંદેર, ઉમરા, ખટોદરા, અલથાણ, પાલ, અમરોલી, અઠવાલાઈન્સ, વેશુ તથા સુરત રેલ્વે પોલીસ સ્ટેશનમાં ત્રેવીસથી વધુ ચોરી અને ેચિંગના ગુના નોંધાઈ ચૂક્યા છે. આ ઉપરાંત તેની અસામાજિક અને ગુનાહિત પ્રવૃત્તિઓને નાથવા માટે પોલીસે અગાઉ ચાર વખત પાસા તળે જેલભેગો કર્યો હતો. તેમ છતાં જેલમાંથી બહાર આવતા જ તે ફરીથી ચોરીના રવાડે ચડી ગયો હતો.

બીજી એક ચોરીની ઘટના જોઈએ તો વડોદરા શહેરના તરસાલી બાયપાસ વિસ્તારમાં ધોળા દિવસે કન્સ્ટ્રક્શન પર બિલ્ડર પોતાની કારમા રૂ.૯.૧૮ લાખની રોકડ રકમ અને મહત્વના દસ્તાવેજો મૂકી સાઇટ ઓફિસમાં ગયા હતા. થોડા સમય બાદ પરત ફરતા કારનો કાચ તૂટેલો અને રોકડ ભરેલી બેગ ગાયબ હતી. સીસીટીવી ચેક કરતા ફિલ્મી અંદાજમાં બાઈક પર રેઇનકોટ પહેરીને બે શખ્સ આવ્યા હતા અને કારનો કાચ તોડીને રોકડા રૂપિયા ૯.૧૮ લાખ અને દસ્તાવેજ ભરેલી બેગ લઈ જતા કંડારાઈ ગયેલા જોવા મળ્યા હતા. ફૂટેજ ના આધારે પોલીસે બે શખ્સોની શોધખોળ શરૂ કરી હતી. માંજલપુર વિસ્તારમાં રહેતા અને બિલ્ડર જીગરકુમાર પ્રવિણભાઈ વાળંદે નોંધાવેલી ફરિયાદ મુજબ તેઓસ્કોર્પિયો કાર લઈને તરસાલી બાયપાસ સ્થિત રામનાથ હાર્મોની સાઇટ પર પહોંચ્યા હતા. તેમની પાસે ઘરેથી લાવેલા રૂ. ૮ લાખ રોકડા હતા.

ત્યારબાદ તેઓ વાઘોડિયા રોડ પર આવેલી રામનાથ આઈકોન સાઇટ પર ગયા, જ્યાં કંપનીના સભ્ય પાસેથી વધુ રૂ.૯.૧૮ લાખ રોકડા લીધા હતા. પછી તેઓ ફરી તરસાલી સ્થિત સાઇટ પર આવ્યા અને રોકડથી ભરેલી કોફી કલરની બેગ કારમાં મૂકાવી હતી. બેગમાં રોકડ ઉપરાંત બેંકની પાંચ ચેકબુક, પાનકાર્ડ સહિતના મહત્વના દસ્તાવેજો પણ હતા. બપોરે ઘરે જવા નીકળતા કારનો પાછળનો કાચ તૂટેલો જોવા મળ્યો અને રોકડ રકમ અને દસ્તાવેજોની બેગ ગાયબ હતી. સાઇટના સીસીટીવી ફૂટેજ તપાસતાં બે અજાણ્યા શખ્સ કાળા રંગના રેઇનકોટ પહેરી નંબર પ્લેટ વગરની મોટરસાયકલ પર આવ્યા હોવાનું સામે આવ્યું હતું. તેમાં પાછળ બેઠેલો શખ્સ નીચે ઉતરી કારનો કાચ તોડી રોકડ અને દસ્તાવેજોથી ભરેલી બેગ લઈને પલાયન થઈ ગયા હતા. પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે બંને આરોપીઓને ઝડપી પાડવા તપાસ હાથ ધરી હતી.

---

### જામનગર રોડ પર પથિકા આશ્રમ પાસેથી ક્રાઈમ બ્રાન્ચે લોધિકાના મોટાવડા શખ્સને ૨.૫૦ લાખની ચોરાઉ રિક્ષા સાથે દબોચી લીધો

# ચોરેલી રીક્ષા સાથે તસ્કર ઝડપાયો



રાજકોટ, તા.૨૭

ત્રિકોણ બાગ વિસ્તારમાંથી ચોરાયેલી ૨.૫૦ લાખની સીએનજી ઓટો રિક્ષા સાથે ક્રાઈમ બ્રાન્ચની ટીમે મોટાવડા ગામના રીઢા તસ્કર મહેન્દ્ર ઉર્ફે કાનો મનસુખભાઈ મકવાણાને દબોચી લીધો છે.

ક્રાઈમ બ્રાન્ચના પી.આઈ. એ. એસ. ચાવડા, એમ. એલ. ડામોર અને સી. એચ. જાદવના માર્ગદર્શન હેઠળ ડી.સી.બી. પોલીસ સ્ટેશનના પીએસઆઈ વી.ડી. ડોડીયા અને તેમની ટીમ શહેર વિસ્તારમાં નાઈટ પેટ્રોલીંગમાં હતી. આ દરમિયાન હેડ કોન્સ્ટેબલ જયરાજભાઈ કોટીલા, ધારાભાઈ વાનરીયા અને રાહુલભાઈ ગોહેલને બાતમી મળી હતી કે ચોરાઉ રિક્ષા સાથે એક શખ્સ પસાર થઈ રહ્યો છે.

બાતમીના આધારે ક્રાઈમ બ્રાન્ચ પી.આઈ. એ.એસ. ચાવડા, એમ.એલ. ડામોર, સી.એચ. જાદવ, પીએસઆઈ વી.ડી. ડોડીયા, એ.એસ. આઈ. અમીતભાઇ અગ્રાવત, દબદબાસિંહ/દિગ્પાલસિંહ જાડેજા, હેડ કોન્સ્ટેબલ દિપકભાઇ ચૌહાણ, રાજેશભાઇ જળુ, પ્રદિપસિંહ જાડેજા, જયરાજભાઇ કોટીલા, ધારાભાઈ વાનરીયા, સંજયભાઇ રૂપાપરા, રાહુલભાઈ ગોહેલ અને કોન્સ્ટેબલ રાજેશભાઈ પટેલ સહિતની ટીમે વોચ ગોઠવી જામનગર રોડ પર આવેલા પથિકા આશ્રમ સામે જાહેર રોડ પરથી નીકળેલા મહેન્દ્ર ઉર્ફે કાનો મનસુખભાઈ મકવાણા (રહે. મોટાવડા ગામ, તા. લોધિકા,રાજકોટ) નામના શખ્સને ઝડપી લીધો હતો. પોલીસે તેમની પાસેથી જીજે ૦૩ સીટી ૯૨૫૬ નંબરની ૨.૫૦ લાખની રીક્ષા કબજે કરી, એ-ડિવિઝન પોલીસમાં નોંધાયેલ રીક્ષા ચોરીનો ગુનો ઉકેલી નાખ્યો છે. મહેન્દ્ર અગાઉ પણ એ ડીવીઝન અને બી ડીવીઝન પોલીસ ચોપડે ચડી ચુક્યો હોવાનું પોલીસે વધુ વિગતો આપી હતી.

**એ-ડિવિઝન પોલીસ સ્ટેશનમાં નોંધાયેલો વાહન ચોરીનો ગુનો ઉકેલાયો; પકડાયેલ આરોપી અગાઉ પણ ચોરીના ગુનાઓમાં પોલીસ ચોપડે ચડી ચૂક્યો છે**

### ગમે ત્યાં ગમે ત્યારે લુખ્ખાગીરી કરનારા કરી નાંખે છે ખેલ અને પોલીસને ફેંકે છે પડકાર

# ફાકી ખાવા પૈસા ન દેતાં યુવાનને માર મારી છરી ઝીંકાઇ

## રૂડાનગરમાં પૈસા ન દેતાં પતિએ પત્નિના માથામાં કુહાડો ઝીંક્યોઃ ઘરમાંથી રોકડ તેમજ પત્નિનું વાહન, મોબાઇલ લઇ ભાગી ગયો

રાજકોટઃ તા. ૨૭

શહેરના રૈયા ધાર વિસ્તારમાં અસામાજિક તત્વોનો ત્રાસ અને દાદાગીરી દિન-પ્રતિદિન વધી રહી હોય તેમ વધુ એક હુમલાનો બનાવ સામે આવ્યો હતો. રાત્રિના સમયે શાકભાજી લઈને ઘરે જઈ રહેલા એક નિર્દોષ શ્રમિક યુવક પાસે ફાકી ખાવાના પૈસા માંગી ત્રણ શખ્સોએ બોલાચાલી કરી હતી. પૈસા આપવાની સ્પષ્ટ ના પાડતાં ઉશ્કેરાયેલા હુમલાખોરોએ ગાળો ભાંડી ઢીકાપાટુનો માર મારી યુવક પર છરી વડે જીવલેણ હુમલો કરી લોહીલુહાણ કરી નાખ્યો હતો. આ લોહિયાળ બનાવ અંગે યુનિવર્સિટી પોલીસે કાર્યવાહી કરી હતી.વિગતો પર નજર કરીએ તો મુળ ઉત્તર પ્રદેશના વતની અને હાલ રાજકોટના રૈયા ધાર વિસ્તારમાં આવેલ સ્લમ ક્વાર્ટર સરકારી સ્કૂલ નં. ૫૧ની સામે રહેતો ફીરોઝ ગુલામભાઈ કાદીર નામનો એકવીસ વર્ષનો યુવાન કલરકામની મજૂરી કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે. તેની સાથે મોટો ભાઇ સલમાન કાદીર પણ રહે છે. રાત્રિના નવેક વાગ્યાના સુમારે ફિરોઝ શાકભાજી ખરીદીને પોતાના ઘરે ચાલીને જતો હતો. આ દરમિયાન તેઓ રૈયાધાર સરકારી સ્કૂલ નં. ૫૧ની પાછળના ભાગે પહોંચ્યા ત્યારે અચાનક ત્રણ શખ્સો તેમની પાસે આવ્યા હતા અને ફાકી ખાવા માટે પૈસાની માંગણી કરવા લાગ્યા હતા.

ફિરોઝે પોતાની પાસે પૈસા ન હોવાનું કહી પૈસા આપવાની ના પાડતાં ત્રણેય શખ્સો એકદમ ઉશ્કેરાઈ ગયા હતા અનેતેને જે મન પડે તેમ ગંદી ગાળો આપવા લાગ્યા હતા. તેણે ગાળો આપવાની ના પાડતાં ત્રણેય શખ્સો ભેગા મળીને તેને બેફામ ઢીકાપાટુનો માર મારવા લાગ્યા હતા. મારામારી વખતે આ શખ્સો એક બીજાના નામ બોલતાં હોઈ તેના નામોની ફિરોઝને ખબર પડી હતી. દરમિયાન આરોપીઓમાંથી દીપક નામના શખ્સે પોતાના કમરના નેફામાંથી તીક્ષ્ણ છરી કાઢી ફિરોઝ પર હુમલો કરી દીધો હતો.

દીપકે ફિરોઝના ડાબા પગના સાથળના ભાગે છરીનો એક ડો ઘા મારી દીધો હતો. ત્યારબાદ બીજો ઘા મારવા જતાં તેણે બચાવવાનો પ્રયાસ કરતાં છરી જમણા હાથની કોણી પાસે વાગતાં છરકો પડી ગયો હતો. લોહીલુહાણ હાલતમાં ફિરોઝે બુમાબુમ કરતાં આજુ બાજુ માંથી લોકો એકઠા થવા લાગ્યા હતા, જેથી પકડાઈ જવાના ડરે ત્રણેય હુમલાખોરો ઘટનાસ્થળેથી ભાગી છૂટ્યા હતા. ઘટના બાદ ઈજાગ્રસ્ત ફિરોઝ જેમતેમ કરીને પોતાના રૂમ સુધી પહોંચ્યો હતો અને પોતાના મોટા ભાઈ સલમાનભાઈ તથા મકાનમાલિક સહિતના લોકોને સમગ્ર બનાવની વિગત જણાવી હતી.



**રૈયાધાર સ્લમ ક્વાર્ટર નજીક બનાવઃ મુળ યુપીના રંગારા યુવાનની ત્રણ શખ્સો વિરૂધ્ધ એફઆઇઆરઃ તેના ભાઇએ જ આરોપીઓને પકડી પોલીસને સોંપ્યા**

ભાઈ સલમાન તેને તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલે લઈ જઈ રહ્યો હતો, ત્યારે જ રસ્તામાં રેલવે ધાર માર્કેટ પાસે હુમલો કરનાર ત્રણેય છોકરાઓ ઉભેલા જોવા મળ્યા હતા. ફિરોઝે તેને ઓળખી લઇ પોતાના ભાઇ સલમાનને જાણ કરતાં સલમાને અને બીજા લોકોએ ત્રણેયને પકડી પાડ્યા હતા અને તુરંત ૧૧૨ પર ફોન કરીને પોલીસને જાણ કરી હતી. પોલીસની ગાડી આવતાં જ ત્રણેય શખ્સોને પોલીસ સ્ટેશને લાવી કાર્યવાહી કરાઇ હતી. યુનિવર્સિટી પોલીસે ફિરોઝની ફરિયાદના આધારે આરોપી રોહિત, રાજેશ અને દીપક વિરૂધ્ધ ગુનો નોંધી કાર્યવાહી કરી હતી. આમ લુખ્ખાગીરીનો વધુ એક બનાવ સામે આવ્યો હતો.

મારામારીની બીજી એક ઘટનામાં પૈસા મામલે માથકુટ કરી પતિએ પત્નિને લોહીલુહાણ કરી નાંખી હતી. વિગતો જોઇએ તો કુવાડવા રોડ પર આવેલા રૂડાનગરમાં રહેતાં અલ્પાબેન અમિતભાઇ વાળા નામના આડત્રીસ વર્ષના મહિલાને તેના પતિ અમિત બાબુભાઇ વાળાએ ઝઘડો કરી માથામાં કુહાડાનો ઘા મારી દેતાં તેણી લોહીલુહાણ થઇ જતાં સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતાં.

વધુ વિગત મુજબ હુમલામાં ઘાયલ થયેલા અલ્પાબેનના કહેવા મુજબ તેને સંતાનમાં બે દિકરા છે. પોતે રૂડામાં નોનવેજ વેંચી ગુજરાન ચલાવ છે. પતિ અગાઉ બે વર્ષ પહેલા ઘર મુકી કોઇની સાથે ભાગી ગયો હતો. બે મહિના પહેલા જ સમાધાન થતાં તે ફરીથી સાથે રહેવા આવ્યો છે. પતિએ વાપરવા માટે પૈસા માંગતા પૈસા આપવાની ના પાડતાં કુહાડાથી હુમલો કર્યો હતો અને બાદમાં ઘરમાંથી પાંત્રીસ હજાર રોકડા તેમજ તેણીનો મોબાઇલ ફોન અને ટુવ્હીલર પર લઇને ભાગી ગયો હતો. બનાવની જાણ હોસ્પિટલ ચોકીના સ્ટાફે કુવાડવા રોડ પોલીસને કરી હતી. અલ્પાબેનના આક્ષેપો અંગે કુવાડવા રોડ પોલીસે તપાસ હાથ ધરી હતી.

### કલેશ કજીયા કંકાસને કારણે વધુ એક પરિવારનો માળો થયો વેરણછેરણ

# પતિની બીજી ઘરવાળી લાવવાની વાતે ત્રણ જીવ લીધા

## પરિણીતા બે સંતાનોને સાથે રાખે કેનાલમાં કૂદી મરી જવા મજબૂર થઇઃ પતિ, સાસરિયા સામે ગુનો દાખલ કરવામાં આવ્યો

રાજકોટઃ તા. ૨૭

દામ્પત્ય જીવનમાં જ્યારે જ્યારે દગાખોરી થાય ત્યારે સંસાર જીવનની ગાડી પાટા પરથી ખડી જાય છે. પતિ કે પત્નિ બેમાંથી કોઇપણ જો વિશ્વાસઘાત કરે અને પોતાના જીવનસાથીને છેતરીને આડાઅવળા સંબંધોમાં બંધાય તો તેનું પરિણામ માઠુ આવતું હોય છે. આવી જ એક ઘટના સામે આવી છે જેમાં પતિ બીજી પત્નિ લાવવાનું કહી સતત ત્રાસ આપતો હોવાથી પત્નિ બે સંતાનોને સાથે રાખી કેનાલમાં કુદી આપઘાત કરવા મજબૂર થઇ ગઇ હતી. આ ઘટનામાં પોલીસે માતા-બે સંતાનના મૃતદેહ કેનાલમાંથી હસ્તગત કરી અંતિમવિધી માટે સોંપ્યા બાદ આપઘાત કરનાર પરિણીતાના પિતાની ફરિયાદને આધારે પોલીસે કાર્યવાહી કરી હતી. જેમાં આ પરિણીતા પતિ તેમજ સાસરિયાના અનહદ ત્રાસ સામે મરી જવા મજબૂર થયાની વિગતો સામે આવી હતી.

વિગતો પર નજર કરીએ તો નડીયાદના ખેડા તાબેના મહુધાની પરિણીતાએ સાસરીયાના ત્રાસથી કપડવંજ નજીકની ફાતિયાબાદ કેનાલમાં સંતાનો સાથે પડી જીવન ટુંકાવ્યું હતુ. મહેમદાવાદના ઝાલભાઇની મૂવાડીમાં રહેતા ભાવના ઉર્ફે ભૂરી પરમારના ૨૦૧૫માં મહુધાના મહીસામાં રહેતા હિમાંશુ ચૌહાણ સાથે થયા હતા. ત્યારબાદ પરિણીતા સંયુક્ત કુટુંબમાં રહેતા હતા.આ દરમિયાન પરિણીતાએ બે સંતાનોને જન્મ આપ્યો હતો જેમાં દિકરા પિયુષ છ વર્ષનો અને દિકરી યુમના ચાર વર્ષની હતી. આ દરમિયાન સાસરીયાઓ છેલ્લા સાત વર્ષથી પરિણીતાને જમવાનુ બનાવતા આવડતું નથી કહી ત્રાસ આપતા હતા.



એટલુ જ નહિ તેનો પતિ પણ મારે તો બીજી ઘરવાળી લઇ આવવાની છે, તું પિયરમાં જતી રહેજે તેમ કહીને હેરાન પરેશાન કરી ત્રાસ ગુજારતો હતો. આ દરમિયાન સાસરીયાથી કંટાળી જઈ પરિણીતાએ પાંચ વર્ષ અગાઉ મહિલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપી હતી પરંતુ સમાજના આગેવાનોએ મધ્યસ્થી કરી સાસરીયા હેરાન નહીં કરે કહી સમાધાન કર્યુ હતુ. પરંતુ ફરી સાસરિયાઓએ પરિણીતાને ત્રાસ આપતા હતા. જેથી પરિણીતા કંટાળી જતા તેના બે સંતાનો સાથે કપડવંજ નજીકની ફતિયાબાદ કેનાલમાં પડી જીવન ટુંકાવ્યું હતુ. આ ઘટનાની જાણ પરિવારજનોને થતા પરિવારજનો ઘટના સ્થળે પહોંચ્યા હતા ત્યા પરિણીતાના ચંપલ અને થેલો મળ્યો હતો.જેથી પરિણીતા કેનાલમાં પડી હોવાનું માલૂમ પડયું હતુ. આ બાદ પરિણીતાના અને તેમના સંતાનોની કેનાલના પાણીમાં શોધખોળ કરતા વારાફરતી ત્રણેયની લાશ મળી આવતાં અરેરાટી વ્યાપી ગઇ હતી.

જો કે તરવૈયાઓને આ માતા-સંતાનોના મૃતદેહ શોધવા ત્રણ દિવસ પાણી ડખોળવું પડ્યું હતું. આ બનાવ અંગે મૃતક પરિણીતાના પાલક પિતા જુવાનસિંહ સોઢા પરમારે મહુધા પોલીસ મથકે પતિ,સાસુ અને સસરા સામે દુષ્પ્રુરણાની ફરિયાદ નોંધાવવામાં આવતાં તપાસ શરૂ થઇ હતી. બનાવના પરિણીતાની લાશ મળી આવી ન હતી પરંતુ તરવૈયાઓની તપાસ દરમિયાન એપ્રુજી ગામ પાસેની કેનાલમાંથી મળી આવી હતી. આમ પરિણીતા અને તેના બે સંતાનોની લાશ ઓગણસિત્તેર કલાક બાદ પરિવારજનોના હાથ લાગી હતી.આ બાદ ત્રણેય અંતિમ ક્રિયા કરાઈ હતી. આ પછી પોલીસે એફઆઇઆર દાખલ કરી હતી. આમ પતિના અન્ય પત્નિ ઘરમાં લાવવાના પ્રયાસો અને સાસરીયાના ત્રાસને કારણે પરિણીતા સંતાનો સાથે મરી જવા મજબૂર થતાં પરિવારનો માળો પિંખાઇ ગયો હતો.

# હડાળામાં ઘરમાં ચાલતાં જૂગારધામ પર ક્રાઇમ બ્રાંચ ત્રાટકીઃ ૯ પકડાયા

રાજકોટઃ તા. ૨૭

તાલુકાના રાજકોટ-મોરબી રોડ પર આવેલા હડાળા ગામે વિરાટ હોટલ પાછળ ગોકુલ મથુરા સોસાયટીમાં એક મકાનમાં જૂગારધામ ચાલી રહ્યું હોવાની બાતમી પરથી ડીસીબીની ટીમે દરોડો પાડી ઘરધણી સહિત ૯ને પકડી લઇ ૨૭૯૦૦ની રોકડ કબ્જે કરી હતી. ડીસીબીની ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે એએસઆઇ સમીરભાઇ શેખ, કોન્સ. મનિષભાઇ ચાવડાને બાતમી મળી હતી કે હડાળા ગામની ગોકુલ મથુરા સોસાયટીમાં રહેતો જાયદ આમદભાઈ વીરાણી પોતાના મકાનમાં બહારથી માણસો ભેગા કરી જુગાર રમાડી રહ્યો છે.

આ બાતમીના આધારે પોલીસ ટીમે તુરંત જાયદ વીરાણીના બે માળના પાકા મકાનમાં દરોડો પાડ્યો હતો. મકાન અંદર પ્રવેશતા રૂમમાં અમુક શખ્સો ગોળ કુંડાળું વળી ગંજીપાના વડે પૈસાની લેતી-દેતી કરી તીનપત્તીનો હારજીતનો જુગાર રમતા નજરે પડ્યા હતા.પોલીસે જાયદ તેમજ સુલ્તાન મહેબુબભાઈ ચોહાણ (ધંધો- ઈંડાની લારી, રહે. આર.એમ.સી. ક્વાર્ટર્સ, બ્લોક નં. ૧૦, રૂમ નં. ૬૨૨, નાના મવા સર્કલ), અજીત બહાઉદ્દીનભાઈ હોથી ( ધંધો- મજુરી, રહે. ભરતવન સોસાયટી, શેરી નં. ૧, જંગલેશ્વર), રજાક સુલેમાનભાઈ સમા (રીક્ષા ડ્રાઈવીંગ, રહે. ભગવતીપરા, શેરી નં. ૫, આશાબા પીર



રોડ, હુસૈની મસ્જીદ સામે), દાઉદ ભીખુભાઈ સમા (રીક્ષા ડ્રાઈવીંગ, રહે. હડાળા ગામ, તા.રાજકોટ), એઝાઝ ઈસ્માઈલભાઈ સંધી (મજુરી, રહે. હડાળા ગામ), જાહીદ પોપટભાઈ કાતીયાર (પ્રાઈવેટ નોકરી, રહે. ગોકુલનગર સોસાયટી, હડાળા), આફતાબ ભીખુભાઈ સંધી (ઉ.વ. ૨૩, મજુરી, રહે. બ્લોક નં. ૧૨, સેફીપાર્ક સોસાયટી, બદ્રીપાર્કની બાજુમાં, ભગવતીપરા) અને રીયાઝ દાઉદભાઇ ઉનડપોત્રા (રિક્ષા ડ્રાઇવીંગ રહે. મોચીનગર-૭, શીતલ પાર્ક)ને પકડી લઇ રોકડ રોકડ, ગંજીપાના કબ્જે લીધા હતાં. પીઆઇ એ. એસ. ચાવડાના માર્ગદર્શનમાં પીએસઆઇ વી. ડી. રાવલીયા અને ટીમ દ્વારા આ કામગીરી કરવામાં આવી હતી.

### સોશિયલ મિડીયાનો દુરૂપયોગ કરી વધુ એક લેભાગુએ કરી લીધો શિકાર

# છાત્રા સાથે દૂષ્કર્મ આચરી લાખોની મત્તા પડાવી

## છેલ્લે લગ્ન કરવાની ના પાડી દીધીઃ બીજી ઘટનામાં ફ્રેન્ડશીપની ના પાડનાર યુવતિના અશ્લીલ ફોટા બનાવી વેબસાઇટ પર અપલોડ કરી દેવાયા!

રાજકોટઃ તા. ૨૭

સોશિયલ મિડીયા થકી મિત્રતા કરીને પછી સગીરાઓને પ્રેમજાળામાં ફસાવી તેની જિંદગી બરબાદ કરી તરછોડી દેવાના કિસ્સા અવાર-નવાર બનતા જ રહે છે. વધુ એક આવો બનાવ સામે આવ્યો હતો જેમાં સત્તર વર્ષની સગીરાને સ્નેપચેટ, ઈન્સ્ટાગ્રામથી મિત્રતાની જાળમાં ફસાવી પછી તેની સાથે પ્રેમનું નાટક કરી લગ્નની લાલચ આપી વારંવાર દુષ્કર્મ આચરી લેવાયુ હતું. જો કે છેલ્લે લગ્ન કરવાની આ લેભાગુએ ના પાડી દીધી હતી. આ રિલેશનશીપ દરમિયાન ઢગાએ માત્ર શારીરિક નહિ આર્થિક શોષણ પણ કર્યુ હતું. દાગીના અને ત્રણેક લાખ રોકડા પણ તે સગરીા પાસેથી પડાવી ગયો હતો. આ ગુનો આચર્યા પછી ઢગાએ આગોતરા જામીન મેળવવા પ્રયાસ કર્યા હતાં. પરંતુ અદાલતે નામંજુર કરતાં તેને ઝડપી લેવાની તજવીજ હાથ ધરવામાં આવી હતી.

અવાર-નવાર લેભાગુ તત્વો સોશિયલ મિડીયાનો દુરૂપયોગ કરીને સગીરાઓને ફસાવતા હોવાના કિસ્સા બનતા રહે છે. પોલીસ આવા બનાવોમાં તત્કાળ કાર્યવાહી કરતી હોય છે. પરંતુ આમ છતાં આવી ઘટનાઓ અટકતી નથી તે પણ હકિકત છે. વધુ એક આવો બનાવ વાપીની સામે આવ્યો છે. સત્તર વર્ષીય સગીરા સાથે ેપચેટ, ઈન્સ્ટાગ્રામમાં મિત્રતા કેળવી તેને લગ્નની લાલચ આપી વારંવાર દુષ્કર્મ આચર્યા બાદ લગ્ન કરવા ના પાડી દેતા પોલીસમાં ફરિયાદ કરાઇ હતી. ધરપકડથી બચવા આરોપીએ આગોતરા અરજી કરતા કોર્ટે તેને ફગાવી દેવાનો હુકમ કર્યો હતો. વાપી ટાઉન વિસ્તારમાં રહેતી સત્તર વર્ષીય સગીરા કોલેજમાં ફર્સ્ટ યરમાં અભ્યાસ કરે છે.

દસેક મહિના પહેલા આ છાત્રાને સ્નેપચેટ અને ઈન્સ્ટાગ્રામ પર એક યુવકે મેસેજ મોકલ્યો હતો. જે બાદ બંને વચ્ચે મિત્રતા વધી હતી. સગીરાને મળવા માટે બોલાવી ડુંગરામાં મિત્રના ઘરે લગ્નની લાલચ આપી આરોપીએ બળજબરીથી દુષ્કર્મ આચર્યું હતું. જે બાદ અલગ અલગ સ્થળે તેની સાથે દુષ્કર્મ કરતા સગીરાએ આ વાત તેની માતાને જણાવી લગ્ન કરવાની વાત કરી હતી. માતાએ હા



પાડતા આરોપી તેમને મળવા આવ્યો હતો અને માતા સાથે વાત કરી લગ્ન કરવા જણાવી રહ્યો હતો. આ વચ્ચે ચાઈનાથી ઘડિયાળ લાવી વાપીમાં વેચીશું તો ખૂબ જ ફાયદો થશે કહી સગીરાના માતા પાસેથી તેણે ત્રણ લાખ રોકડા લીધા હતા. તેમજ સગીરા પાસેથી ૨૪ ગ્રામ સોનાના દાગીના અઢી લાખના પણ લઇ ગયો હતો. પાછળથી લગ્ન કરવા માટે ના પાડી દાગીના અને રોકડા પણ ચૂકવ્યા ન હતા.

આ પછી છેલ્લે સગીરાની માતાએ આરોપી અશરફ હુસૈન મનકડ વિરૂધ્ધં દુષ્કર્મ, પોક્સોની ફરિયાદ નોંધાવી હતી. આ કેસમાં આરોપી અશરફ મનકડે વાપીના પોક્સો એક્ટ હેઠળના સ્પેશિયલ જજ ડો. એચ. એન. વકીલ સમક્ષ પોલીસ ધરપકડથી બચવા માટે આગોતરા જામીન અરજી કરતા ડીજીપી અનિલ ત્રિપાઠીની દલીલો ગ્રાહ્ય રાખી કોર્ટે તેને નામંજૂર કરવાનો હુકમ કર્યો હતો. હવે આ હવસખોર શખ્સની ધરપકડ કરવા પોલીસે કાર્યવાહી કરી હતી.

બીજી એક ઘટના જોઇએ તો વડોદરાના સાવલીના દોડકા ગામના અજય રાઠોડે યુવતીના નામે ઈન્સ્ટાગ્રામ પર ફેક આઈડી બનાવી અશ્લીલ ફોટા અપલોડ કર્યા હતા. ભાદરવા પોલીસે આરોપીને ઝડપી પાડ્યો હતો. યુવતીએ મિત્રતાનો ઈનકાર કરતા, આરોપીએ તેના ફોટા પાડી સગાઈ તૂટે તે માટે અપલોડ કર્યા હતા. અગાઉ પણ આરોપી સામે છાણી પોલીસ મથકમાં બે ગુના નોંધાયા હતાં. યુવતીના નામે ખોટું ઈન્સ્ટાગ્રામ આઈડી બનાવી અશ્લીલ ફોટા અપલોડ કરવાના ગુનામાં નાસતા ફરતા આરોપીને ભાદરવા પોલીસે ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. સાવલી તાલુકાના એક ગામમાં રહેતી યુવતીના નામનું ખોટું આઇ.ડી. બનાવી ઈન્સ્ટાગ્રામ પર બીભત્સ ફોટા અપલોડ કરવામાં આવ્યા હતા. આ મામલે ભાદરવા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઇ હતી. આ ગુનામાં પોલીસે આરોપી અજય વિનુભાઇ રાઠોડને ઝડપી પાડયો છે. પોલીસના જણાવ્યા અનુસાર, આરોપીએ યુવતીને મિત્રતા માટે ઓફર કરી હતી. પરંતુ, યુવતીએ ના પાડી હતી. જેથી, આરોપીએ ચોરીછૂપીથી યુવતીના ફોટા પાડયા હતા. યુવતીની સગાઈ પણ થઈ ગઇ હતી. યુવતીએ ફ્રેન્ડશિપ કરવાની ના પાડતા આરોપીએ હુમલો કર્યો હતો અને બાદમાં નકલી આઈડીથી તેણીને બદનામ કરી હતી.

બેફામ ઝડપે અંધાધૂંધ વાહન હંકારનારા ચાલકો વારંવાર બને છે લોકો માટે જોખમી

# નોકરી પુરી કરી ઘરે જતાં પ્રૌઢને ટ્રકે કચડી માર્યા

## માંડા ડુંગર નજીક બનાવઃ અકસ્માત સર્જી ચાલક ટ્રક સાથે ભાગી ગયોઃ બીજી ઘટનામાં બીમારીથી કંટાળી એંસી વર્ષના વૃધ્ધાએ લટકીને મોત મેળવ્યુંઃ ત્રણ બનાવમાં બેભાન હાલતમાં યુવાન, વૃધ્ધા, મહિલાના મૃત્યુ થયા



રાજકોટઃ તા. ૨૭

જીવલેણ વાહન અકસ્માતની વધુ એક ઘટના સામે આવી હતી. જેમાં હિટ એન્ડ રનના બનાવમાં એક પ્રૌઢ પગપાળા જતાં હતાં ત્યારે ટ્રકનો ચાલક ઉલાળીને ભાગી જતાં તેમનું મૃત્યુ થયું હતું. બીજી ઘટનામાં એક વૃધ્ધાએ બીમારીથી કંટાળી જઇ ગળાફાંસો ખાઇ મોત વ્હાલુ કર્યુ હતું. અન્ય ત્રણ ઘટનામાં વૃધ્ધા, મહિલા, યુવાનના બેભાન થઇ ગયા બાદ મૃત્યુ થયા હતાં. આમ પાંચ પરિવારોએ પોતાના સ્વજનો ગુમાવી દેતાં કલ્પાંત વ્યાપી ગયો હતો.

પ્રથમ ઘટનાની વિગતો જોઇએ તો આજીડેમ ચોકડીથી માંડા ડુંગરના રસ્તે સર્વિસ રોડ પર હિટ એન્ડ રનની ઘટનામાં માંડા ડુંગર પાસે સુંદરમ્ સોસાયટીમાં રહેતાં પ્રજાપતિ પ્રૌઢનું મૃત્યુ થયું છે. ફેકટરીના બગીચામાં માળી તરીકે નોકરી કરતાં પ્રૌઢ નોકરી પુરી કરી પગપાળા ઘરે જતાં હતાં ત્યારે ટ્રકનો ચાલક ઠોકરે લઇ ભાગી જતાં તેમનું મૃત્યુ થયું હતું. માંડા ડુંગર નજીક સુંદરમ્ સોસાયટીમાં રહેતાં ગુર્જર પ્રજાપતિ અઠાવન વર્ષના રવજીભાઇ વાલજીભાઇ પરમાર-ગુર્જર પ્રજાપતિ સાંજે સાડા પાંચેક વાગ્યે માંડા ડુંગર નજીક ભવાની કારખાના પાસે સર્વિસ રોડ પર ચાલીને ઘર તરફ આવતાં હતાં ત્યારે ટ્રકનો ચાલક ઠોકરે લઇ ભાગી જતાં ગંભીર ઇજાઓ થઇ હતી.

બનાવને પગલે લોકો ભેગા થઇ જતાં રવજીભાઇના કુટુંબીજનોને જાણ કરવામાં આવી હતી. રવજીભાઇને સારવાર માટે જી. ટી. શેઠ ઓર્થોપેડિક હોસ્પિટલમાં ખસેડાયા હતા. ત્યાંથી વધુ સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં રીફર કરાયા હતાં. પરંતુ અહિ રાત્રીના મૃત્યુ થયું હતું. બનાવની જાણ હોસ્પિટલ ચોકીના સ્ટાફે આજીડેમ પોલીસને કરી હતી. મૃત્યુ પામનાર રવજીભાઇ ત્રણ ભાઇ અને ત્રણ બહેનમાં નાના હતાં. સંતાનમાં એક દિકરી અને બે દિકરા છે. પોતે ભવાની કારખાના પાસે બગીચામાં માળી તરીકે નોકરી કરતાં હતાં. નોકરી પુરી થતાં ઘરે આવી રહ્યા હતાં ત્યારે ટ્રકનો ચાલક ઠોકરે ચડાવી ટ્રક લઇ ભાગી ગયો હતો. આજીડેમ પોલીસે ટ્રકચાલકને શોધવા તપાસ શરૂ કરી હતી.

બીજી એક ઘટના જોઇએ તો દોઢસો ફુટ રીંગ રોડ રૈયા ટેલિફોન એક્ષચેન્જ પાછળ સોમનાથ સોસાયટીમાં રહેતાં ૮૦ વર્ષના વૃધ્ધાએ ઘરના નવેળાની જાળીમાં દોરી બાંધી ટેબલ પર ચઢી ગળાફાંસો ખાઇ આપઘાત કરી લીધો હતો. સોમનાથ સોસાયટી -૩માં રહેતાં રંજનબેન રસિકભાઇ વાળા નામના એંસી વર્ષના વૃધ્ધાએ ઘરમાં કોઇ નહોતું ત્યારે નવેળાની જાળીમાં દારી બાંધી ટેબલ પર ચઢી ગળાફાંસો ખાઇ લીધો હતો.

થોડી જ વારમાં તેમના દિકરા બહારથી ઘરે પહોંચ્યા ત્યારે માતાને લટકતા જોઇ તુરત જ નીચે ઉતારી બેભાન હાલતમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડ્યા હતાં. પરંતુ અહિ તબિબે ટુંકી સારવાર બાદ તેમને મૃત જાહેર કરતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે યુનિવર્સિટી પોલીસને જાણ કરી હતી. આપઘાત કરનારા રંજનબેનને સંતાનમાં ચાર દિકરી અને એક દિકરો છે. તેમને ડાયાબીટીશ, બ્લડપ્રેશરની બિમારી હતી. છએક મહિનાથી શ્વાસની અને ચક્કરની બિમારી પણ લાગુ પડી હતી. આનાથી કંટાળી જઇ પગલુ ભરી લીધાનું બહાર આવ્યું હતું.

જ્યારે બેભાન હાલતમાં યુવાન સહિત ત્રણના મૃત્યુ થયા હતાં તેની વિગતો જોઇએ તો કુબલીયાપરા-૩માં રહેતો આડત્રીસ વર્ષનો જીતેશભાઇ બાબુભાઇ સારોલીયા ઘરે બિમારીને કારણે બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. પરંતુ ઓહ મૃત્યુ થતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. હોસ્પિટલ ચોકીના સ્ટાફે થોરાળા પોલીસને જાણ કરી હતી.

જ્યારે નવા થોરાળા પાસે અવધ પાર્ક-રમાં ૮૦ ફુટ રોડ પર રહેતાં મણીબેન મગનભાઇ પરમાર નામના ત્રેસઠ વર્ષના વૃધ્ધા સાંજે ઘરે બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ તેમનું મૃત્યુ થતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. હોસ્પિટલ ચોકીના સ્ટાફે થોરાળા પોલીસને જાણ કરી હતી. તેઓ કેટલાક સમયથી બિમાર રહેતાં હતાં.

આ ઉપરાંત ત્રીજા બનાવમાં ગાંધીગ્રામ ભારતીનગરમાં રહેતાં મંજુલાબેન વિનોદભાઇ ડાભી નામના ત્રેપન વર્ષના મહિલા ઘરે કેન્સરની બિમારીને કારણે બેભાન થઇ જતાં સિવિલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. બનાવની જાણ હોસ્પિટલ ચોકીના સ્ટાફે ગાંધીગ્રામ પોલીસને કરી હતી. મૃતકને સંતાનમાં ત્રણ દિકરા છે. આમ પાંચ પરિવારોએ અલગ અલગ ઘટનામાં સ્વજનોને ગુમાવી દીધા હતાં.

સોશિયલ મિડીયામાં રીલ જોઇ લિંક પરથી એપસ્ટોરમાં જઇ એપ ઇન્સ્ટોલ કરી

# રોકાણ પર રોજેરોજ નફાની લાલચમાં છેતરાયા

## વેપારી, તેના ભાઇ, પત્નિ અને દિકરીએ રોકાણ પર શરૂઆતમાં નાણા મેળવ્યાઃ પછી અચાનક જ એપ જ બંધ થઇ ગઇઃ બીજી તરફ વર્ક વિઝાના નામે વધુ એક યુવાન સાથે થઇ પચ્ચીસ લાખની ઠગાઇ

રાજકોટઃ તા. ૨૭

ઓનલાઇન રોકાણ કરીને કમાણી કરો, ખુબ મોટુ વળતર મેળવો આ પ્રકારની અલગ અલગ લલચામણી જાહેરાતો રીલ્સ વગેરે સોશિયલ મિડીયા પર સતત જોવા મળે છે. જો કે આમાંની અનેક અને મોટા ભાગની આવી લલચામણી જાહેરાતો સાયબર ગઠીયાઓએ મુકેલી હોય છે. અનેક લોકો આવી રીલ્સ, એડ જોઇને જે તે લિંક પર ક્લીક કરે છે અને જાળમાં ફસાઇ લાખો ગુમાવે છે. વધુ એક વેપારી સાથે આ રીતે ઠગાઇ થઇ હતી. જેમાં તેમને મોબાઇલ એપ ડાઉનલોડ કરાવડાવી રોજેરોજ કમાણી કરાવી આપવાના નામે છેતરી લેવાયા હતાં.

વિગતો પર નજર કરીએ તો શિનોરના એક વેપારી પરિવારે ગૂગલ પ્લે સ્ટોર પરથી ડાઉનલોડ કરેલી એલઇટી એપ્લિકેશન દ્વારા પૈસા કમાવવાની લાલચમાં મોટી રકમ ગુમાવી છે. અસ્લમબાનુ મેમણે શિનોર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી કે તેમણે, તેમના ભાઈ, પત્નિ અને પુત્રીએ કુલ એક લાખ ચોર્યાસી હજાર જમા કરાવ્યા હતા. શરૂઆતમાં પૈસા મળ્યા, પરંતુ બાદમાં એપ બંધ થઈ ગઈ અને છ્યાંસી હજાર બસ્સો રૂપિયા પાછા મળ્યા નથી.

પોલીસ સુત્રોએ જણાવ્યું હતું કે ગુગલ પ્લે સ્ટોરમાંથી ડાઉનલોડ કરેલી એપ્લિકેશનમાં રોજે રોજ રૂપિયા કમાવાની લાલચમાં શિનોરના વેપારી પરિવારે




મોટી રકમ ગુમાવ્યા બાદ ભેજાબાજે એપ બંધ કરી દીધી હતી. શિનોરના મુખ્ય બજારમાં કાપડનો ધંધો કરતા અસ્લમબાનુ ગફુરભાઇ મેમણે અજાણ્યા શખ્સ સામે શિનોર પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે મારા નાનાભાઇ વસીમ અકરમે સોશિયલ મિડીયામાં આવેલી લિંક કે રીલ જોઇને બાદમાં પ્લે સ્ટોરમાંથી એલઆઇટી નામની એપ્લિકેશન ડાઉનલોડ કરી હતી.આ એપમાં એવી લાલચ અપાઇ હતી કે જ તમે જે તે રકમ ડિપોઝીટ કરશો તેમાં તમને રોજેરોજ નફો મળશે. આથી અમે ડીપોઝીટ પેટે શરૂઆતમાં ૨૫૨૦૦ જમા કરાવ્યા હતાં જેની સામે રોજ બેન્ક એકાઉન્ટમાં .૯૦૦ જમા થતા હતાં તેવી વાત મને કરતા હું પણ લાલચમાં ફસાયો હતો. મેં તેમજ મારી પત્નિ અને પુત્રીએ પણ આ એપ્લિકેશન પોતાના મોબાઇલમાં ડાઉનલોડ કરી રૂપિયા ડિપોઝીટ પેટે જમા કરાવ્યા હતાં. તેની સામે શરૂઆતમાં પૈસા જમા થતા હતાં પરંતુ બાદમાં ખબર પડી કે કેટલીક રકમ બેંકમાં સીઝ થઇ ગઇ છે જેથી બેન્કમાં જઇને તપાસ કરતા જાણવા મળ્યું હતું કે એપ બંધ થઇ ગઇ છે અને મારી સાથે સાયબર ફ્રોડ થયું છે.

તેમણે ફરિયાદમાં જણાવ્યું છે કે મે, મારા ભાઇ, પત્નિ અને પુત્રીએ કુલ જમા કરાવેલી ડિપોઝીટની રકમ પૈકી અઠાણુ હજાર પરત મળ્યા છે જ્યારે છ્યાંસી હજાર બસ્સો પાછા મળ્યા નહોતાં. આમ ઓનલાઇન રોકાણના નામે આ નવતર ઠગાઇ થઇ ગઇ હતી.બીજી તરફ વિઝાના નામે ઠગાઇના બનાવો ચાલુ જ રહ્યા હતાં. ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના પાલૈયા ગામના ૨૬ વર્ષીય ખેડૂત યુવકને કેનેડાના સ્ટુડન્ટ વિઝા અપાવવાની લાલચ આપી ૨૪.૯૨ લાખની માતબર રકમની છેતરપિંડી આચરવામાં આવી હોવાનો ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો હતો.

આ મામલે બોપલ ખાતે આવેલી ઁબી.આર. કન્સલ્ટન્સીઁની મહિલા એજન્ટ વિરૂધ્ધ કાર્યવાહી થઇ હતી. ચાર વર્ષ પહેલાં કૃણાલે તેના માસા હિતેષભાઈ પટેલ સમક્ષ કેનેડા ભણવા જવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. ત્યારબાદ માસા મારફતે ભુમિકાબેન સાથે સંપર્ક થતાં દહેગામના વેદ સ્ટુડિયો ખાતે મિટિંગ થઈ હતી. તે સમયે વિઝા મેળવવાની -ોસેસ માટે યુવકે શરૂઆતમાં ગૂગલ પે અને આરટીજીએસ મારફતે રૂ. ૫૫,૦૦૦ ચૂકવ્યા હતા. આ પછી મહિલા એજન્ટે પોતાની ઓફિસે બોલાવી વિઝા ખર્ચ પેટે અલગ-અલગ ઓનલાઈન ટ્રાન્ઝેક્શનથી રૂ.૨૨.૯૨ લાખ અને રૂ. ૨ લાખ રોકડા મળીને કુલ રૂ. ૨૪.૯૨ લાખ મેળવી લીધા હતા.

આ રકમ મેળવ્યા બાદ એજન્ટ ભુમિકાબેને વિશ્વાસ કેળવવા માટે સ્ટેમ્પ પેપર પર સોગંદનામું કરી આપ્યું હતું અને કેનેડાની આઇસીઆઇસીઆઇ બેંકમાં ૧૦,૧૭૫ ડોલર જમા થયાનો લેટર તથા યુનિવર્સિટી ઓફ સસ્કેચવનના કન્ડીશનલ ઓફર લેટર ઈ-મેઈલ મારફતે મોકલ્યા હતા.

જોકે બાદમાં યુવકને શંકા જતાં તેણે જાતે તપાસ કરાવતા બેંકમાં કોઈ એકાઉન્ટ ન હોવાનું અને યુનિવર્સિટીમાં પણ કોઈ એડમિશન ન થયાનું સામે આવ્યું હતું. આખરે પોતાની સાથે ઠગાઈ થઈ હોવાનો અહેસાસ થતાં યુવકે પૈસા પરત માંગ્યા હતા. જે ન અપાતાં ઠગાઈની ફરિયાદ નોંધાવાઇ હતી.




# નશાની હાલતમાં બકાલીએ શરીરે કર્યા બ્લેડથી છરકા

## રૈયાધારનો બનાવઃ પત્નિ સાથે માથાકુટ કર્યા બાદ ખેલ કર્યા

રાજકોટઃ તા. ૨૭

નશાની હાલતમાં ઘણીવાર લોકો ન કરવાનું કરી લેતાં હોય છે. આવી જ એક ઘટનામાં રૈયાધારમાં રહેતાં કિશન રાજુભાઇ જમનપરીયા નામના ત્રીસ વર્ષના દેવીપુજક યુવાને રાતે બારેક વાગ્યે પોતાના જ શરીરે બ્લેડથી છરકા કરી લેતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડ્યો પડ્યો હતો. વધુ વિગત મુજબ કિશન બકાલુ વેંચી ગુજરાન ચલાવે છે અને ચાર બહેન, બે ભાઇમાં મોટો છે. તેને સંતાનમાં એક દિકરો અને એક દિકરી છે. પત્નિ કાજલબેને કહ્યું હતું કે પતિ કિશન અગાઉ કદી દારૂ પીતા નહિ, હાલમાં રવાડે ચડી ગયા છે. રાતે નશો કરી માથાકુટ કરી મરી જવાનું રટણ કરતાં પોતે તેને ઠપકો આપી સમજાવતી હોઇ માઠુ લાગી જતાં બ્લેડની છરકા કરી લીધા હતાં. હોસ્પિટલ ચોકીના સ્ટાફે યુનિવર્સિટી પોલીસને જાણ કરતાં જરૂરી કાર્યવાહી કરવામાં આવી હતી.

# પ્રધુમનનગર પોલીસના બે દરોડાઃ જુગટૂ રમતાં ૬ મહિલા સહિત ૧૭ પકડાયા

## ઠક્કરબાપા હરિજનવાસમાં ઘરમાં અને શ્રોફ રોડ પર ક્વાર્ટર નજીક પટમાં જામી હતી જૂગારની રંગત

રાજકોટઃ તા. ૨૭

જૂગારની મોસમ હાલમાં ધીમે ધીમે ખીલી રહી છે. વધુ બે દરોડામાં પ્રદ્યુમનનગર પોલીસે છ મહિલાઓ સહિત સત્તરને પકડયા હતાં. એક દરોડો ઠક્કરબાપા હરિજનવાસમાં ઘરમાં ચાલતા જૂગારધામમાં પડ્યો હતો અને બીજો દરોડો શ્રોફ રોડ પર સરકારી ક્વાર્ટર નજીક પટમાં પાડાવમાં આવ્યો હતો. બંને દરોડામાં થઇ બેતાલીસ હજારથી વધુની રોકડ કબ્જે થઇ હતી.વિગતો પર નજર કરીએ તો જાણવા મળ્યા મુજબ પ્ર.નગર પોલીસ સ્ટેશનની ડી. સ્ટાફની ટીમો પેટ્રોલીંગમાં હતી ત્યારે ઠક્કરબાપા હરિજનવાસ-૬માં રહેતાં રાજેશ ભીખુભાઇ ગોહેલ પોતાના મકાનમાં બહારથી માણસો બોલાવીને નાલના પૈસા ઉઘરાવી જુગારધામ ચલાવે છે તેવી બાતમી મળતાં પોલીસે દરોડો પાડી તેના સહિત ૧૧ની ધરપકડ કરી હતી. પોલીસે રાજેશ ગોહેલ તેમજ શંકર મીઠાભાઇ શીગાળા (રહે. ઠક્કરબાપા હરિજનવાસ શેરી નં. ૫/૬), મહેશ જીવાભાઈ મકવાણા (રહે. ભોમેશ્વર, ભુતનાથ મંદિર પાસે), રામજી પ્રેમજીભાઈ બેરડીયા (રહે. ભોમેશ્વર, ભુતનાથ મંદિર પાસે), આકાશ ગણપતભાઈ પરમાર (રહે. ઠક્કરબાપા હરિજન વાસ શેરી નં. ૨)ને પકડી લેવાયા હતાં.આ તમામની સાથે પ્રભાબેન રાજેશભાઈ ગોહેલ (રહે. ઠક્કરબાપા હરિજન વાસ શેરી નં. ૨), કાજલબેન મહેશભાઈ મકવાણા (રહે. ભોમેશ્વર, ભુતનાથ મંદિર પાસે), રૂપાબેન મુકેશભાઈ મકવાણા (રહે. સીતાજી ટાઉનશીપ, જીવરાજ પાર્ક પાસે), ચંદાબેન ગણપતભાઈ પરમાર (રહે. ઠક્કરબાપા હરિજન વાસ શેરી નં. ૨), અંબીકાબેન શંકરભાઈ શીંગાળા (રહે. પરસાણા નગર શેરી નં. ૯) અને વીજ્યાબેન રાજુભાઈ ઝાલા (રહે. પરસાણા નગર શેરી નં. ૧૧) નામની મહિલાઓ પણ પત્તા ટીચતી હોઇ તમામને પકડી રોકડા રૂ. ૧૮,૯૮૦ કબ્જે કર્યા હતાં.આ ઉપરાંત બીજો દરોડો શ્રોફ રોડ પર કલેક્ટર કચેરી સામે આવેલા સરકારી ક્વાર્ટરની ખુલ્લી જગ્યામાં દરોડો પાડવામાં આવ્યો હતો. ત્યાંથી પોલીસે સત્યમ પાર્ક શેરી નં. ૪, મોરબી રોડ ખાતે રહેતા રણજીત રતીલાલ મકવાણા, અમરદીપનગર શેરી નં. ૩ એરપોર્ટ રોડ ખાતે રહેતા રાહુલ પરસોત્તમભાઈ નૈયા, ૧૯૭/એ સરકારી ક્વાર્ટર શ્રોફ રોડ ખાતે રહેતા રાહુલ બીપીનભાઈ પરમાર, ગુલાબનગર-૩, અમીત એપાર્ટમેન્ટ સામે શ્રોફ રોડ ખાતે રહેતા મુળ નેપાળના સાગર ગોપાલભાઈશાહી, અમૃતા એપાર્ટમેન્ટ સામે શ્રોફ રોડ ખાતે રહેતા ભુપેન્દ્ર રાજેશભાઈ ગોહેલ અને ભગવતીપરા બંધુલીલા ચોક પાસે રહેતા વિમલ રમેશભાઈ રાઠોડને પકડી રૂા. ૨૩,૨૮૦ કબજે કર્યા હતા. પીઆઇ એમ. ડી. મકવાણાની સુચનાથી પીએસઆઇ એસ. ડી. કોઠીવાર, તૌફિકભાઇ મંધરા, રીયાઝભાઇ ભીપોત્રા, તૌફિકભાઇ જુણાચ, ચાંપરાજભાઇ ખવડ, એમ. સી. જાડેજા સહિતે આ દરોડા પાડી કાર્યવાહી કરી હતી.

જન્મ લેનાર દરેક જીવને પરલોકનું તેડુ આવેઃ ક્યારે કયા સ્થળે એ નથી હોતું નક્કી

# તાવા પ્રસાદ લીધા પછી PGVCL કર્મીનું હૃદય પડ્યું બંધ

## હનુમાન મઢી પાસે રહેતાં કર્મચારી રાજપીપળા સાથી અધિકારીઓ, કર્મીઓ સાથે ગયા ત્યારે બનાવઃ બીજી ઘટનામાં રાજકોટથી ભુજ જઇ રહેલા વૃધ્ધની કાર સ્પીડ બ્રેકર પર ઉછળતાં મણકામાં ગંભીર ઇજા થવાથી મૃત્યુ થયું

રાજકોટઃ તા. ૨૭

અપમૃત્યુની બે અલગ અલગ ઘટનામાં એક કિસ્સામાં રૈયાર રોડ પર રહેતાં પીજીવીસીએલના કર્મચારીનું સરધારન નજીકના ગામમાં માતાજીના તાવા પ્રસાદમાં ગયા ત્યારે હૃદય ધબકારા ચુકી જવાથી મૃત્યુ થયું હતું. તો અન્ય બનાવમાં રાજકોટના વૃધ્ધ ભુજ જતાં હતાં ત્યારે મોરબી પાસે કાર સ્પીડબ્રેકર પર ઉછળતાં તેમને કમરના મણકામાં ગંભીર ઇજા થતાં મૃત્યુ થયું હતું. વિગતો પર નરજ કરીએ તો કાળા માથાના માનવીને ગમે ત્યારે કાળનો ભેટો થઇ જાય છે. મૃત્યુ ક્યારે અને કેવી રીતે તથા કયા સમયે થશે તેની કાળા માથાના માનવીને જાણ હોતી નથી. રૈયા રોડ હનુમાન મઢી પાસે રહેતાં પીજીવીસીએલના કર્મચારીનું સરધાર નજીક રાજપીપળા ગામે તાવા પ્રસાદ લેવા ગયા બાદ હૃદય બેસી જતાં મૃત્યુ થયું છે. કચેરીના જ એક સાથી કર્મચારીએ તાવો રાખ્યો હોઇ તેમાં પ્રસાદ લેવા માટે કર્મચારીઓ, અધિકારીઓ ગયા હતાં. પ્રસાદ લીધા બાદ આ કર્મચારી કારમાં બેઠા ત્યા જ હાર્ટએટેક આવ્યો હતો અને એ જીવલેણ નીવડ્યો હતો. હનુમાન મઢી નજીક તિરૂપતીનગર-૩માં રહેતાં અઠાવન વર્ષના દિપકભાઇ ચંદુભાઇ લહેરૂ સરધાર નજીક રાજપીપળા ગામે આવેલા મંદિર પાસે કારમાં બેઠા ત્યારે એકાએક પરસેવો વળવા માંડતા અને છાતીમાં દુઃખાવો થવા લાગતાં સાથી તુરત જ રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. હાર્ટએટેક ચાલુ હોઇ તેમને સારવાર માટે દાખલ કરાયા હતાં. પરંતુ ટુંકી સારવાર બાદ દમ તોડી દેતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે કોટડાસાંગાણી પોલીસને જાણ કરી હતી. પોલીસે જરૂરી કાર્યવાહી કરી મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું. વધુ વિગત મુજબ મૃત્યુ પામનાર દિપકભાઇ લહેરૂ બેડીનાકા



પીજીવીસીએલ કચેરી ખાતે ફરજ બજાવતાં હતાં. તેઓ એક બહેનથી નાના હતાં. સંતાનમાં એક કિદરી છે. તેમના પત્નિનું નામ જૈનાબેન અને બહેનનું નામ જ્યોતિબેન છે. કચેરીના સાથી કર્મચારીએ ગઇકાલે રાજપીપળા માતાજીના મંદિર ખાતે તાવા પ્રસાદનું આયોજન કર્યુ હોઇ દિપકભાઇ બીજા અધિકારીઓ, કર્મચારીઓ મળી સાતેક લોકો સાથે રાજપીપળા તાવા પ્રસાદ લેવા ગયા હતાં. પ્રસાદ લઇને પરત આવવા કારમાં બેઠા ત્યાં જ તબિયત બગડી હતી. સારવાર માટે તુરત ખેસેડાયા હતાં. પરંતુ જીવ બચ્યો નહોતો. આ બનાવથી લહેરૂ પરિવારમાં અને સાથી કર્મચારીઓ, અધિકારીઓમાં શોક છવાઇ ગયો હતો.બીજી એક ઘટના જોઇએ તો મોરબીમાં સનાળા રોડ પર સ્પીડ બ્રેકર પર કાર ઉછળતાં અંદર બેઠેલા રાજકોટના વૃધ્ધને કમરના મણકામાં ઇજા થતાં ટંકારા સારવાર અપાવી રાજકોટ ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થતાં પરિવારમા ગમગીની વ્યાપી ગઇ હતી. વધુ માહિતી અનુસાર કુવાડવા રોડ ગ્રીનલેન્ડ ચોકડી પાસે દ્વારકાધીશ હોટેલ પાછળ મોરબી હાઇવે પર રહેતાં મનુભા ગુમાનસિંહ જાડેજા નામના એકસઠ વર્ષના વૃધ્ધ વીસમી તારીખના રોજ કારમાં બેસીની ભુજ તરફ જતાં હતાં.તેઓ મોરબીમાં સનાળા રોડ પર હોન્ડાના શો રૂમ પાસે પહોંચ્યા ત્યારે અચાનક સ્પીડ બ્રેકર આવતાં તેમાં કાર ઉછળતાં તેમને કમરના મણકામાં ગંભીર ઇજા થઇ હતી. તબિયત બગડતાં ટંકારા હોસ્પિટલમાં અને ત્યાંથી વધુ સારવાર માટે રાજકોટ ખાનગી હોસ્પિટલમાં દાખલ કરાયા હતાં. પરંતુ અહિ સારવારમાં મૃત્યુ થતાં હોસ્પિટલ મારફત જાણ થતાં ગાંધીગ્રામ પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી. બનાવથી પરિવારમાં શોક છવાઇ ગયો હતો.

### રાજકોટમાં નાણાકીય ભીંસ કે વ્યાજખોરીના ત્રાસથી પગલું ? તે અંગે તપાસ

# યોગેશ્વર પાર્કમાં પતિ, પત્ની, પુત્રનો સામુહિક આપઘાત

## સાધુ વાસવાણી રોડ પરના યોગેશ્વર પાર્કમાં PWDના નિવૃત્ત કર્મચારી, પત્ની અને પુત્રએ જીવન ટૂંકાવતાં સમગ્ર રાજકોટમાં ઘેરા શોકની કાલિમા






રાજકોટ, તા.૨૭

રંગિલા રાજકોટ શહેરમાં આજે એક એવી કાળજું કંપાવી દે તેવી અને અરેરાટીભરી ઘટના સામે આવી છે, જેણે સમગ્ર શહેરને હચમચાવી મૂક્યું છે. સાધુ વાસવાણી રોડ પર આવેલા યોગેશ્વર પાર્કમાં રહેતા ડ્ઢ્ઉના નિવૃત્ત કર્મચારી, તેમના પત્ની અને પુત્રએ ઘરમાં જ કાતિલ ઝેરી દવા ગટગટાવી સામૂહિક આપઘાત કરી લેતાં ત્રણેયના મોત નીપજ્યાં છે. પહેલાં ગૃહિણીનું મોત થયા બાદ આઈસીયુમાં ઝિંદગી સામે જંગ લડી રહેલા પિતા અને પુત્ર પણ ગણતરીની મિનિટોમાં જ મોતને શરણે થઈ જતાં ખખ્ખર પરિવારના સગાવ્હાલાઓ અને પડોશીઓમાં ભારે કલ્પાંત વ્યાપી ગયો છે.

બનાવની પ્રાપ્ત થતી વિગતો અનુસાર, યોગેશ્વર પાર્કમાં રહેતા અને માર્ગ-મકાન વિભાગ (ડ્ઢ્ઉ)માંથી નિવૃત્ત થયેલા દિલીપભાઈ નટવરલાલ ખખ્ખર, તેમના પત્ની સ્મિતાબેન ખખ્ખર અને પુત્ર નિશીત ખખ્ખરે આજે કોઈ અગમ્ય કારણોસર પોતાના ઘરમાં જ એકસાથે ભયંકર ઝેરી દવા ગટગટાવી લીધી હતી. બનાવની જાણ આસપાસના લોકોને થતાં જ યોગેશ્વર પાર્ક વિસ્તારમાં દોડધામ અને અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. સ્થાનિક લોકોએ તાત્કાલિક સ્થળ પર પહોંચી ૧૦૮ એમ્બ્યુલન્સ અને પોલીસને જાણ કરી હતી.

ઘટનાની જાણ થતાં જ ૧૦૮ની ટીમ અને પ્રદ્યુમનનગર પોલીસ સ્ટેશનના પી.આઈ. એમ. ડી. મકવાણા સહિતનો પોલીસ કાફલો તુરંત સ્થળ પર દોડી આવ્યો હતો. ત્રણેય સભ્યોને તાત્કાલિક સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જોકે, હોસ્પિટલ પહોંચે તે પૂર્વે જ સ્મિતાબેન ખખ્ખરનું કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું.

બીજી તરફ, દિલીપભાઈ અને તેમના પુત્ર નિશીતની સ્થિતિ પણ અત્યંત નાજુક હોવાથી તબીબો દ્વારા તેઓને હોસ્પિટલના ઈઈઝ વિંગમાં વેન્ટિલેટર સપોર્ટ પર રાખી જીવ બચાવવા માટે સતત ભગીરથ પ્રયાસો કરવામાં આવ્યા હતા. પરંતુ ઝેરની અસર સજીવ શરીર પર એટલી ઝડપથી ફરી વળી હતી કે તબીબોની તમામ કારગત નિષ્ફળ નિવડી હતી. ગણતરીની મિનિટોના અંતરે જ પિતા દિલીપભાઈ અને પુત્ર નિશીત પણ મોતને શરણે થઇ ગયા હતા. એક જ પરિવારના ત્રણ-ત્રણ સભ્યોએ કાતિલ દવાના સહારે જીવન ટૂંકાવી નાખ્યાની ખબર વાયુવેગે પ્રસરતાં સ્થાનિકોના મુખેથી અરેરાટીભર્યો હાયકારો સરી પડ્યો હતો.

એક જ પરિવારના ત્રણેય સભ્યોના આપઘાતની ઘટનાની ગંભીરતાને ધ્યાને લઈ ઉચ્ચ પોલીસ અધિકારીઓનો કાફલો ઘટનાસ્થળે તેમજ હોસ્પિટલ દોડી ગયો હતો. પોલીસે મૃતદેહોને પીએમ (પોસ્ટમોર્ટમ) અર્થે ખસેડી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાથમિક તપાસમાં બહાર આવ્યા મુજબ, ખખ્ખર પરિવાર છેલ્લા કેટલાક સમયથી ભારે નાણાકીય ભીંસ અને આર્થિક મુશ્કેલીઓમાંથી પસાર થઈ રહ્યો હતો. જોકે, પોલીસે હવે એ દિશામાં ઊંડાણપૂર્વક તપાસ શરૂ કરી છે કે આ ખોફનાક પગલું માત્ર સામાન્ય આર્થિક સંકટના કારણે ભરાયું છે કે પછી તેની પાછળ કોઈ વ્યાજખોરોનો અસહ્ય ત્રાસ કે ધમકીઓ જવાબદાર છે? ઘરમાંથી કોઈ સુસાઈડ નોટ મળી છે કે કેમ તથા પરિવાર સાથે જોડાયેલા અન્ય માનસિક કે કૌટુંબિક પરિબળો અંગે પણ પોલીસે ઝીણવટભરી વિગતો એકત્રિત કરવાની શરૂઆત કરી છે.એક જ ઘરમાંથી એકસાથે ત્રણ-ત્રણ અર્થીઓ ઊઠતાં યોગેશ્વર પાર્ક સહિત સમગ્ર રાજકોટ શહેરમાં ભારે શોક, કંપારી અને ચિંતાની કાલીમા છવાઈ ગઈ છે.

---

### ૨૪ લાખના શંકાસ્પદ બિલ છતાં રાજકોટ મનપા 'મહેરબાન'

# વિવાદાસ્પદ બાલાજી એન્ટરપ્રાઈઝને બ્લેકલિસ્ટ કરવાને બદલે પધરાવાયો નવો કોન્ટ્રાક્ટ!

**દંડ કે તપાસના બદલે રેડ કાર્પેટ; મનપાની 'કથની અને કરણી' વચ્ચેનો તફાવત છતો થયો**



રાજકોટ, તા. ૨૭

રાજકોટ મહાનગરપાલિકામાં વધુ એક સિક્રેટ 'મિક્સિંગ' અને મહેરબાનીનો ખેલ સામે આવ્યો છે, જ્યાં મિશન જંગલેશ્વર ડિમોલિશન દરમિયાન ૨૪ લાખ રૂપિયાનું શંકાસ્પદ બિલ બનાવીને ચર્ચામાં આવેલી એજન્સીને દંડ કે બ્લેકલિસ્ટ કરવાના બદલે તંત્ર દ્વારા રેડ કાર્પેટ પાથરીને નવો જ કોન્ટ્રાક્ટ પધરાવી દેવામાં આવ્યો છે! એક તરફ રાજકોટના મેયર અને પદાધિકારીઓ ભ્રષ્ટાચાર સામે શૂન્ય સહિષ્ણુતા અને પારદર્શિતાની મોટી મોટી વાતો કરી રહ્યા છે, તો બીજી તરફ ગ્રાઉન્ડ રિયાલિટી કંઈક અલગ જ ચિત્ર બતાવી રહી છે.

જંગલેશ્વર વિસ્તારમાં મનપા દ્વારા હાથ ધરવામાં આવેલી બુલડોઝર કાર્યવાહી અને ડિમોલિશન કામગીરી દરમિયાન 'બાલાજી એન્ટરપ્રાઈઝ' નામની એજન્સી દ્વારા રજૂ કરવામાં આવેલું ૨૪ લાખ રૂપિયાનું બિલ ભારે વિવાદમાં સપડાયું હતું. કામગીરીના વાસ્તવિક ખર્ચ સામે આ બિલ અત્યંત શંકાસ્પદ હોવાના આક્ષેપો સાથે મનપાના વિરોધ પક્ષ અને જાગૃત નાગરિકોમાં મોટો હંગામો મચ્યો હતો. પરંતુ રાજકોટ મનપાના વહીવટદારોએ આ તમામ નિયમો બાજુ પર મૂકીને 'બાલાજી એન્ટરપ્રાઈઝ' સામે કોઈ સખત પગલાં લેવાને બદલે તેમને નવું કામ સોંપીને આશ્ચર્યજનક મહેરબાની દર્શાવી છે.

આ સમગ્ર મામલે હવે શાસક પક્ષ અને ખાસ કરીને શહેરના મેયર સામસામે સવાલોના ઘેરાવમાં આવી ગયા છે. એક બાજુ મનપાના મંચ પરથી 'પ્રજાના એક-એક રૂપિયાનો હિસાબ' અને 'કોઈપણ પ્રકારની ગેરરીતિ સહન નહીં કરાય' જેવી ગુલબાંગો ફેંકવામાં આવે છે, તો બીજી તરફ વિવાદોમાં ઘેરાયેલી કંપનીને જ ફરીથી કામ આપી દેવાતા મનપાની કથની અને કરણી વચ્ચેનો તફાવત છતો થઈ ગયો છે. રાજકોટની પ્રજા હવે આ પ્રશ્નોના સીધા જવાબ માગી રહી છે. જો આ મામલે તટસ્થ તપાસ કરીને વિવાદાસ્પદ કોન્ટ્રાક્ટ રદ કરવામાં નહીં આવે અને જવાબદારો સામે કાર્યવાહી નહીં થાય, તો આગામી દિવસોમાં આ મુદ્દો રાજકીય રીતે વધુ ગરમાય તેવી પૂરેપૂરી શક્યતા છે. જો કોઈ એજન્સી કે કંપનીનું કામ કે બિલ શંકાસ્પદ જણાય તો તેની સામે તપાસ સમિતિ નીમવામાં આવે છે.કામગીરીમાં ગડબડ કે અતિશયતા જણાય તો એજન્સીને દંડ ફટકારીને બ્લેકલિસ્ટ કરવાની કાર્યવાહી હાથ ધરાય છે.

#### મનપાના ઉચ્ચ અધિકારીઓની ભૂમિકા શંકાના ઘેરામાં

એક તરફ તંત્ર કૌભાંડની તપાસના નાટક કરી રહ્યું છે, તો બીજી તરફ કૌભાંડના આક્ષેપોથી ઘેરાયેલી કંપનીને જ ફરીથી કામગીરી સોંપવામાં આવતા મનપાના ઉચ્ચ અધિકારીઓની ભૂમિકા શંકાના ઘેરામાં આવી ગઈ છે. પાલિકાના કોઈ ભ્રષ્ટ અધિકારીના 'ચાર હાથ' આ કંપની પર હોવાની ચર્ચાઓ પણ શહેરમાં જોરશોરથી ચાલી રહી છે, જેના કારણે સામાન્ય જનતા અને વિરોધ પક્ષોમાં રોષ જોવા મળી રહ્યો છે.

#### તપાસમાં ગેરરીતિ જણાશે તો ટેન્ડર રદ્દ થશે

વિવાદાસ્પદ એજન્સીને નવો કોન્ટ્રાક્ટ સોંપવાના વિવાદ અંગે સાંસ્કૃતિક વિભાગના ચેરમેન મનીષ ભટ્ટે પક્ષ મૂકતાં સ્પષ્ટતા કરી હતી કે, જૂની બોડી વખતે પ્રક્રિયા થઈ ગત મે માસમાં નવી બોડી અસ્તિત્વમાં આવી તે પહેલાં જ આ ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. હાલના તબક્કે આ ટેન્ડરમાં એક પાર્ટી માત્ર ક-૧ (સૌથી ઓછું ભાવપત્રક આપનાર) તરીકે સામે આવી છે, કામ સોંપાઈ ગયું નથી. આ સમગ્ર દરખાસ્ત હજુ સ્ટેન્ડિંગ કમિટી સમક્ષ મંજૂરી અર્થે આવશે, જ્યાં તમામ પાસાંઓની ઝીણવટભરી ચકાસણી કરાશે. જો તપાસ દરમિયાન ટેન્ડર પ્રક્રિયામાં નિયમોનું ઉલ્લંઘન કે કોઈ ગેરરીતિ સામે આવશે, તો આ ટેન્ડર તુરંત રદ્દ કરીને નવેસરથી રિ-ટેન્ડર કરવામાં આવશે.

#### 'નિયમ મુજબ ક-૧ને કામ મળે, છતાં કોઈ ગેરરીતિ હશે તો ચકાસી લઈશ'

સમગ્ર વિવાદ અંગે રાજકોટના મેયર ડો. નેહલ શુક્લએ મનપાનો પક્ષ રજૂ કરતાં જણાવ્યું હતું કે, પરંપરા મુજબ પ્રક્રિયાઃ સામાન્ય રીતે નિયત પ્રક્રિયા મુજબ જ કામગીરી થતી હોય છે. ટેન્ડરમાં સૌથી ઓછો ભાવ (ક-૧) આપનારને કામ સોંપવાની નીતિ રહી છે. ગેરરીતિ ન હોય તો પગલાં કેમ? જો ટેન્ડર પ્રક્રિયા યોગ્ય જાહેરાત આપીને નિયમ મુજબ કરાઈ હોય અને તેમાં કોઈ ગેરરીતિ ન જણાય, તો કાયદાકીય રીતે પગલાં લેવાનો પ્રશ્ન જ ઊભો થતો નથી. વર્તમાનપત્રોમાં જાહેરાત આપ્યા વગર જ પ્રક્રિયા પૂરી કરી દેવાઈ હોવાનો મુદ્દો માધ્યમો દ્વારા મારા ધ્યાને આવ્યો છે, તેની યોગ્ય વિગતો હું ચોક્કસ ચકાસી લઈશ. મારી પાસેની પ્રાથમિક માહિતી મુજબ તમામ નિયમોનું પાલન થયું છે, છતાં ટેન્ડર ખૂલ્યા બાદ જ સાચી અને વાસ્તવિક માહિતી સામે આવશે.

---

# રૂખડિયા પરામાં યુવાનની ક્રૂર હત્યા

**ચા પીવાના બહાને બોલાવી મિત્રએ છરીના ઘા ઝીંક્યા, ઘર પાસે લાશ ફેંકી શખ્સો ફરાર**

રાજકોટ,તા.૨૭

રંગિલા રાજકોટ શહેરમાં ગુનાખોરીની ઘટનાઓમાં ચિંતાજનક વધારો થઈ રહ્યો છે, ત્યારે શહેરના રૂખડિયા પરા વિસ્તારમાં એક અત્યંત સનસનાટીભરી હત્યાની ઘટના સામે આવી છે. અહીં કલરકામ કરી પરિવારનું ગુજરાન ચલાવતા ૨૩ વર્ષીય નિર્દોષ યુવાનની તેના જ મિત્રે ચા પીવાના બહાને ઘરેથી બોલાવીને છરીના ઘા ઝીંકી નિર્મમ હત્યા કરી નાખી છે. હત્યા કર્યા બાદ આરોપીઓ યુવાનને બેભાન હાલતમાં તેના ઘર પાસે ફેંકીને બાઈક પર ફરાર થઈ ગયા હતા. આ બનાવથી સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર મચી જવા પામી છે.

> "કલરકામના રોકડ રૂપિયા અને સોનાની ચેન ગાયબ હોવાનો પરિવારનો આક્ષેપ; પ્રદ્યુમનનગર પોલીસે ગુનો નોંધી આરોપીઓને ઝડપી લેવા ચક્રો ગતિમાન કર્યા"

ઘટનાની મળતી વિગતો અનુસાર, રૂખડિયા કોલોની, ચામુંડા પાન પાસે, જગાભાઈના ખાડા વિસ્તારમાં રહેતો અને પિતા સાથે કલરકામની મજૂરી કરતો ઉમંગ જગદીશભાઈ જાખેલીયા (ઉં.વ. ૨૩) નામનો યુવાન પોતાના ઘરે હાજર હતો. બપોરે આશરે અઢી વાગ્યાના અરસામાં તેનો જ મિત્ર નબીર જુસબભાઈ નગામણા તેને ચા પીવાના બહાને બોલાવીને સાથે લઈ ગયો હતો.

ત્યારબાદ મોડી સાંજે આસિફ નામનો શખ્સ અને અન્ય એક અજાણ્યો ઈસમ ઉમંગને લોહીલુહાણ અને બેભાન હાલતમાં તેના ઘર પાસે ફેંકીને બાઈક પર સવાર થઈને નાસી છૂટ્યા હતા. ગંભીર રીતે ઘવાયેલા ઉમંગને પરિવારજનો અને સ્થાનિકો દ્વારા તાત્કાલિક અસરથી સારવાર અર્થે સરકારી હોસ્પિટલે ખસેડવામાં આવ્યો હતો, પરંતુ ત્યાં હાજર તબીબોએ તેને તપાસીને મૃત જાહેર કર્યો હતો.

મૃતક ઉમંગના શરીર પર છરી જેવા તીક્ષ્ણ હથિયારના ઊંડા ઘા મળી આવ્યા હોવાથી આ સ્પષ્ટપણે હત્યાનો મામલો હોવાનું સામે આવ્યું હતું. ઘટનાની જાણ થતાં જ પ્રદ્યુમનનગર પોલીસ મથકના પીઆઈ એમ.ડી. મકવાણા સહિતનો કાફલો તુરંત જ હરકતમાં આવ્યો હતો. બનાવની ગંભીરતાને ધ્યાને લઈને ડીસીપી રાકેશ દેસાઈ તથા ડીસીપી ક્રાઈમ જગદીશ બાંગરવા સહિતના ઉચ્ચ પોલીસ અધિકારીઓ ઘટનાસ્થળે અને હોસ્પિટલ દોડી ગયા હતા. પોલીસે ગુનો નોંધીને પંચનામું કરી મૃતદેહને પીએમ અર્થે ખસેડવાની કાર્યવાહી હાથ ધરી હતી.

મૃતક ઉમંગ બે ભાઈ અને બે બહેનોના પરિવારમાં બીજા નંબરનો પુત્ર હતો અને પોતાના પિતા સાથે મહેનત-મજૂરી કરીને પરિવારને આર્થિક રીતે મદદરૂપ થતો હતો. પરિવારજનોએ ગંભીર આક્ષેપ કરતા જણાવ્યું છે કે, ઉમંગ પાસે કલરકામના ઓર્ડરના એડવાન્સ મળેલા રોકડા રૂપિયા હતા તેમજ તેના ગળામાં પહેરેલી સોનાની ચેન પણ ગાયબ છે.

પરિવારજનોના મતે પૈસા અને દાગીના લૂંટી લેવાના ઈરાદાથી જ આ ક્રૂર હત્યાને અંજામ આપવામાં આવ્યો છે. પરિવારે નબીર સહિતના તમામ ગુનેગારોને તત્કાળ ધરપકડ કરી કડકમાં કડક સજા કરવાની માંગ કરી છે. હાલ તો પ્રદ્યુમનનગર પોલીસે આ હત્યા નાણાકીય લેતી-દેતી કે લૂંટના ઈરાદે કરવામાં આવી છે કે પછી કોઈ જૂની અંગત અદાવતમાં, તે તમામ દિશાઓમાં ઊંડાણપૂર્વક તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

---

# ગેરકાયદે સ્થળ ફેરફાર કરી વાલીઓને છેતરતી ન્યૂ ફ્લોરા - અંબિકા વિદ્યાલય પર DEOની ધોંસ

**શિક્ષણ વિભાગને 'ઉલ્ટા ચશ્મા' પહેરાવ્યા : બોગસ એડમિશનનો પર્દાફાશ થતાં સંચાલકોમાં ફફડાટ, આજે સુનાવણી**




રાજકોટ તા. ૨૭

રાજકોટમાં અક્ષરજ્ઞાન આપવાના નામે વેપલો ચલાવતી મિશનરી અને ખાનગી શાળાઓની દાદાગીરી હવે ચરમસીમાએ પહોંચી છે. નિયમોની ઐસી-તૈસી કરીને મંજૂરી વગર જ સ્થળ ફેરફાર કરી લેવો અને ગેરકાયદેસર રીતે વિદ્યાર્થીઓના 'બોગસ એડમિશનો' ઠોકી બેસાડવાનો મોટો રાફળો ફાટ્યો છે. શિક્ષણ વિભાગને અંધારામાં રાખીને મોટો ખેલ પાડી દેનાર ન્યૂ ફ્લોરા સ્કેવર અને અંબિકા વિદ્યાલયના સંચાલકોની ચાલાકી હવે પકડાઈ ગઈ છે. સમગ્ર મામલે જિલ્લા શિક્ષણ અધિકારી કચેરી દ્વારા કડક વલણ અપનાવવામાં આવ્યું છે અને આજે બંને શાળાના સંચાલકોને રુબરૂ 'હિયરિંગ' માટે સમન્સ પાઠવવામાં આવ્યું છે.શિક્ષણ વિભાગના નાકની નીચે જ વિદ્યાના ધામમાં કાયદાના ધજાગરા ઉડાવતી આ શાળાઓ સામે હવે કેવા આકરા પગલાં લેવાય છે તેના પર સૌની નજર મંડાયેલી છે. આ ઘટનાએ રાજકોટના હજારો વાલીઓ માટે પણ આંખ ઉઘાડનારો કિસ્સો પૂરો પાડ્યો છે. માત્ર ઝાકઝમાળ અને મોટો કમ્પાઉન્ડ જોઈને બાળકના ભવિષ્યની સોંપણી કરી દેતા વાલીઓએ હવે શાળાની સરકારી માન્યતા અને સ્થળની મંજૂરી ચકાસવી અનિવાર્ય બની ગઈ છે. આજે થનારી સુનાવણીમાં શિક્ષણ વિભાગ આ કૌભાંડી શાળાઓની માન્યતા રદ કરે છે કે પછી માતબર દંડ ફટકારીને દાખલો બેસાડે છે તે જોવું રહ્યું.શિક્ષણ વિભાગ દ્વારા જે ચોક્કસ જગ્યા, સર્વે નંબર કે બિલ્ડિંગ માટે શાળા ચલાવવાની મંજૂરી (NOC) આપવામાં આવી હતી, તે જગ્યાને બદલે સંચાલકોએ બારોબાર અન્ય સ્થળે જ શાળા ઊભી કરી દીધી! આટલું જ નહીં, જે વર્ગખંડો અને ક્ષમતાની મંજૂરી જ નહોતી, ત્યાં પણ સેંકડો વિદ્યાર્થીઓને એડમિશન ઠોકી બેસાડીને લાખો રૂપિયાની ફી ઉઘરાવી લેવામાં આવી છે.

આ બાબતે હાલ જિલ્લા શિક્ષણ અધિકારી દીક્ષિત પટેલ દ્વારા તપાસ ચાલી રહી છે ત્યારે ૨૮ જુલાઈના બંને સ્કૂલના સંચાલકોનું હિયરિંગ રાખવામાં આવ્યું છે. આ બાબતે ન્યૂ ફ્લોરા સ્કૂલના સંચાલકનો સંપર્ક થઈ શક્યો ન હતો જ્યારે અંબિકા વિદ્યાલયના સંચાલક હેતલ પટેલે જણાવ્યું હતું કે, જે સ્કૂલમાં અમને શિક્ષણ વિભાગ દ્વારા માન્યતા મળી છે તે જ સ્કૂલમાં વિદ્યાર્થી અભ્યાસ કરે છે. એક લિવિંગ સર્ટિમાં એડ્રેસમાં ભૂલ થઈ છે જે બીજી વખત નહીં કરીએ.

#### કાગળ પર કંઈક બીજું, ને જમીન પર ખેલ જુદો!'

સંચાલકોએ શિક્ષણ વિભાગ સમક્ષ જે સ્થળની મંજૂરી દર્શાવી હતી, તેને બદલે બારોબાર અન્ય સ્થળે જ શાળા ખડકી દીધી! શિક્ષણ વિભાગના ચોપડે નોંધાયેલા સરનામા અને ખરેખર ચાલતી શાળાના સરનામા વચ્ચે જમીન-આસમાનનો ફરક. બિનઅધિકૃત જગ્યાએ ચાલતી વર્ગખંડોને લીધે જો કોઈ દુર્ઘટના બને તો જવાબદાર કોણ? અધિકારીઓને ગેરમાર્ગે દોરીને વર્ષોથી આ કાળાબજાર ચલાવવામાં આવતું હોવાનો ઘટસ્ફોટ.

#### એડમિશનના નામે મોટો ખેલઃ વાલીઓના ખિસ્સા ખાલી

શાળા પાસે જે વર્ગોની કે જે સંખ્યાની મંજૂરી નહોતી, તેવા વર્ગો ઉભા કરી દેવાયા. વાલીઓને અંધારામાં રાખીને 'બ્રાન્ડ'ના નામે લાખો રૂપિયાની ફી ઉઘરાવી લેવાઈ. ગેરકાયદેસર એડમિશન લેનાર નિર્દોષ વિદ્યાર્થીઓના ભવિષ્ય પર હવે રોલ નંબર અને માન્યતાને લઈને લટકતી તલવાર જોવા મળી છે.

#### DEO સમક્ષ 'અગ્નિપરીક્ષા': શું શાળાની માન્યતા રદ થશે?

ઉઊઘ કચેરી દ્વારા ન્યૂ ફ્લોરા અને અંબિકા વિદ્યાલયના ટ્રસ્ટીઓ-સંચાલકોને તમામ કાગળો સાથે હાજર રહેવા આદેશ. સુનાવણી પૂર્વે જ પોતાના ગુના છુપાવવા માટે સંચાલકો ગતિવિધિઓ તેજ કરી રહ્યા હોવાની ચર્ચા જાગી છે .જો માત્ર 'પેનલ્ટી' મારીને કે 'કાગળ પર નોટિસ' આપીને મામલો રફે-દફે કરાશે તો વાલી મંડળો દ્વારા ઉગ્ર આંદોલનની ચીમકી પણ ઉચ્ચારવામાં આવી છે.

## શિક્ષણ વિભાગની બેવડી નીતિ ચર્ચાનો વિષય

ગેરકાયદે એડમિશન અને સ્થળ ફેરફાર કૌભાંડમાં 'ભીનું સંકેલવાનો' ખેલ ? મોટે ઉપાડે દેકારો કરનારા વિદ્યાર્થી સંગઠનો પણ અચાનક પાણીમાં બેસી જતાં વાલીઓમાં ઉગ્ર રોષ

> અંબિકા વિદ્યાલયના સંચાલકને હિયરિંગનું સમન્સ, તો 'પ્રીમિયર'ના સંચાલક પર મહેરબાની કેમ?

રાજકોટમાં બોગસ એડમિશનો અને મંજૂરી વગર સ્થળ ફેરફાર કરીને શાળાઓ ચલાવવાના ગંભીર કૌભાંડમાં જિલ્લા શિક્ષણ અધિકારી કચેરીની કારવાઈ હવે શંકાના ઘેરામાં આવી છે. અંબિકા વિદ્યાલય અને ન્યૂ ફ્લોરા મામલે તંત્ર દ્વારા ધમાધમ નોટિસો ફટકારીને હિયરિંગ ગોઠવવામાં આવી રહી છે, પરંતુ આ જ પ્રકારની ગેરરીતિમાં સંકળાયેલી 'પ્રીમિયર સ્કૂલ' સામે આંખ આડા કાન કરીને તેના સંચાલકોને સમન્સમાંથી કેમ બાકાત રખાયા? તે સવાલ હવે શિક્ષણ જગતમાં જોરશોરથી ગાજી રહ્યો છે. એટલું જ નહીં, શરૂઆતમાં મીડિયા સામે આવીને આંદોલનની મોટી-મોટી ડંફાસો મારનારા અને 'વિદ્યાર્થી હિત'ના નામે સૂત્રોચ્ચાર કરનારા વિદ્યાર્થી સંગઠનો પણ અચાનક બેકફૂટ પર આવી જઈને શા માટે ઠંડા પડી ગયા? તે અંગે પણ અનેક સવાલો ઉભા થયા છે. જે સંગઠનો શાળાના દરવાજે તાળા મારવાની અને ઉગ્ર આંદોલનની ચીમકીઓ આપતા હતા, તેઓ હવે ઉઊઘ કચેરીના ચક્કર મારવાનું પણ બંધ કરી દીધું છે.

આ મામલે જ્યારે ડીઇઓ સાથે ટેલિફોનિક વાતચીત કરવામાં આવી તો તેઓએ કહ્યું કે પ્રાઈમરી રિપોર્ટમાં ઘણી ખરી વાત સ્પષ્ટ થતી નથી પરિણામ સ્વરૂપે સુનવણી રાખવામાં આવી છે અને ન્યુ ફ્લોરા અને અંબિકા વિદ્યાલયના સંચાલકને બોલાવવામાં આવ્યા છે જ્યારે તેઓને પૂછવામાં આવ્યું કે પ્રીમિયર શાળા કેમ નહીં તે સમયે તેઓએ જણાવ્યું કે આ શાળા માટેની કોઈ ફરિયાદ મળી નથી પરંતુ વિદ્યાર્થી સંગઠન દ્વારા જે અરજી કરવામાં આવી હતી તેમાં સ્પષ્ટ પ્રીમિયર શાળાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે ત્યારે જિલ્લા શિક્ષણ અધિકારી દ્વારા કેમ બેવડી નીતિ અપનાવવામાં આવી રહી છે તે અંગે અનેક સવાલો ઉઠ્યા છે.